અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ જુલાઈ ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ સુદ ૬
વર્ષ : ૧૫
અંક : ૩૪૨
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ០૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

વીજળીએ લીધો ખુલ્લામાં કામ કરતા લોકોનો જીવ । પૂરના કારણે ઘણા શહેરોમાં પાણી ભરાઈ જવાના કારણે લોકોને હાલ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે

# યુપીમાં ભારે વરસાદના પગલે મોતનું તાંડવ : ૩૮ના મોત

## પૂરના કારણે ઘણા શહેરોમાં પાણી ભરાઈ જવાના કારણે લોકોને હાલ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે : વીજળી પડવાને કારણે ૧૧ના મોત

। દેહરાદુન, તા.૧૧ ।

સમગ્ર ઉત્તરપ્રદેશમાં વીજળી પડવાને કારણે અલગ-અલગ ઘટનાઓમાં ઓછામાં ઓછા ૩૮ લોકોના મોત થયા હતા. રાજ્યમાં હાલ પૂરે વિવિધ શહેરોને અસર કરી છે. પૂરના કારણે ઘણા શહેરોમાં પાણી ભરાઈ જવાના કારણે લોકોને હાલ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તેના પગલે હાલ સામાન્ય જીવન પણ સ્થગિત થયું છે. પ્રાપ્ત માહિતી મુજબ, પ્રતાપગઢમાં વીજળી પડવાને કારણે ૧૧ લોકોના મોત થયા છે. સુલતાનપુરમાં સાત, ચંદૌલીમાં છ, મૈનપુરીમાં પાંચ, પ્રયાગરાજમાં ચાર, ઔરૈયા, દેવરિયા, હાથરસ, વારાણસી અને સિદ્ધાર્થનગરમાં એક-એક વ્યક્તિઓના મોત થયા હતા. આ જિલ્લાઓમાં ૧૨થી વધુ લોકોના દાઝી જવાથી મોત થયા હતા. પ્રતાપગઢમાં વિવિધ જગ્યાએ પાંચ અલગ-અલગ વ્યક્તિઓના મોત થયા હતા. આ મૃતદેહને હાલ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે. પૂર્વી ઉત્તરપ્રદેશના ચંદૌલીમાં વીજળી પડવાની ઘટનાના પગલે ઘણા લોકો ઘાયલ થયા હતા. આ તમામની હાલ જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં બુધવારે સાંજે ૪ થી૬ વાગ્યા દરમિયાન વીજળીના કડાકા સાથે ભારે વરસાદ થયો હતો. મૃત્યુ પામેલા લોકો ભારે વરસાદ થયો ત્યારે ખેતરમાં વાવણીનું કે બહાર માછલી પકડવાનું કામ કરી રહ્યાં હતા. વીજળી પડવાથી ૧૩ અને ૧૫ વર્ષના બે પિતરાઈ ભાઈઓના પણ મોત થયા હતા. સુલ્તાનપુરમાં સાત મૃતકો પૈકી ત્રણ બાળકો હતા.

### ચંદૌલીમાં વીજળી પડવાની ઘટનાના પગલે ઘણા લોકો ઘાયલ થયા હતા



આ ઘટના બની ત્યારે પીડિતો ડાંગર રોપવા, કેરીઓ તોડવા અને પાણી ખેંચવા સહિતના કામ કરી રહ્યાં હતા. આ સમયે એક મહિલા ઝાડ નીચે ઉભી હતી, તેનું પણ વીજળી પડવાથી મોત થયું હતું. ઔરૈયામાં ૧૪ વર્ષનો એક છોકરો ભારે વરસાદના પગલે ઝાડ નીચે ઉભો હતો. તેનું પણ વીજળી પડવાથી મોત થયું હતું. જ્યારે દેવરિયામાં ખેતરમાં ચાલતી જઈ રહી રહેલી એક ૫ વર્ષની બાળકીનું મોત થયું હતું. તેનો પરિવાર પણ તે સમયે ખેતરમાં જ કામ કરી રહ્યો હતો. બીજી તરફ વારાણસીમાં વીજળી પડવાના પગલે બે ભાઈઓ દાઝી ગયા હતા. દાઝવાના પગલે એકનું મોત થયું હતું, જ્યારે અન્ય એક ભાઈ હાલ સારવાર હેઠળ છે. ઉલ્લેખનીય છે કે ભારતીય હવામાન વિભાગે ઉત્તરપ્રદેશ અને તેની આસપાસના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આગામી પાંચ દિવસમાં ભારે વરસાદ પડવાની આગાહી કરી છે.

અગ્નિવીર પર કેન્દ્ર સરકારે મોટો નિર્ણય કર્યો

## અગ્નિવીરોને કેન્દ્રીય પોલીસ દળોમાં પણ નોકરી મળશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

અગ્નિપથ યોજનાને લઈને છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે એક મોટું પગલું લેતા આ યોજનામાં ફેરફાર કર્યો છે. કેન્દ્રે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં કોન્સ્ટેબલોની ૧૦ ટકા જગ્યાઓ ભૂતપૂર્વ અગ્નિવીરો માટે અનામત રાખી છે. સરકાર કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ (CISF)માં પણ શારીરિક કસોટીમાં છૂટ આપશે. ગૃહ મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું કે અગ્નિવીરોને કેન્દ્રીય પોલીસ દળોમાં પણ નોકરી મળશે. સાથે જ પૂર્વ અગ્નિવીરો માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રહેશે. શારીરિક કસોટીમાંથી પણ પૂર્વ અગ્નિવીરોને મુક્તિ મળશે અને CISFમાં પણ ૧૦ ટકા જગ્યાઓ અનામત રહેશે. જ્યારે, CISFના મહાનિર્દેશક નીના સિંહે જણાવ્યું કે CISFએ પણ આ સંબંધમાં બધી તૈયારીઓ કરી લીધી છે.

૧૪ જૂન ૨૦૨૨ના રોજ જાહેર કરાયેલી અગ્નિપથ યોજનામાં ૧૭થી ૨૧ વર્ષની વયના યુવાનોને માત્ર ચાર વર્ષ માટે ભરતી કરવાની જોગવાઈ છે, જેમાં ૨૫ ટકા અગ્નિવીરોને આગામી ૧૫ વર્ષ સુધી જાળવી રાખવાની જોગવાઈ છે. સરકારે ત્યારબાદ ઉપલી વય મર્યાદા વધારીને ૨૩ વર્ષ કરી દીધી. અગ્નિપથ યોજના અંગે વિવાદ તાજેતરમાં પૂરા થયેલા સંસદ સત્ર દરમિયાન વિપક્ષે અગ્નિપથ યોજના અંગે સવાલો ઉઠાવ્યા હતા. સરકારને ઘેરવા બાદ અગ્નિપથ યોજના પર ઉઠેલા વિવાદ વચ્ચે રક્ષા મંત્રી રાજનાથ સિંહે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના દાવાઓનું ખંડન કરતા કહ્યું હતું કે ૧૫૮ સંગઠનો પાસેથી સૂચનો લીધા બાદ આ યોજના લાગુ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૨માં જ આની જાહેરાત કરી હતી. તે દરમિયાન પણ જ્યારે 'અગ્નવીર યોજના'નો વિરોધ વધી ગયો હતો ત્યારે ગૃહ મંત્રાલયે જાહેરાત કરી હતી કે અર્ધલશ્કરી દળોની નિમણૂંકમાં અગ્નિવીરને પ્રાથમિકતા મળશે. તેમને ૧૦% અનામત આપવામાં આવશે. સંરક્ષણ મંત્રાલયે પણ અગ્નિશામકોને ૧૦% અનામત આપવાનું વચન આપ્યું હતું. આ સિવાય ઉત્તર પ્રદેશ, ગોવા અને હરિયાણાની સરકારોએ રાજ્ય પોલીસ અને સંબંધિત સેવાઓમાં અગ્નિશામકોને પ્રાથમિકતા આપવાની વાત કરી હતી.

## ન્યૂઝ બ્રિફ

### બ્રિટિશ સાંસદ શિવાની રાજાએ શ્રીમદ ભાગવત ગીતા લઈને લીધા શપથ

। (એજન્સી) લંડન, તા.૧૧ ।

બ્રિટનની સામાન્ય ચૂંટણીમાં કીર સ્ટાર્મરની લેબર પાર્ટીએ પ્રચંડ જીત મેળવી છે. ૧૪ વર્ષ વિપક્ષમાં બેઠા બાદ લેબર પાર્ટીની સત્તામાં વાપસી થઈ છે. આ ચૂંટણીમાં ગુજરાતી મૂળની શિવાની રાજા ખુબ ચર્ચામાં રહી. શિવાની રાજાએ લીસેસ્ટર ઈસ્ટ સીટથી કન્ઝર્વેટિવ પાર્ટી માટે ઐતિહાસિક જીત મેળવી છે. આ સીટ પર લેબર પાર્ટીનું ૩૭ વર્ષનું વર્ચસ્વ ધ્વસ્ત થયું.

### સેલવાસના દાદરાની કંપનીમાં ભીષણ આગનો બનાવ બન્યો

।(એજન્સી) સેલવાસ, તા.૧૧।

સેલવાસના દાદરા ખાતે આવેલી કંપનીમાં ગઈકાલે બુધવારે રાત્રે અચાનક આગ સળગી ઉઠતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. લાશ્કરોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. સેલવાસના દાદરા ખાતે પ્લાસ્ટિક પેઈલ્સ અને કેરેટ્સનું ઉત્પાદન કરતી વિન્સેન્ટ પોલીપ્લાસ્ટ પ્રાઈવેટ.લી. નામક કંપની આવેલી છે. ગઈકાલે બુધવારે રાત્રે કંપનીમાં અચાનક આગ સળગી ઉઠી હતી.

## મોદી સરકારની આંધ્રપ્રદેશ માટે ૬૦ હજાર કરોડની યોજનાને લીલીઝંડી

### ૨૩મી જુલાઈએ રજુ થનારા બેજેટમાં રિફાઈનરી અંગે સત્તાવાર જાહેરાત થઈ શકે છે : સ્થાનોનું મૂલ્યાંકન કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ તાજેત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. બેઠકને માત્ર ૫ દિવસ જ થયા છે, કેન્દ્ર સરકારે આંધ્ર પ્રદેશમાં ૬૦,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે ઓઈલ રિફાઈનરી અને પેટ્રોકેમિકલ હબ સ્થાપવાની મુખ્ય માગણી સ્વીકારી છે.

ચંદ્રબાબુ નાયડુ ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)ના ટોચના અધિકારીઓને પણ મળ્યા હતા અને રાજ્યમાં રિફાઈનરી સ્થાપવાની શક્યતા અંગે ચર્ચા કરી હતી. હવે લોકોની નજર બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પર છે. કારણ કે કેન્દ્ર સરકારમાં TDPની સાથે JDUની પણ મહત્ત્વની ભૂમિકા છે. અહેવાલો અનુસાર, ઓઈલ રિફાઈનરી લઈને ત્રણ સ્થળો અંગે ચર્ચા થઈ છે. શ્રીકાકુલમ, માછલીપટ્ટનમ અને રામાયપટ્ટનમનો સમાવેશ થાય છે. ૨૩મી જુલાઈએ રજુ થનારા બેજેટમાં રિફાઈનરી અંગે સત્તાવાર જાહેરાત થઈ શકે છે. સૂત્રોના જાણાવ્યાનુસાર, સ્થાનોનું મૂલ્યાંકન કરવામાં આવશે અને પછી અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. આ પ્રક્રિયામાં ઓછામાં ઓછા બે મહિનાનો સમય લાગશે. મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ માટે આ એક મોટી જીત છે. કારણ કે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરી સાથેની બેઠક દરમિયાન રિફાઈનરી શરૂ કરવા પર આગ્રહ કર્યો હતો. તેમના ૧૬ સાંસદો ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકારને સમર્થન આપે છે. જો કે, નાયડુ સ્પષ્ટપણે સતત કહી રહ્યા છે કે તેઓ તેમના રાજ્યના હિતોને ધ્યાનમાં રાખે છે અને કોઈપણ માંગ સાથે સરકારને તોડી પાડશે નહીં. બીપીસીએલ અને પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા આ સત્તાવાર જાહેરાત કરી છે. મુખ્યમં ચંદ્રબાબુ નાયડુએ 'X' પર લખ્યું, 'દેશના પૂર્વ કિનારે વ્યૂહાત્મક રીતે સ્થિત અમારું રાજ્ય નોંધપાત્ર પેટ્રોકેમિકલ ક્ષમતા ધરાવે છે. આજે હું ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર કૃષ્ણ કુમારના નેતૃત્વમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના પ્રતિનિધિઓને મળ્યો.

ઓમર અબ્દુલ્લાએ પણ પાકિસ્તાનને સંભળાવ્યું

## ભારત-પાક. વચ્ચે સારા સંબંધો જાળવવાની જવાબદારી ફક્ત આપણા દેશની જ નથી

। (એજન્સી) જમ્મુ, તા.૧૧ ।



ફારુક અબ્દુલ્લા બાદ હવે તેમના પુત્ર અને જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ પાકિસ્તાનને ચોખ્ખે ચોખ્ખુ સંભળાવ્યું છે. બંને દેશો વચ્ચે સારા સંબંધોને લઈને પાકિસ્તાનને સલાહ આપતા ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે, ભારત અને પાકિસ્તાન બંને દેશો વચ્ચે સારા સંબંધો જાળવવાની જવાબદારી ફક્ત આપણા દેશની જ નથી, વધુ સારા અને સુમેળભર્યા સંબંધો જાળવી રાખવાની જવાબદારી પાકિસ્તાનની પણ છે. શાંતિ સ્થાપવા માટે પાકિસ્તાને હવે પોતાની ભૂમિકા ભજવવી પડશે. જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ, પાકિસ્તાનને તેની જવાબદારીથી વાકેફ કરતા કહ્યું, "મેં હંમેશા કહ્યું છે કે આ બંને દેશો વચ્ચે સારા સંબંધો જાળવવાની જવાબદારી માત્ર આપણા દેશની જ નથી પાકિસ્તાનની પણ છે. જો સારા સંબંધો બનાવવા હોય તો આ અભિયાનમાં પાકિસ્તાનને પણ તેની ભૂમિકા અદા કરવાની જવાબદારી છે. જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાક સમયથી થઈ રહેલા આતંકવાદી હુમલાઓ અંગે ઓમરે કહ્યું કે, "આવા હુમલાઓ થવા જોઈએ નહીં.

## સુપ્રીમ કોર્ટમાં મનિષ સિસોદિયાની જામીન અરજી પર સુનાવણી મોકૂફ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।



દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ અને આમ આદમી પાર્ટીના નેતા મનિષ સિસોદિયાની મુશ્કેલીઓનો અંત નથી આવી રહ્યો. ૧૧ જુલાઈએ સુપ્રીમ કોર્ટમાં સિસોદિયાની જામીન અરજી પર સુનાવણી મોકૂફ રાખવામાં આવી હતી. તે લગભગ ૧૬ મહિનાથી જેલમાં છે અને તેણે ઘણી વખત જામીન માટે અરજી કરી છે. વાસ્તવમાં, દિલ્હી લિકર પૉલિસી કેસમાં ધરપકડ કરાયેલ સિસોદિયાની અરજી પર સુનાવણી કરી રહેલા ન્યાયાધીશે પોતાને તેનાથી અલગ કરી દીધા છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ સંજય કુમારે મનીષ સિસોદિયાની જામીન અરજી પર સુનાવણી કરવાથી પોતાને અલગ કરી લીધા છે. દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ વિરૂદ્ધ મની લોન્ડરિંગ અને દારૂ નીતિ મામલે ભ્રષ્ટાચારના મામલામાં કેસ નોંધવામાં આવ્યો છે. સિસોદિયાએ આ કેસમાં જામીન માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. જસ્ટિસ સંજીવ ખન્ના, સંજય કરોલ અને સંજય કુમાર આ કેસની સુનાવણી કરવાના હતા, પરંતુ કુમારે તેમાંથી પોતાને દૂર કરી દીધા હતા. સર્વોચ્ચ અદાલતની બેન્ચે કહ્યું કે મનીષ સિસોદિયાની અરજીની સુનાવણી અન્ય બેન્ચ દ્વારા કરવામાં આવશે, જેમાં જસ્ટિસ સંજય કુમાર ભાગ નહીં હોય. કોર્ટમાં કેસની સુનાવણી થતાં જ જસ્ટિસ ખન્નાએ કહ્યું, - "અમારા ભાઈને થોડી સમસ્યા છે. તેઓ અંગત કારણોસર કેસની સુનાવણી કરવા માંગતા નથી." આના પર આમ આદમી પાર્ટી વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ બેન્ચને આ મામલાની તાત્કાલિક સુનાવણી કરવા વિનંતી કરી હતી.

CBIએ ૧૦ દિવસના રિમાન્ડ પર લીધો

## નીટ પેપર લીક : માસ્ટર માઈન્ડ રોકીની ધરપકડ

। (એજન્સી) પટના, તા.૧૧ ।

નીટ પેપર લીક કેસમાં મોટા સમાચાર સામે આવી રહ્યા છે. આ મામલાની તપાસમાં લાગેલી સીબીઆઈએ આરોપી રોકીની ધરપકડ કરી લીધી છે. તપાસમાં લાગેલી સીબીઆઈને આ કેસમાં સૌથી વધારે આ શખ્સની શોધ હતી, જેની ધરપકડ થઈ ગઈ છે. ધરપકડ બાદ રોકીને સીબીઆઈએ મુખ્ય ન્યાયિક દંડાધિકારી હર્ષવર્ધનની કોર્ટમાં રજૂ કર્યો હતો. રોકીને રજૂ કર્યા બાદ તપાસ એજન્સીએ રોકીને રિમાન્ડ પર લેવાની અપીલ કરી. સીબીઆઈએ અરજી દાખલ કરીને દસ દિવસના રિમાન્ડ માગ્યા હતા, જેને કોર્ટે મંજૂર કરી દીધા છે. ત્યાર બાદ તપાસ એજન્સી હવે આરોપી રોકી સાથે દસ દિવસ સુધી રિમાન્ડ પર લઈને પૂછપરછ કરશે.

## રોહિત શર્મા સપોર્ટ સ્ટાફને ઓછી રકમ મળતા જોઈ ૫ કરોડ છોડવા તૈયાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।



૨૦ ઉંફ્રિંદ્ધ ર્ઝે ૨૦૨૪નો ખિતાબ જીતનારી ભારતીય ટીમને બીસીસીઆઈએ ૧૨૫ કરોડ રૂપિયા ઈનામ આપ્યું છે. આ રૂપિયાની વહેંચણી પર વિવાદ ઊભો થઈ ગયો છે. બીસીસીઆઈએ આ ઈનામમાં ટીમના મુખ્ય કોચને ૫ કરોડ જ્યારે અન્યને ૨.૫૦-૨.૫૦ કરોડ રૂપિયા આપવાની વાત કહી છે. ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ જીતનારી ટીમ ઈંડિયા પર બીસીસીઆઈએ રુપિયાનો વરસાદ કર્યો હતો. બીસીસીઆઈ તરફથી વિજતા ટીમને ૧૨૫ કરોડ રૂપિયાનું પુરસ્કાર આપ્યું છે. બીસીસીઆઈ તરફથી વિજેતા ટીમના તમામ ૧૫ ખેલાડીને ૫-૫ કરોડ રૂપિયા મળવાના છે. તો વળી ટીમના હેડ કોચ રહેલા રાહુલ દ્રવિડને પણ બીસીસીઆઈ તરફથી ૫ કરોડ રૂપિયા આપવાના હતા પણ રાહુલ દ્રવિડે ૫ કરોડ રૂપિયામાંથી ૨.૫૦ કરોડ રૂપિયા લેવાની જ વાત કહી છે.

રાહુલ દ્રવિડે પોતાની ૨.૫૦ કરોડની રકમ એટલા માટે છોડી દીધી કેમ કે દ્રવિડને લાગે છે કે, તેમનો સપોર્ટિંગ સ્ટાફ એટલે કે બેટીંગ, બોલીંગ અને ફિલ્ડીંગ કોચ પણ તેમના જેવા જ છે. એટલા માટે તમામને બરાબર ઈનામ મળવું જોઈએ. હવે જ્યારે રાહુલ દ્રવિડ સાથે રોહિત શર્માએ પણ સહયોગી કોચને પણ ઓછા પૈસા મળવા પર મોટું દિલ રાખ્યું છે. રોહિત શર્માએ એક સ્ટાફથી આ સંદર્ભમાં વાતચીત કરી અને પોતાની ૫ કરોડ રૂપિયાની રકમ છોડવાની વાત કહી છે. રોહિત હાલમાં રજા માણવા માટે વિદેશમાં ગયો છે. તે પાછો આવે પછી ફરી આ મુદ્દો સામે આવી શકે છે.

## ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલને હરિયાણાના મુખ્યમંત્રી તરફથી મળી ખાસ ભેટ

। (એજન્સી) હરિયાણા, તા.૧૧ ।



T20 વર્લ્ડ કપ જીતનાર ટીમ ઈન્ડિયાના સભ્ય યુઝવેન્દ્ર ચહલે બુધવારે હરિયાણાના સીએમ નાયબ સિંહ સાથે મુલાકાત કરી હતી. વર્લ્ડ ચેમ્પિયન ખેલાડીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને આ દરમિયાન સીએમ નાયબે ચહલને ખાસ ભેટ આપીને સન્માનિત કર્યા હતા. T20 વર્લ્ડ કપ ૨૦૨૪ની ચેમ્પિયન બન્યા બાદ દરેક જગ્યાએ ટીમ ઈન્ડિયા અને તેના ખેલાડીઓની ચર્ચા થઈ રહી છે. ટીમ ઈન્ડિયાના દરેક ખેલાડીનું તેમના રાજ્યમાં પણ જોરદાર સ્વાગત થઈ રહ્યું છે.

આવું જ સ્વાગત યુઝવેન્દ્ર ચહલનું પણ કરવામાં આવ્યું છે. હરિયાણાના સીએમ નાયબ સિંહે આ ખેલાડીનું સન્માન કર્યું હતું. યુઝવેન્દ્ર બુધવારે રાત્રે તેમની માતા સાથે સીએમ નાયબ સિંહને મળવા પહોંચ્યા હતા. સીએમ નાયબે આ ખેલાડીને વર્લ્ડ ચેમ્પિયન બનવા પર અભિનંદન પાઠવ્યા હતા અને ચહલને ભગવાન શ્રી રામ અને હનુમાનજીની સુંદર પ્રતિમા પણ ભેટમાં આપી હતી. યુઝવેન્દ્ર ચહલ વર્લ્ડ ચેમ્પિયન બન્યો હતો પરંતુ તેને આ ટૂર્નામેન્ટમાં એક પણ મેચ રમવાની તક મળી નથી. ચહલ ટીમ ઈન્ડિયા માટે સૌથી વધુ T20 ઈન્ટરનેશનલ વિકેટ લેનાર બોલર છે પરંતુ તે ટીમ કોમ્બિનેશનમાં ફિટ થઈ શક્યો નહીં. જો કે, તેમ છતાં તેણે T20 વર્લ્ડ કપમાં ટીમને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. યુઝવેન્દ્ર ચહલ T20 વર્લ્ડ કપ વિજેતા ટીમમાં હતો, તેથી તેને BCCI તરફથી ૫ કરોડ રૂપિયાનું ઈનામ પણ મળ્યું.

CMYK

## ધો. ૬ થી ૮ ને મળેલ ગ્રાન્ટેડની માન્યતા રદ કરવામાં આવી

। (એજન્સી) સાબરકાંઠા, તા.૧૧ ।

સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાની સૌથી મોટી શાળા ગણાતી એવી શેઠ કે.ટી હાઈસ્કુલમાં ૬ થી ૮ ધોરણને મળેલ ગ્રાન્ટેડની માન્યતા રદ કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર શિક્ષણાધિકારીએ કેટી હાઈસ્કુલના ૬ થી ૮ ધોરણની માન્યતા રદ કરવાનો હુકમ આપ્યો છે. નોન ગ્રાન્ટેડ થવાને લઈને ૪૧૧ વિધાર્થીઓનું ભવિષ્ય દાવ પર લાગ્યુ છે. ત્યારે શાળાની માન્યતા રદ કરવાના પગલે વાલીઓએ ૪૧૧ વિધાર્થીઓના અભ્યાસની વ્યવસ્થાની માગ સાથે રેલી યોજાઈ હતી. વાલીઓએ સુત્રોચ્ચાર સાથે કે.ટી.હાઈસ્કુલ થી ટીપીઓ કચેરી સુધી રેલી કાઢી હતી. જો કે ટીપીઓ ના મળતા વાલીઓ પ્રાંત કચેરીએ પહોચ્યા હતા. પ્રાંત કચેરી પહોચી પ્રાંત અધિકારીને મૌખિક રજૂઆત કરી છે. જો કે આ રેલી પોલીસ બંદોબસ્ત સાથે નીકાળવામાં આવી હતી. ખેડબ્રહ્માની કેટી હાઈસ્કુલમાં આસપાસના ગામડાના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરવા આવતા હોય છે. ત્યારે અચાનક માન્યતા રદ થતા પ્રાથમિક ધોરણમાં અભ્યાસ કરાવતા શિક્ષકો, વિદ્યાર્થી સહિત વાલીઓમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો છે.

## વડોદરામાં BSUP હાઉસિંગના ૮૯૬ જર્જરિત મકાનોને નોટિસ

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

વડોદરમાં ગરીબો માટે બનાવાયેલા આવાસના મકાન ખંડેર બની ગયા છે. જાંબુવા BSUPના મકાન બાદ હવે કિશનવાડીના BSUPના ૨૮ ટાવરોને રહેવા લાયક ન હોવાથી પાલિકાએ નોટિસ ફટકારી છે. પાલિકાએ નોટિસ ફટકારી જવાબદારીમાંથી હાથ ખંખેરી લીધા છે. પાલિકાએ શહેરમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનોને નોટિસ ફટકારતા ધારાસભ્ય અને પૂર્વ મેયર સહિતના નેતાઓએ દરમિયાનગીરી કરતા તંત્રે પીછેહઠ કરવી પડી હતી. જોકે બીએસયુપીના આવાસો જે પાલિકાએ બનાવ્યા છે. તેની જવાબદારી લેવા કોઈ તૈયાર નથી. શહેરમાં જાંબુઆ બાદ હવે પાલિકાએ કિશનવાડીમાં આવેલા BSUPના ૯૪ ટાવર પૈકી ૨૮ને નોટિસ ફટકારી છે.

એક ટાવરમાં ૩૨ મકાનો છે એટલે ૮૯૬ મકાનો રહેવાલાયક નથી અને મકાનો ખાલી કરવા કહેવાયું છે. રહીશોએ એકત્ર થઈ નારાજગી ઠાલવી હતી. રહીશોએ જણાવ્યું હતું કે આવી નોટિસ લગાવીને પાલિકા અમને ડરાવી રહી છે. જેથી અમે ઘર ખાલી કરીને જતા રહીએ અને તેઓ જમીન હડપી લે.

પહેલા વૈકલ્પિક વ્યવસ્થા કરી આપો. વર્ષોથી પાલિકા કહે છે કે મકાનો જર્જરિત છે. તો એક પણ નેતા કે અધિકારીઓ અહીંયા જોવા નથી આવતા.બીજી તરફ પાલિકા દ્વારા નોટિસ ફટકારી કામગીરીમાં કોન્ટ્રાકટર અને TPI ને નોટિસ ફટકારી પોતાની કામગીરી કર્યાનો સંતોષ વ્યકત કરી રહી છે











ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત ડિકીન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ઇયાન માર્ટીન તેમજ ઓસ્ટ્રેલિયાના મુંબઈ સ્થિત કોન્સ્યુલેટ જનરલ પોલ મર્ફી અને તેમના પ્રતિનિધિમંડળ સાથે ગાંધીનગરમાં મુલાકાત કરી. ડિકીન યુનિવર્સિટીને GIFT સિટીમાં કેમ્પસ શરૂ કરવા માટેની પ્રારંભિક પ્રક્રિયાથી લઈને કેમ્પસ તૈયાર થવા અને અભ્યાસક્રમો શરૂ કરવાની બધી જ સુવિધા ગુજરાત સરકારના સહયોગથી માત્ર ૧૮ મહિનાના ટૂંકા સમયમાં પૂર્ણ થઈ છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમલી કરેલી નવી શિક્ષણ નીતિને અનુરૂપ સ્કીલીંગ એન્ડ અપસ્કીલીંગ એજ્યુકેશન, ટીચર્સ એજ્યુકેશન, સ્પોર્ટ્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના વિવિધ અભ્યાસક્રમો GIFT સિટીના યુનિવર્સિટી કેમ્પસમાં શરૂ કરવા તેમજ સ્ટુડન્ટ એક્સચેન્જ કાર્યક્રમ શરૂ કરવા અંગે તેમની સાથે ચર્ચા કરી. આ ઉપરાંત, ગુજરાત અને ઓસ્ટ્રેલિયા સાથે મળીને રિન્યુએબલ એનર્જી - ખાસ કરીને ગ્રીન એનર્જી, ગ્રીન હાઇડ્રોજન, વિન્ડ એનર્જી સહિતના ક્ષેત્રોમાં કામ કરી શકે તે દિશામાં તેમની સાથે પરામર્શ કર્યો. ગુજરાત આગામી ઓલિમ્પિક્સ ૨૦૩૬ ના આયોજન માટે તૈયારી કરી રહ્યું છે તેમાં ઓસ્ટ્રેલિયા પાસે ઓલિમ્પિક્સના આયોજન અને તે માટેના ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ઉપયોગનો જે અનુભવ છે તેનો લાભ ગુજરાતને મળે તે દિશામાં પણ બેઠકમાં ચર્ચા કરી.

### કુલપતિની નિમણૂક ન થવા પાછળનું કારણ છે રાજકારણ । ભાવનગર યુનિ.માં અઢી વર્ષથી કૂલપતિની નિમણૂક અટકી

## કાયમી કુલપતિની નિમણૂક કરવા વિદ્યાર્થી સંગઠનની માંગ

। (એજન્સી) ભાવનગર, તા.૧૧ ।

ભાવનગર યુનિવર્સિટીમાં છેલ્લા અઢી વર્ષથી કૂલપતિની નિમણૂક અટકેલી છે, લાંબા સમયથી આંતરિક રાજકારણને કારણે અહીં કોઈ કાયમી કૂલપતિ નથી. છેલ્લા ઘણા સમયથી ઈન્ચાર્જ કૂલપતિના સહારે યુનિવર્સિટીનું ગાડુ ગબડી રહ્યુ છે. જેના કારણે વહીવટી કામગીરી અધ્ધરતાલ લટકેલી છે. ભાવનગરની યુનિવર્સિટીની સાથે ભાવનગરના પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલનું નામ જોડાયું છે. જે એક ગૌરવવંતો ઈતિહાસ ધરાવે છે,પરંતુ હાલ આ યુનિવર્સિટીમાં છેલ્લા અઢી વર્ષથી કાયમી કુલપતિની નિમણૂક નથી થઈ. કુલપતિની નિમણૂક ન થવા પાછળનું કારણ અહીંનું રાજકારણ છે.

કાયમી કુલપતિના અભાવે મહારાજ કૃષ્ણકુમારસિંહ યુનિવર્સિટી જાણે રાજકીય અખાડો બની ગઈ છે. કાયમી કુલપતિના અભાવે વહીવટી કામગીરી અટકે છે. યુનિવર્સિટીનો વિકાસ અટકે છે અને સરવાળે વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર પડે છે.

હાલ ઈન્ચાર્જ કુલપતિના સહારે ગાડુ ગબડી રહ્યું છે. જેની સીધી અસર યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ૩૦ હજાર વિદ્યાર્થીઓ પર થાય છે. કાયમી કુલપતિ ન હોવાથી યુનિવર્સિટીમાં નીતિ વિષયક નિર્ણયો લઈ શકાતા નથી. વિદ્યાર્થી સંગઠનો પણ માગણી કરી રહ્યા છે કે જલદીથી કાયમી કુલપતિની નિમણૂક કરવામાં આવે.

લોકસભાની ચૂંટણી પહેલા કાયમી કુલપતિની નિમણૂક પણ થઈ હતી. પરંતુ જેના પર કુલપતિના પદનો કળશ ઢોળાયો હતો તેમણે પદ સંભાળવાની ના કહેતા. નિમણૂક ખોરંબે ચડી ગઈ. હાલ યુનિવર્સિટીએ સર્ચ કમિટીની રચના કરી છે. જે આગામી સમયમાં નિમણૂક અંગે પ્રક્રિયા હાથ ધરશે.

## CIDની લેડી કોન્સ્ટેબલ નીતા ચૌધરીને પકડવા પોલીસ દોડતી થઈ



। (એજન્સી) કચ્છ, તા.૧૧ ।

ભચાઉના ચકચારી હત્યાના પ્રયાસ કેસમાં સસ્પેન્ડેડ લેડી કોન્સ્ટેબલના સેશન્સ કોર્ટે જામીન રદ કર્યા બાદ લેડી કોન્સ્ટેબલ ફરાર થઈ જતા પોલીસ દોડતી થઈ છે. સેશન્સ કોર્ટના હુકમ બાદ કચ્છ પોલીસની ટીમ નીતા ચૌધરીની અટકાયત કરવા તેના ઘરે પહોંચી હતી. પરંતુ, ઘરે તાળું મારેલુ હોવાથી પોલીસ ખાલી હાથે પરત ફરી હતી. પોલીસ હવે સસ્પેન્ડેડ લેડી કોન્સ્ટેબલનું લોકેશન મેળવવા દોડધામ કરી રહી છે.હત્યાના પ્રયાસ કેસમાં જામીન રદ થયા બાદ નીતા ચૌધરી ભૂગર્ભ ઊતરી જતા હવે કચ્છ પોલીસમાં દોડધામ મચી છે. કચ્છના ભચાઉમાં ૩૦ જૂનના પોલીસે કુખ્યાત બુટલેગરને પકડવા માટે થાર કારને રોકવાનો પ્રયાસ કરતા પોલીસ પર થાર ચડાવી દેવાનો પ્રયાસ કરાયો હતો. પોલીસે થાર કાર રોકી તલાશી લેતા કારમાંથી બુટલેગર સાથે સીઆઈડી ક્રાઈમમાં ફરજ બજાવતી લેડી કોન્સ્ટેબલ અને દારૂનો જથ્થો પણ મળી આવ્યો હતો. હત્યાના પ્રયાસ કેસમાં નીતા ચૌધરી અને કાર ચલાવનાર બુટલેગર યુવરાજસિંહ સામે ગુનો નોંધાયો હતો. આ કેસમાં લેડી કોન્સ્ટેબલ નીતા ચૌધરી ભચાઉની નીચલી કોર્ટે સ્ત્રી હોવા સહિતના મુદ્દે જામીન મંજૂર કર્યા હતા. આ આદેશ સામે પોલીસે ભચાઉની સેસન્સ કોર્ટમાં અરજી કરી હતી. જેની મંગળવારે થયેલી સુનાવણી બાદ લેડી કોન્સ્ટેબલને મળેલા જામીન રદ કરવાનો કોર્ટે આદેશ કર્યો હતો. ભચાઉ ક્રાઈમ બ્રાંચની ટીમ પર બુટલેગર યુવરાજસિંહે કાર ચઢાવી હતી. તેમજ ક્રાઈમ બ્રાંચની ટીમ પર હુમલો અને પીએસઆઈની હત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો. આ ઘટના વખતે નીતા ચૌધરી બુટલેગર સાથે હતી. આ કેસમાં સીઆઈડી બ્રાંચમાં ફરજ બજાવતી નીતા ચૌધરીની પણ ધરપકડ કરવામાં આવી હતી. બુટલેગર યુવરાજસિંહ સામે દારૂની હેરાફેરી સહિતનાં ૧૬ થી વધુ ગુના નોંધાયા છે. યુવરાજસિંહ અને નીતા ચૌધરીને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ભચાઉ પોલીસે રિમાન્ડની માંગણી કરી હતી.

### પાલનપુરમાં નીલકંઠ મહાદેવ મંદિરની ઘટના

## મહાદેવ મંદિરમાંથી તસ્કરો રૂ. ૪૦ હજારના વાસણો ચોરી ગયા

### આસપાસની દુકાનોના સીસી ટીવી કેમેરાના ફૂટેજ દ્વારા તપાસ કરી ચોરને શોધવા માટે પોલીસે કાર્યવાહી શરૂ કરી

। (એજન્સી) પાલનપુર, તા.૧૧ ।

પાલનપુર ભર બજાર વિસ્તારમાં આવેલું તપોધન બ્રાહ્મણ સમાજનું જૂનું જાણીતું નીલકંઠ મહાદેવ મંદિરમાં રાત્રી દરમિયાન કોઈ અજાણ્યા ઈસમો મંદિરનું તાળુ તોડી અંદર પડેલા કેટલાક વાસણો લઈ જતા આ વિસ્તારના લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. આ ઘટના બાદ મંદિરના ટ્રસ્ટીએ પૂર્વ પોલીસમાં જાણ કરતા પોલીસ ઘટના સ્થળ પર દોડી આવી હતી. જ્યાં આસપાસની દુકાનોના સીસી ટીવી કેમેરાના ફૂટેજ દ્વારા તપાસ કરી ચોરને શોધવા માટે પ્રયત્ન શરૂ કરી દીધા હતા. પાલનપુરમાં કીર્તિસ્તંભ વિસ્તાર નજીક નીલકંઠ મહાદેવ મંદિર આવેલું છે આ મંદિરમાં રૂમની અંદર વસાયેલા વાસણો તેમજ મહાદેવના મંદિરમાં પૂજાપાઠ માટે નાના મોટી વસ્તુઓ રાખવામાં આવે છે. આ વિસ્તારમાં કોઈ અજાણા ઈસમો દરવાજાનો નકુચો તોડી મંદિરના ગર્ભમાં પડેલા કેટલાક તાબાના લોટાઓ, તેમજ નાની -મોટી વસ્તુ ચોરો ચોરી ગયા હતા. આ ઉપરાંત બાજુમાં આવેલી નાની બે રૂમ ના પણ તાળા તોડી એકમાંથી મોઘા બે પાણીના નળ નીકાળી ચોરી ગયા હતા. આ મંદિરના પુજારી નટુભાઈએ આ મામલે ટ્રસ્ટીઓને જાણ કરતા ટ્રસ્ટીઓ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. જેમાં ટ્રસ્ટી દેવેન્દ્ર રાવલે જણાવ્યું કે, મંદિરના લગભગ ૪૦,૦૦૦ ની કિંમતના વાસણો ચોરી થયા હોવાનું જણાવ્યું હતું. પૂર્વ પોલીસમાં જાણવાજોગ ફરિયાદ નોંધાવતા પોલીસ ટીમ ઘટના સ્થળ ઉપર આવી પહોંચી હતી. આસપાસના દુકાનોના તેમજ અંબાજી મંદિરમાં લાગેલા સીસી ટીવી કેમેરા ના ફૂટેજ દ્વારા પોલીસ આરોપીને પકડવા કાર્યવાહી હાથ ધરી હતી. અગાઉ પણ આ મંદિરમાં બે મોટા સ્પીકરો પણ ચોરી થઈ હોવાનું ટ્રસ્ટીઓ જણાવ્યું હતું.

### રાજપીપળા નજીક નદીમાં માછલી પકડવા ગયો હતો

## નદીમાં માછલી પકડવા ગયેલા યુવકને ૧૦ જેટલા મગરો ખેંચી ગયા

### બે કલાક સુધી ભારે જહેમત ઉઠાવી વ્યક્તિને બહાર કાઢ્યો

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

ગુજરાતમાં ચોમાસાની સિઝન શરૂ થઈ ગઈ છે અને વરસાદ સારો થવાથી નદી તળાવોમાં નવા નીર આવ્યાં છે. રાજપીપળા નજીક નદીમાં એક યુવક માછલી પકડવા ગયો હતો. નદીમાં માછલી પકડવા જતાં યુવકને મગરો ખેંચી ગયા હતાં. આ ઘટનાનો કોલ મળતાં જ વડોદરા ફાયર વિભાગની ટીમ રેસ્ક્યૂ માટે દોડી ગઈ હતી. બે કલાકની ભારે જહેમત બાદ યુવકનો મૃતદેહ હાથ લાગ્યો હતો. ફાયરની ટીમ જ્યારે પહોંચી ત્યારે ૧૦ મગરો નદીમાં આંટા મારી રહ્યા હતા.ફાયર વિભાગના જવાન પ્રભાતભાઈ રોહિતે મીડિયાને જણાવ્યું હતું કે, ફાયર વિભાગને કોલ મળ્યો હતો કે, કોઈ વ્યક્તિને મગર પાણીમાં ખેંચી ગયો છે. કોલ મળતાની સાથે જ તાત્કાલિક ફાયરની ટીમ સાથે ડભોઈ ફાયરની મદદ લઈ અમે આ વ્યક્તિની શોધખોળ હાથ ધરી હતી. શરૂઆતમાં અમે ત્યાં પહોંચ્યા ત્યારે ૧૦ મગરો આજુબાજુ ફરતા હતા. અમારી ટીમ માટે રેસ્ક્યૂની કામગીરી ખૂબ જ મુશ્કેલ



હતી. આ દરમિયાન અમારી ટીમે એક બોટ નદીમાં ઉતારી અને ત્યારબાદ બે કલાક સુધી ભારે જહેમત ઉઠાવી વ્યક્તિને બહાર કાઢ્યો હતો. નદીમાં માછલી પકડવા માટે ગયેલા યુવકનુ નામ પ્રવીણ દેવજીભાઈ તડવી હોવાનું સામે આવ્યું છે. પ્રવીણ ચાણોદના ભાલોદરામાં રહેતો હતો અને માછલી પકડવા ગયો હતો ત્યારે આ ઘટના બની હતી.વડોદરા શહેર વિશ્વામિત્રી નદીકાંઠે વસે છે અને ખૂબ જ મોટા પ્રમાણમાં મગરો નદીમાં જોવા મળે છે.

**વિશેષ** ગુણવત્તા વધારવા સરકારી આરોગ્ય સુવિધાઓને પ્રમાણિત કરવા માટે કાયમી વ્યવસ્થા વિકસાવવા સરકાર પ્રતિબદ્ધ : ઋષિકેશ પટેલ

# આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ QCI દ્વારા આયોજિત ‘હેલ્ધી ગુજરાતી : એફોર્ડબલ ક્વોલિટી હેલ્થકેર’ સત્રમાં ઉપસ્થિત રહ્યાં

। (માહિતી બ્યુરો) અમદાવાદ ।

અમદાવાદમાં આયોજિત ગુજરાત ગુણવત્તા સંકલ્પ સમારોહમાં ‘હેલ્ધી ગુજરાતીઃ એફોર્ડબલ ક્વોલિટી હેલ્થકેર’ ચર્ચાસત્રમાં આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલ સહભાગી થયા હતા. આ અવસરે મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકારે જન આરોગ્યને પ્રાથમિકતા આપી છે. જેના પરિણામે PMJAY યોજના વિશ્વનું સૌથી મોટું આરોગ્ય પેકેજ બન્યું છે. ગુજરાતમાં રાજ્ય સરકારના યોગદાનથી આયુષ્યમાન કાર્ડ હેઠળ ૧૦ લાખ સુધીની સારવાર નિઃશુલ્ક બની છે. જે રાજ્ય સરકારની આરોગ્ય ક્ષેત્ર માટેનો સંવેદનશીલ અભિગમ દર્શાવે છે.

રાજ્યની તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓમાં ગુણવત્તાનું સર્વે કરી જરૂરીયાતોની પૂર્તિ કરાશે તેમ જણાવી મંત્રી શ્રી એ સરકારી સંસ્થાઓને ગુણવત્તા પ્રમાણપત્ર આપ્યા બાદ સમયાંતરે તેનું રીવ્યુ કરવા સૂચન કર્યું હતું.






મંત્રીશ્રીવ ઉમેર્યું હતું કે, સાથોસાથ ગુજરાતમાં આજે આરોગ્યની વૈશ્વિક સ્તરની સુવિધાઓ નિર્મિત થઈ છે. જેના પરિણામે વિદેશી સારવાર કરતા કિફાયતી અને ઝડપી સારવાર આપણે ઉપલબ્ધ કરાવી શક્યા છીએ. અહીં યુ.એન.મહેતા અને એઈમ્સ સહિતની આરોગ્ય સંસ્થાઓ દર્દીઓને આંતરરાષ્ટ્રીય સ્તરની આરોગ્ય સુવિધાઓ આપવા કાર્યક્ષમ બની રહી છે. જે આપણા માટે ગૌરવ લેવા જેવી બાબત છે. એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી ઋષિકેશ પટેલે આરોગ્ય કેન્દ્રોની ગુણવત્તા પર ભાર મૂકતાં કહ્યું હતું કે, તબીબી ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો બુદ્ધિજીવી હોય છે. ત્યારે ત્યાં સ્વચ્છતા, સુવ્યવસ્થિતતા, સરળતા હોવી જરૂરી છે. હોસ્પિટલ એવું સ્થળ છે કે જ્યાં સંવેદનશીલતાની સૌથી વધુ જરૂરિયાત હોય છે. નર્સથી લઈને તબીબ સુધીના સહુમાં સંવેદના વધે અને સારી ગુણવત્તાવાળી સારવાર મળે તે માટે આરોગ્ય કેન્દ્રોની ગુણવત્તાને પ્રમાણિત કરવા માટે કાયમી વ્યવસ્થા નિર્મિત કરવી જોઈએ, જેમાં સહયોગ આપવા સરકારની તૈયારી છે. તેવું સૂચન પણ મંત્રીશ્રીએ કર્યું હતું.

આજના સત્રમાં આરોગ્ય કમિશનર શ્રી હર્ષદ પટેલ, NABH- QCIના CEO ડૉ. અતુલ કોચર સહિતના મહાનુભાવોએ ‘હેલ્ધી ગુજરાતીઃ એફોર્ડબલ ક્વોલિટી હેલ્થકેર’ વિષય પર પેનલ ડિસ્કશન કર્યું.

# બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીનાએ શી જિનપિંગ સાથે મુલાકાત કરી

## ચીન ગ્રાન્ટ, વ્યાજમુક્ત લોન, કન્સેશનલ લોન અને કોમર્શિયલ લોન આપીને બાંગ્લાદેશને ચાર રીતે આર્થિક મદદ કરશે, બાંગ્લાદેશ-ચીન વચ્ચે ૨૧ કરાર

। (એજન્સી) બેઈજિંગ, તા.૧૧ ।

ચીનના રાષ્ટ્રપતિએ શેખ હસીના સાથેની દ્વિપક્ષીય બેઠક દરમિયાન કહ્યું હતું કે ચીન ગ્રાન્ટ, વ્યાજમુક્ત લોન, કન્સેશનલ લોન અને કોમર્શિયલ લોન આપીને બાંગ્લાદેશને ચાર રીતે આર્થિક મદદ કરશે. બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીનાએ બુધવારે બેઈજિંગમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને તેમના ચીની સમકક્ષ લી કિઆંગ સાથે મુલાકાત કરી હતી. બંને દેશોએ ૨૧ કરારો, એમઓયુ પર હસ્તાક્ષર કર્યા અને તેમના વ્યૂહાત્મક સહકારી સંબંધોને વધુ વધારવા માટે વધુ સાત પ્રોજેક્ટ્સની જાહેરાત કરી.બાંગ્લાદેશની સરકારી સમાચાર એજન્સી બાંગ્લાદેશ સમાચાર સંસ્થાએ અહેવાલ આપ્યો છે કે બેઠકો દરમિયાન, બંને દેશો તેમની 'વ્યૂહાત્મક ભાગીદારી'ને 'વ્યાપક વ્યૂહાત્મક સહકારી ભાગીદારી'માં અપગ્રેડ કરવા સંમત થયા હતા.શેખ હસીના સાથેની દ્વિપક્ષીય બેઠક દરમિયાન ચીનના રાષ્ટ્રપતિએ કહ્યું કે ચીન ગ્રાન્ટ્સ, વ્યાજમુક્ત લોન, કન્સેશનલ લોન અને કોમર્શિયલ લોન આપીને બાંગ્લાદેશને ચાર રીતે આર્થિક મદદ કરશે. બાંગ્લાદેશના પોસ્ટ, ટેલિકોમ અને આઈટી મંત્રાલયના રાજ્ય મંત્રી જુનૈદ અહેમદ પલકએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર બંને નેતાઓની મુલાકાતનો ફોટો પોસ્ટ કર્યો અને કહ્યું, 'ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ બુધવારે વડાપ્રધાન શેખ હસીનાને મળ્યા. પીપલમાં ગ્રેટ હોલ ઓફ ધ મેટ અને દ્વિપક્ષીય બેઠક કરી હતી.વિદેશ મંત્રી ડો.હસન મહમૂદે પત્રકારોને બંને નેતાઓ વચ્ચેની બેઠકના પરિણામ વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું, 'બંને નેતાઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ખૂબ જ સફળ ચર્ચા થઈ.'લી અને હસીના વચ્ચેની બેઠક વિશે માહિતી આપતા મ્જીજીએ જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત બાદ હસીના અને લીની હાજરીમાં કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. અગાઉ, બાંગ્લાદેશના વડા પ્રધાન દ્વિપક્ષીય બેઠક માટે પ હોંચ્યા કે તરત જ તેમનું રેડ કાર્પેટ સ્વાગત કરવામાં આવ્યું હતું. ચીનના વડાપ્રધાન લીએ તેમનું સ્વાગત કર્યું હતું.





### ન્યૂઝ બ્રિફ

## કેટલાક વિસ્તારોમાં હવામાન વિભાગે યેલો એલર્ટ જાહેર કર્યા

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

મુંબઈમાં છેલ્લા ઘણા દિવસોથી સતત વરસાદ વરસી રહ્યો છે. જોકે વરસાદ બંધ થઈ ગયો હતો પરંતુ એક વખત ફરી હવામાન વિભાગે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. આ વરસાદથી અમુક વિસ્તારોમાં નદિઓ ગાંડી બની છે. અમુક જગ્યાઓ પર વરસાદથી જનજીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયું છે. આ વચ્ચે ફરી મુંબઈ સહિત આખા રાજ્યમાં ભારે વરસાદની ચેતાવણી આપવામાં આવી છે. ઘણી જગ્યાઓ પર વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મંગળવારે બપોરથી મુંબઈ સહિત ઠાણેમાં વરસાદથી રાહ હતી. પરંતુ હવે હવામાન વિભાગ દ્વારા વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગની તરફથી આપવામાં આવેલી જાણકારી અનુસાર કોંકણના રાયગઢ, રત્નગિરી અને સિંધુદુર્ગ જિલ્લામાં વરસાદે યેલો એલર્ટ જાહેર કર્યો છે. ત્યાં જ મુંબઈની સાથે ઠાણે જિલ્લામાં પણ વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પશ્ચિમી મહારાષ્ટ્રના પુણે અને સતારા જિલ્લામાં પણ વરસાદનું યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તરી મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં વરસાદનું યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વિદર્ભના ગઢચિરૌલી, ચંદ્રપુર, ગોંદિયા, નાગપુર અને અમરાવતી જિલ્લા માટે પણ વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

## ૧૮ મહિનાનું DA એરિયર એક સાથે મળશે, સરકારને મળી પ્રપોઝલ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

૧ કરોડ કેન્દ્રીય કર્મચારીઓ અને પેંશનર્સ માટે સારા સમાચાર આવ્યા છે. કર્મચારીઓને ૧૮ મહિનાનું એરીયર મળી શકે છે. પીએમ મોદીને કેન્દ્રીય કર્મચારીઓ અને પેંશનર્સને કોરોના મહામારી દરમિયાન ૧૮ મહિનાના પેન્ડિંગ મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતનું પેન્ડિંગ ચૂકવણું આપવા અંગે પ્રપોઝલ મળ્યું છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે સંયુક્ત સલાહકાર મશીનરી, રાષ્ટ્રીય પરિષદ (કર્મચારી પક્ષ)ના સચિવ શિવ ગોપાલ મિશ્રાએ કેન્દ્ર સરકારને પહેલાં ૧૮ મહિનાના પેન્ડિંગ DAને ચૂકવવાનો આગ્રહ કર્યો છે. સરકારે નહોતું આપ્યું ૧૮ મહિનાનું પેન્ડિંગ DA એરીયર: કોરોના મહામારીને જોતાં કેન્દ્ર સરકારે જાન્યુઆરી ૨૦૨૦થી જૂન ૨૦૨૧ સુધી ૧૮ મહિના માટે DA અને ઢઇનું પેમેન્ટ રોકી દીધું હતું. આ પહેલાં ભારતીય સંરક્ષણ મજૂર સંઘના મહાસવિવ મુકેશ સિંહે કેન્દ્ર સરકાર પાસેથી પેમેન્ટ કરવાનો આગ્રહ કર્યો હતો. ૧૮ મહિનાનું DA એરીયર હજી સુધી પેન્ડિંગ છે. નાણાંમંત્રી નિર્મલા સિતારમણને એક પત્રમાં લખ્યું છે કે, કોરોના મહામારીથી ઉભા થયેલા પડકાર અને ત્યારબાદ આવેલી આર્થિક સમસ્યાઓને અમે સમજીએ છીએ. જેના કારણે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે DA અને DRની ત્રણ હપ્તા રોકી દેવાયા હતા.

### મહિલા IAS પૂજા ખેડકરે મુદ્દે ઘટસ્ફોટ

## માતા-પિતા પાસે ૪૦ કરોડની સંપત્તિ, પોતે નોન ક્રીમિલેયર ઉમેદવાર

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

મહારાષ્ટ્રની ચર્ચિત IAS અધિકારી પૂજા ખેડકરે સિવિલ સેવા પરીક્ષા પાસ કરવા માટે પોતાને નોન ક્રીમિલેયર ઓબીસી ઉમેદવાર ગણાવી હતી. જોકે તેના પિતાએ પોતાના ચૂંટણી સોગંદનામામાં ૪૦ કરોડ રૂપિયાની સંપત્તિ જણાવી હતી.

દરમિયાન IAS પૂજાના ઓબીસી નોન ક્રીમિલેયર ઉમેદવાર હોવા પર સવાલ ઉઠી રહ્યાં છે કે જો કોઈ ઉમેદવારના પિતાની સંપત્તિ ૪૦ કરોડ રૂપિયા હોય તો તેમની સંતાનને ઓબીસી નોન ક્રીમિલેયર કેવી રીતે માની શકાય છે. ચૂંટણી સોગંદનામા અનુસાર પૂજા ખેડકરના પેરેન્ટ્સ પાસે ૧૧૦



એકર કૃષિ જમીન છે, જે કૃષિ જમીન ટોચમર્યાદા કાયદાનું ઉલ્લંઘન કરે છે. આ સિવાય ૬ દુકાનો, સાત ફ્લેટ (એક હીરાનંદાનીમાં), ૯૦૦ ગ્રામ સોનું, હીરા, ૧૭ લાખની સોનાની ઘડિયાળ, ચાર કાર છે.

આ સાથે જ બે પ્રાઈવેટ કંપનીઓ અને એક ઓટોમોબાઈલ ફર્મમાં ભાગીદારી છે. એટલું જ નહીં પોતે IAS પૂજા ખેડકરની પાસે ૧૭ કરોડ રૂપિયાની સંપત્તિ છે. એટલું જ નહીં એ પણ સામે આવ્યું છે કે પૂજા ખેડકરે યુપીએસસીને સોંપેલા સોગંદનામામાં પોતે દ્રષ્ટિ ક્ષતિગ્રસ્ત અને માનસિક રીતે બિમાર હોવાનો દાવો કર્યો હતો. ખેડકરે આ દિવ્યાંગતા સર્ટિફિકેટનો ઉપયોગ UPSCમાં સિલેક્શન માટે વિશેષ છૂટછાટો પ્રાપ્ત કરવા માટે કર્યો હતો. સિવિલ સેવા પરીક્ષામાં ઓછા માર્ક્સ પ્રાપ્ત કર્યા બાદ પણ છુટછાટોના કારણે પૂજા ખેડકરે પરીક્ષા પાસ કરી લીધી. પૂજા ખેડકરે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની પરીક્ષામાં ૮૪૧મો રેન્ક મેળવ્યો હતો. પૂજાની માતા અહમદનગર જિલ્લાના ભાલગાંવના સરપંચ છે. પૂજાના પરિવારમાં તેમના પિતા અને દાદા બંને વહીવટી સેવાઓમાં રહ્યાં છે. તેમના પિતાએ તો પૂણેમાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે પણ કામ કર્યું. IAS પૂજા ખેડકરની પૂણેથી વાશિમ જિલ્લામાં ટ્રાન્સફર કરી દેવાઈ છે. મહારાષ્ટ્ર સરકારે સત્તાના દુરુપયોગની ફરિયાદોના કારણે ખેડકરની ટ્રાન્સફર કરી છે. પૂણે કલેક્ટર ડો. સુહાસ દિવાસેએ મુખ્ય સચિવને પત્ર લખીને પૂજા ખેડકરની ફરિયાદ કરી હતી. હવે તેમને વાશિમ જિલ્લાના એડિશનલ આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિમણૂક મળી છે.

## ડુક્કરની કિડની અને હૃદય ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું

। (એજન્સી) ન્યુ જર્સી, તા.૧૧ ।

ન્યુ જર્સીની રહેવાસી ૫૪ વર્ષની લિસા પિસાનોને હાર્ટ ફેલ્યોર અને છેલ્લા સ્ટેજની કિડનીની બીમારી હતી. તેને નિયમિત ડાયાલિસિસની જરૂર હતી. હાર્ટ અને કિડની ફેલ થવાને કારણે શસ્ત્રક્રિયા દ્વારા ડુક્કરના અંગો તેમનામાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા હતા. થોડા મહિના પહેલા અમેરિકામાં એક મહિલાની સર્જરી કરવામાં આવી હતી અને તેનામાં એક ડુક્કરની કિડની અને હાર્ટ ઈમ્પ્લાન્ટ કરવામાં આવ્યું હતું. આ પ્રકારનો આ પ્રથમ પ્રસંગ હતો, જ્યારે માનવમાં સંયુક્ત હાર્ટ પંપ અને પિગની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. હવે સમાચાર છે કે આ મહિલાનું મૃત્યુ થયું છે.આ સર્જરી ન્યુ જર્સીના એનવાયયુ લેંગોન ખાતે કરવામાં આવી હતી. ન્યુ જર્સીની રહેવાસી ૫૪ વર્ષની લિસા પિસાનોને હાર્ટ ફેલ્યોર અને છેલ્લા સ્ટેજની કિડનીની બીમારી હતી. તેને નિયમિત ડાયાલિસિસની જરૂર હતી. હાર્ટ અને કિડની ફેલ થવાને કારણે શસ્ત્રક્રિયા દ્વારા ડુક્કરના અંગો તેમનામાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા હતા.મળતી માહિતી મુજબ, ૪ એપ્રિલે લિસાના શરીરમાં હાર્ટ પંપ લગાવવામાં આવ્યો હતો.

### કેન્દ્ર સરકારે સોગંદનામું દાખલ કર્યું હતું

## NEET કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં મુલતવી રાખવામાં આવી

### આ કેસને લગતી ૪૩ અરજીઓ કોર્ટમાં લિસ્ટેડ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

NEET કેસની સુનાવણી આજે સુપ્રીમ કોર્ટમાં મુલતવી રાખવામાં આવી છે. હવે આ મામલે સુનાવણી ૧૮ જુલાઈના રોજ થશે. આ કેસને લગતી ૪૩ અરજીઓ કોર્ટમાં લિસ્ટેડ છે. CJI ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેંચ આ કેસની સુનાવણી કરશે. ગઈકાલે કેન્દ્ર સરકારે આ મામલે સોગંદનામું દાખલ કર્યું હતું. એફિડેવિટમાં કહેવામાં આવ્યું હતું કે પેપર લીક ખૂબ જ નીચા સ્તરે થયું છે, તેથી ફરીથી પરીક્ષા યોજવી યોગ્ય નથી. કેન્દ્ર સરકારે NEET મુદ્દે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી છે.



એફિડેવિટમાં કહેવામાં આવ્યું છે કે IIT મદ્રાસે ડેટાનું વિશ્લેષણ કર્યું અને ડેટામાં કોઈ અસાધારણતા કે કોઈ સામૂહિક ભૂલ મળી નથી. કેન્દ્રએ તમામ મુદ્દાઓ પર વિચારણા કરવા માટે ૭ સભ્યોની નિષ્ણાત પેનલની રચના કરવાની પણ દરખાસ્ત કરી હતી જેથી ભવિષ્યમાં આવી પેપર લીકની સમસ્યા ઊભી ન થાય. વધુમાં કહેવામાં આવ્યું હતું કે કાઉન્સેલિંગ પ્રક્રિયા જુલાઈના ત્રીજા સપ્તાહથી શરૂ કરીને ૪ તબક્કામાં હાથ ધરવામાં આવશે. જો કોઈપણ ઉમેદવારે કોઈપણ ગેરરીતિનો લાભ લીધો હોવાનું જણાશે, તો કાઉન્સેલિંગ પ્રક્રિયા દરમિયાન અથવા પછી પણ કોઈપણ તબક્કે આવા ઉમેદવારનો પ્રવેશ રદ કરવામાં આવશે. સરકારે એફિડેવિટમાં વધુમાં કહ્યું છે કે મદ્રાસ IITને ડેટા એનાલિસિસ દ્વારા અનિયમિતતામાં સામેલ લોકોની તપાસ કરવા વિનંતી કરવામાં આવી છે. તેમનું વિશ્લેષણ દર્શાવે છે કે પરીક્ષામાં ઉચ્ચ ગુણ મેળવનારાઓની સંખ્યા ઓછી હોવાથી કોઈ મોટી ગેરરીતિ થઈ નથી.

### બાંગ્લાદેશી માસ્ટરમાઈન્ડ સહિત છ લોકો ઝડપાયા

## માનવ અંગોની તસ્કરીના કૌભાંડનો પર્દાફાશ કરાયો

### ડોનર અને રિસીવર બાંગ્લાદેશથી છે જેમને ભારતમાં લવાયા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

દિલ્હી પોલીસ દ્વારા માનવ અંગોની તસ્કરીના કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. દિલ્હી પોલીસે બાંગ્લાદેશ અને દિલ્હી-NCRમાં ચાલતા કથિત માનવ અંગોની તસ્કરીના રેકેટમાં આજે ગુરુવારે બાંગ્લાદેશી માસ્ટરમાઈન્ડ અને દિલ્હી સ્થિત ડૉક્ટર સહિત ઓછામાં ઓછા છ લોકોની ધરપકડ કરી છે. મહિલા ડૉક્ટર જે હવે દક્ષિણપૂર્વ દિલ્હીની એક જાણીતી હોસ્પિટલમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ સર્જન તરીકે કામ કરે છે, તેણી કથિત રીતે ૨૦૨૧ અને ૨૦૨૩ વચ્ચે બાંગ્લાદેશના કેટલાક



લોકોની સર્જરીમાં સામેલ હતી તેમ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું. દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે એક ગુપ્ત સૂચનાના આધારે બે મહિનાથી આ કેસ પર કામ કરી રહી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મોટાભાગના ડોનર અને રિસીવર બાંગ્લાદેશથી છે જેમને સર્જરી માટે બનાવટી દસ્તાવેજોના આધાર પર ભારતમાં લાવવામાં આવ્યા હતા. મહિલા ડૉક્ટરે કથિત રીતે નોઈડા સ્થિત ખાનગી હોસ્પિટલમાં સર્જરી કરતી હતી જ્યાં તે મુલાકાતી સલાહકાર હતી. આ ઉપરાંત ધરપકડ કરાયેલા ડોકટરના એક સહાયક અને ત્રણ બાંગ્લાદેશી નાગરિકો સહિત ચાર અન્યની પણ ધરપકડ કરવામાં આવી છે. છેલ્લા બે સપ્તાહના સમયગાળામાં આ ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૧૯થી ચાલી રહેલા આ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ રેકેટ અંગે દિલ્હી પોલીસ કમિશ્નર અમિત ગોયલે કહ્યું કે, "તેઓ દરેક ટ્રાન્સપ્લાન્ટ માટે ૨૫-૩૦ લાખ રૂપિયા ચાર્જ કરતા હતા.

### કર્ણાટકમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ બેવડી કાર્યવાહી

## ED અને લોકાયુક્ત દ્વારા મોટા દરોડા પાડવામાં આવ્યા

### EDની ટીમે ૮૯.૬૩ કરોડ રૂપિયાના ગેરકાયદે ટ્રાન્સફર સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં દરોડા પાડયા હતા

। (એજન્સી) કર્ણાટક, તા.૧૧ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે EDએ કર્ણાટકમાં મોટો દરોડો પાડ્યો છે. મળતી માહિતી મુજબ, EDના આ દરોડા ગત બુધવારથી ચાલી રહ્યા છે જેમાં પૂર્વ ધારાસભ્ય અને મંત્રીના સ્થાનો પર પણ કાર્યવાહી ચાલી રહી છે. EDએ મની લોન્ડરિંગ કેસની તપાસના સંદર્ભમાં આ દરોડા પાડ્યા છે. તે જ સમયે, ખાસ વાત એ છે કે, કર્ણાટકમાં લોકાયુક્ત વિભાગ દ્વારા પણ જુદા જુદા જિલ્લાઓમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. માહિતી મુજબ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમે ૮૯.૬૩ કરોડ રૂપિયાના ગેરકાયદે ટ્રાન્સફર સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં દરોડા પાડ્યા છે. હકીકતમાં,



કર્ણાટક મહર્ષિ વાલ્મીકી અનુસૂચિત જનજાતિ વિકાસ નિગમ (કર્ણાટક સરકાર)ના SB ખાતા અને SOD ખાતામાંથી ગેરકાયદેસર રીતે ભંડોળના ટ્રાન્સફરના આરોપો બહાર આવ્યા છે. માહિતી મુજબ, લગભગ ૮૯.૬૩ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવાનો આરોપ છે. આ સંબંધમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમે દરોડા પાડ્યા છે. કર્ણાટક મહર્ષિ વાલ્મિકી અનુસૂચિત જનજાતિ વિકાસ નિગમનું ખાતું બેંગલુરુના MG રોડ પર આવેલી યુનિયન બેંકમાં હતું.

### રશિયાએ સેનામાં ભરતીના પ્રવેશ પર કહ્યું

## 'અમે ક્યારેય તેમની ભરતી કરવા માંગતા ન હતા પરંતુ.'

### ગયા મહિને, વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે રશિયન સૈન્યમાં સેવા આપતા ભારતીય નાગરિકોનો મુદ્દો "અત્યંત ચિંતાનો વિષય" છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

રશિયાએ બુધવારે કહ્યું હતું કે તે રશિયન આર્મીમાં સહાયક સ્ટાફ તરીકે ભરતી કરાયેલા ભારતીયોને પરત કરવા માટે ભારતના કોલ સંબંધિત મુદ્દાના વહેલા ઉકેલની રાહ જોઈ રહ્યું છે. રશિયાએ કહ્યું કે તેમની ભરતી એ સંપૂર્ણપણે વ્યવસાયિક બાબત છે. આ મુદ્દા પર રશિયન સરકારની પ્રથમ ટિપ્પણીમાં, રશિયાના ચાર્જ ડી અફેર્સ રોમન બાબુશકિને કહ્યું કે મોસ્કો ક્યારેય ઈચ્છતું ન હતું કે ભારતીયો તેની સેનાનો ભાગ બને અને સંઘર્ષમાં તેમની સંખ્યા નજીવી છે. એક પ્રશ્નના જવાબમાં તેમણે મીડિયા બ્રીફિંગમાં કહ્યું, 'આ મુદ્દે અમે ભારત સરકારની સાથે છીએ. અમે આશા રાખીએ છીએ કે આ મુદ્દો જલ્દી ઉકેલાઈ જશે.



બાબુશકીનની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે આ મુદ્દો 'મજબૂત' ઉઠાવ્યો છે અને રશિયાએ રશિયન સેનામાં સહાયક સ્ટાફ તરીકે કામ કરતા ભારતીય નાગરિકોને વહેલી તકે મુક્ત કરવાની માંગ કરી છે અને સ્વદેશ પરત ફરવાનું વચન આપ્યું છે. બાબુશકિને કહ્યું કે આ મુદ્દાનું રાજનીતિકરણ ન થવું જોઈએ. તેમણે કહ્યું, 'આપણે તે સંપૂર્ણ રીતે સ્પષ્ટ કરવું જોઈએ, અમે ક્યારેય નથી ઈચ્છતા કે ભારતીયો રશિયન સેનાનો ભાગ બને. તમે ક્યારેય રશિયન સત્તાવાળાઓ તરફથી આ અંગે કોઈ જાહેરાત જોઈ નથી. રશિયન રાજદ્વારીએ જણાવ્યું હતું કે મોટાભાગના ભારતીયોને વ્યાપારી માળખા હેઠળ ભરતી કરવામાં આવ્યા હતા કારણ કે તેઓ 'પૈસા કમાવવા' માંગતા હતા. ભારતીયોની સંખ્યા - ૫૦, ૬૦ અથવા ૧૦૦ - સંઘર્ષમાં મહત્વની નથી.'' તેઓ ત્યાં ફક્ત વ્યાપારી કારણોસર છે અને અમે તેમની ભરતી કરવા માંગતા ન હતા,'' તેમણે કહ્યું. સપોર્ટ સ્ટાફ તરીકે ભરતી કરાયેલા મોટાભાગના ભારતીયો ગેરકાયદેસર રીતે કામ કરી રહ્યા છે કારણ કે તેમની પાસે કામ કરવા માટે યોગ્ય વિઝા નથી. તેમાંથી મોટાભાગના પ્રવાસી વિઝા પર રશિયા આવ્યા હતા.

### ૧,૦૦૦થી વધુ કન્ટેનર સાથે બંદર પર આવ્યું

## અદાણી ગ્રુપના વિઝીનજામ બંદર પર પ્રથમ મધરશિપ સાન ફર્નાન્ડો પહોંચ્યું

### જહાજનું પરંપરાગત સલામી સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, ત્યારબાદ તે સફળતાપૂર્વક બર્થ પર પહોંચ્યું

। (એજન્સી) તિરુવનંતપુરમ, તા.૧૧ ।

કેરળના કોવલમ બીચ નજીક ભારતના પ્રથમ ટ્રાન્સ-શિપમેન્ટ અદાણી ગ્રૂપના વિઝીનજામ ઈન્ટરનેશનલ બંદરે આજે ગુરુવારે મધરશિપ સાન ફર્નાન્ડો પહોંચ્યું હતું. વિશ્વની બીજી સૌથી મોટી શિપિંગ કંપની મકર્સના જહાજ 'સાન ફર્નાન્ડો'એ ૧,૦૦૦થી વધુ કન્ટેનર સાથે બંદર પર પહોંચીને ઈતિહાસ રચ્યો હતો. આ વિશાળ જહાજનું પરંપરાગત સલામી સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, ત્યારબાદ તે સફળતાપૂર્વક બર્થ પર પહોંચ્યું હતું. આ પ્રસંગે કેરળના બંદર મંત્રી વી.એન. વસાવા, અદાણી પોર્ટના અધિકારીઓ અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે મધરશિપનું સ્વાગત કર્યું હતું. પ્રથમ મધરશિપના આગમન સાથે, અદાણી ગ્રુપના



વિઝીનજામ પોર્ટે ભારતને વૈશ્વિક શિપિંગ વ્યવસાયના લેવલ પર લાવી દીધું છે. આ રીતે આ બંદર વૈશ્વિક સ્તરે છઠ્ઠા કે સાતમા સ્થાને હશે. શુક્રવારે યોજાનારા સમારોહમાં કેન્દ્રીય બંદરો, શિપિં ગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ, કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયન અને અદાણી પોર્ટ્સ એન્ડ SEZ લિમિટેડ (APSEZ)ના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણી હાજર રહેશે. સત્તાવાર ઉદ્ઘાટન બાદ તરત જ મધરશિપ કોલંબો માટે રવાના થશે. આ પછી ઘણા બધા બીજા જહાજો સામાન લઈને અહીં આવવાના છે. આ સાથે પોર્ટના પ્રથમ તબક્કાનું કામ શુક્રવારે જ સત્તાવાર રીતે પૂર્ણ થશે.

## તંત્રી લેખ...

# આરક્ષણ અને સંવિધાનને લઇને વિપક્ષી દુષ્ટપ્રચાર

ભાજપના નેતૃત્વમાં રાજગ સરકાર ગઠિત થવા છતાંયે હજી સુધી ચૂંટણી પ્રદર્શનનું અલગ અલગ દષ્ટિકોણથી વિશ્લેષણ થઈ રહયું છે. આ ચૂંટણીમાં ભાજપનું પ્રદર્શન અપેક્ષા કરતા થોડું નબળું અને ગત ચૂંટણીની તુલનામાં ૬૩ બેઠકો ગૂમાવવી પડી છે. આમ થવા અંગેના કારણોની તપાસ થઈ રહી છે. જેમાં મુખ્ય કારણ આરક્ષણ અને સંવિધાનને લઈને વિપક્ષી દુષ્પ્રચાર એવો રહ્યો હતો કે ભાજપા આરક્ષણ-સંવિધાન સાથે છેડછાડ કરશે. આ જૂઠાણાને ભાજપ યોગ્ય સમયે, યોગ્ય રીતે કાપી ન શકી અને તેની રાજનીતિક કિંમત ચૂકવવી પડી. જોકે ભાજપે સંવિધાન સંરક્ષણથી લઈને દલિતો-આદિવાસીઓ અને ઓબીસી વર્ગ માટે જે કાંઈ કર્યુ છે તે થકી તે વિપક્ષી એજન્ડાની હવા કાઢી શકતું હતું. પરંતુ ભાજપ મતદારોને એ વાત સમયસર, સ્પષ્ટપણે જણાવી ન શકયું કે તેણે દલિતો અને ઓબીસીના હિતમાં કેટલા વ્યાપક પગલાં ભર્યા છે. અગાઉ અટલબિહારી વાજપેયીના કાર્યકાળમાં સંસદ અને રાજય વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ માટે આરક્ષણની સમયસીમાને દસ વર્ષ આગળ વધારવા સંબંધી સંવિધાન સંશોધનને જાન્યુઆરી ૨૦૦૦માં મંજૂરી પ્રદાન કરવામાં આવી હતી. મોદી સરકાર પણ આ જ રસ્તે આગળ વધી. તેણે જાન્યુઆરી ૨૦૨૦માં આરક્ષણને ૧૦૪મા સંવિધાન સંશોધનના માધ્યમથી દસ વર્ષ માટે આગળ વધાર્યો. વર્ષ ૧૯૫૦માં સંવિધાન લાગૂ થયા બાદ આ આરક્ષણનું ૧૦ વર્ષ માટે પ્રાવધાન કરાયું હતું. જો કે એ સત્ય છે કે એક બાદ એક સરકારોમાં આ આરક્ષણને આગળ વધારવાની પરંપરા રહી હતી પરંતુ જો ભાજપના મનમાં કોઈ ખોટ હોત તો શું તેની સરકાર આ કદમ ઉઠાવતી? વાજપેયી સરકાર દરમ્યાન ત્રણ અન્ય સંવિધાન સંશોધનોથી દલિત અને ઓબીસી વર્ગ પ્રતિ તેની પ્રતિબદ્ધતા રેખાંકિત થાય છે. વાજપેયી સરકારે જૂન ૨૦૦૦માં ૮૧મા સંશોધનના માધ્યમથી અનુચ્છેદ ૧૬માં સંશોધન કરીને બેકલોગ જગ્યાઓમાં એસસી અને એસટીના આરક્ષણને સંરક્ષણ પ્રદાન કર્યુ. જાન્યુ.૨૦૦૨માં વાજપેયી સરકારે ૮૫મા સંશોધનના માધ્યમથી અનુચ્છેદ ૧૬માં પુનઃ સંશોધન કર્યુ. જે એસસી, એસટીના લોકોની ઉન્નતિમાં વરિષ્ઠતાના ક્રમને સંબોધિત કરવા અંગે કેન્દ્રિત હતો. વાજપેયી સરકાર દ્વારા કરાયેલ ૮૯મા સંવિધાન સંશોધન પણ મહત્વપૂર્ણ રહ્યો, જેમાં રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આયોગને અલગ અલગ ભાગમાં વિભાજીત કરાયો. મોદી સરકારે પણ વાજપેયી સરકારની તે જ વિરાસતને આગળ વધારી અને તેને સમૃદ્ધ કરી.

## રશિયા-યુકેન યુદ્ધને કારણે તમામ દેશોની અર્થવ્યવસ્થાને ઓછી-વત્તી અસર થઈ છે

ત્રીજી વખત સત્તા સંભાળ્યા પછી પોતાની પહેલી વિદેશ યાત્રા માટે આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાની પસંદગી કરી. છેલ્લા બે કાર્યકાળમાં તેઓએ પોતાની પ્રથમ વિદેશ યાત્રા માટે પડોશી દેશોની પસંદગી કરી હતી. સ્વાભાવિક છે કે ૨૦૧૪ અને ૨૦૧૯ની તુલનામાં આજના વૈશ્વિક પડકારો ઘણી બધી રીતે અલગ છે. રશિયા-યુકેન યુદ્ધને કારણે તમામ દેશોની અર્થ વ્યવસ્થાને ઓછી-વત્તી અસર થઈ છે. આવા સંયોગો વચ્ચે વડાપ્રધાને એવો મેસેજ આપવાનો પ્રયત્ન કર્યો છે કે ભારત પોતાના વિશ્વાસપાત્ર મિત્ર દેશ તરીકે રશિયાનું મહત્ત્વ સમજે છે. રશિયા પણ ભારતીય વડાપ્રધાનની મુલાકાતના મહિમાથી સારી રીતે વાકેફ છે. વડાપ્રધાન મોસ્કો તરફ ઉડ્ડયન શરૂ કરે એ પહેલાં ક્રેમલિન પ્રવક્તા દિમિત્રી પેસ્કોપે કહ્યું કે અમે સંબંધોના નવા ઘટાટોપ આકાશની ધારણા રાખીએ છીએ જે ઉભય પક્ષે અતિશય મહત્ત્વપૂર્ણ છે. ભારત અને રશિયાના ટોચના નેતાઓની છેલ્લી વાર્ષિક શિખર મંત્રણા ડિસેમ્બર ૨૦૨૧માં યોજાઈ હતી. ત્યારે રશિયન રાષ્ટ્રપ્રમુખ પુતિન પોતે જ નવી દિલ્હી આવ્યા હતા. એના પછી આ બંને નેતાઓની સત્તાવાર મંત્રણા યોજાઈ શકી ન હતી. છતાં બંને દેશોના સંબંધો ઉષ્માપૂર્ણ રહ્યા હતા. આ મધુર સંબંધોની એક ઝલક આંતરરાષ્ટ્રીય ક્ષિતિજે ત્યારે જોવા મળી જ્યારે યુક્રેન યુદ્ધને કારણે રશિયાની વિરુદ્ધ તમામ પ્રતિબંધોની અવહેલના કરીને, પશ્ચિમી દેશોના અભિગમની ઉપેક્ષા કરીને ભારતે રશિયા પાસેથી પેટ્રોલિયમ પેદાશો ખરીદવાનું ચાલુ રાખ્યું. એટલું જ નહીં, અગાઉ કરતાં પ્રમાણમાં ઘણી વધુ આયાત કરી. એથી રશિયા અને ભારત બંને પક્ષે ઘણો ફાયદો થયો. અબજો ડોલરની બચત થઈ. હાલની વડાપ્રધાન મોદીની રશિયા મુલાકાતે પશ્ચિમી દેશોને પણ એવો મેસેજ આપ્યો છે કે ભારત પોતાની સ્વતંત્ર વિદેશ નીતિને અનુસરે છે અને આંતરરાષ્ટ્રીય સમુદાયમાં પોતાના અભિગમનો નિર્ણય જાતે જ કરે છે. જોકે આ અભિગમ કોઈને પણ નુકસાનકર્તા નથી અને બીજા કોઈના પણ હિતને નડે એમ નથી. નોંધપાત્ર ઘટના એ છે કે વડાપ્રધાન મોદીની આ મુલાકાત ત્યારે યોજાઈ છે જ્યારે રશિયા વિરોધી નાટો રાષ્ટ્ર સમૂહની અમેરિકામાં બેઠક ચાલી રહી છે. કોઈ એક દેશ સાથેના સંબંધોનો ભોગ આપીને બીજા દેશ સાથે તાર જોડવાનું કામ ભારત કદી કરતું નથી. મોડે મોડે પણ પશ્ચિમના દેશોને આ વાત હવે સમજાવા લાગી છે. કદાચ આ જ કારણ છે કે અમેરિકા સાથેના ભારતના સંબંધો છેલ્લા બે દાયકામાં ઘણા સુધર્યા છે અને ભારતની જરૂરિયાતોને વોશિંગ્ટન હવે સારી રીતે સમજે છે. જ્યાં સુધી રશિયા સાથેના સંબંધોની વાત છે તો એની સાથે ઉર્જા, સંરક્ષણ, વ્યાપાર, ઔદ્યોગિક રોકાણ, સ્વાસ્થ્ય, શિક્ષણ, સંસ્કૃતિ પર્યટન વગેરે ક્ષેત્રોમાં ભારતે ગાઢ સંબંધો કેળવેલા છે. હવે બદલાયેલા વૈશ્વિક રાજકીય પરિપ્રેક્ષ્યમાં આ બધા પર એક પ્રકારે પારસ્પરિક વિમર્શ અને નવીનીકરણ જરૂરી છે. ભારતે દરેક દેશના સાર્વભૌમત્વને સત્કારથી જોયું છે અને એટલે કદી પણ યુક્રેન પર રશિયાના આક્રમણને સમર્થન આપ્યું નથી. વડાપ્રધાન મોદી અનેક પ્રસંગોએ રશિયા - યુક્રેન બંને દેશો વચ્ચે વાટાઘાટો શરૂ કરવાનો આગ્રહ કરી ચૂક્યા છે. શક્ય છે કે રાષ્ટ્રપ્રમુખ પુતિન સાથે ટહેલતી વેળાએ અનૌપચારિક રીતે આ મુદ્દા પર પણ વડાપ્રધાન મોદીએ વાત કરી હોય. રશિયા, ચીન અને ઈરાન વચ્ચે સતત વધતા જતા હુંફાળા સંબંધો ઉપર પણ ભારતની તીક્ષ્ણ નજર છે. વડાપ્રધાન મોદીએ રશિયાને એમ કહેવાની તક આપી છે કે તે લોકતાંત્રિક રાષ્ટ્રોથી સાવ અલગ પડી ગયેલો દેશ નથી. રશિયાનો ભારત સાથેનો ઈતિહાસ બહુ ઉજ્જ્વળ છે. તત્કાલીન વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીના જમાનામાં રશિયાએ પોતાના બધા નિયમો નેવે મૂકીને ભારતનું સમર્થન કર્યું હતું. એ જમાનો અમેરિકાની વધુ પડતી દાદાગીરીનો હતો.

### માનવી એક સામાજિક પ્રાણી છે, અને એને કોઈને કોઈનાં સાથ સહકારની નિતાંત જરૂર પડે જ છે

# શાંતિ અને આનંદ એ આપણો શાશ્વત સ્વભાવ છે, પણ એને પવિત્રતા વગર પ્રાપ્ત કરી શકાતાં નથી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**શાંતિ માટે આપણે સુખનાં ડાયરા માંથી બહાર પગ મૂકવો જ પડે! તો જ મળે! પણ આપણે છીએ કે એવું કરી શકતા નથી, અને સુખનું બહુવચન શાંતિ હોય, એમ વધુને વધુ સુખ માટે સતત ભટકતાં રહીએ છીએ, જેમ તનની શક્તિ માટે આહાર જરૂરી છે, એ જ રીતે મનનો આહાર માનવીને ખુશ રાખી શકે!**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજકાલ તો વિજ્ઞાનના વિકાસને કારણે, કેટલીય પ્રકારની યાંત્રિક શક્તિ માનવીની જરૂરિયાત બની ગઈ છે, અને સુખ સુવિધા માટેનાં અધ્યતન સાધનો બજારમાં ઉપલબ્ધ છે, અને એ પણ લોનથી, એટલે કહેવું શું! પરંતુ યંત્ર આપણને સુખ આપી શકે શાંતિ નહીં, એ આપણે સૌ જાણીએ છીએ! કારણ કે માનવી એક સામાજિક પ્રાણી છે, અને એને કોઈને કોઈનાં સાથ સહકારની નિતાંત જરૂર પડે જ છે. માટે શાંતિ માટે આપણે સુખનાં ડાયરા માંથી બહાર પગ મૂકવો જ પડે! તો જ મળે! પણ આપણે છીએ કે એવું કરી શકતા નથી, અને સુખનું બહુવચન શાંતિ હોય, એમ વધુને વધુ સુખ માટે સતત ભટકતાં રહીએ છીએ.જેમ તનની શક્તિ માટે આહાર જરૂરી છે, એ જ રીતે મનનો આહાર માનવીને ખુશ રાખી શકે! આપણને સવાલ થાય કે મનનો આહાર શું હોય શકે! મનનો આહાર એટલે મનોરંજન! મનને ગમતી ક્રિયા એ મનનો આહાર છે! પણ આ મનોરંજનનું સાધન આપણાં એકની ખુશીને લઈ ને હોય તો પણ, અન્યને નુકસાન કર્તા તો ન જ હોવું જોઈએ! આપણી ખુશી અન્યના ગમ કે દુઃખનું કારણ બનતું નથી ને ! જે જોવું હવે નિરર્થક હોય એમ કોઈ જોતું નથી, અને માટે ખુશી લાંબો સમય ટકતી નથી, અથવા તો ખુશીમાં પણ બેચીની એટલે કે અશાંતિ પડઘાતી હોય એવું લાગે છે. કોઈની આહ નીકળવી કે આંસુ સરવા આ બંને હિંસા છે અને એટલે શાંતિ પહેલા અહિંસાને આજીવન વ્રત બનાવવું પડે, અને પેટા પગથિયાં રૂપે આપણે તેને આત્મસાત કરીએ તો શાંતિ મળે. અહિંસાનો ભાવ અંતરમાં લાવવો, કે કેળવવો એ બહુ જ અઘરું છે. કારણ કે પહેલા તો અહિંસા વિશે સમાજમાં બહુ બધી ગેર માન્યતાઓ પ્રચલિત છે, કે અહિંસા એ આખરે કઈ રીતે સિદ્ધ થાય, અને એની માટે આપણે ત્યાં ઘણાં બધાં ધર્મોને એ જુદા જુદા અર્થ કરેલાં છે, વિદ્વાનોએ પણ એને વિષે ટીકા ટિપ્પણી કરેલી છે. પણ સાવ સામાન્ય એટલે કે સરળ ભાષામાં કહીએ તો જે હિંસક નથી, તે ભાવ એટલે અહિંસા. બાકી અન્ય જીવ શ્રેણીમાં જોઈએ તો ઉપભોગ અને ઉપભોક્તાની આ સાયકલમાં કોઈનાં જીવન માટે કોઈનું મૃત્યુ નિશ્ચિત છે. પણ માનવી માટે હિંસા એટલે પ્રતાડિત કરવું, કોઈને હેરાન કરવું, કે પરેશાન કરવું. હિંસાનો અર્થ હત્યા કે મારી નાખવા પુરતો સિમિત ન રહે, તો જ અહિંસાના ભાવ સુધી



પહોંચાય. કારણકે મારવા કરતાં પણ કોઈના દિલને દુઃખી કરવું એ મૂળ હિંસા છે. પૃથ્વી પર ૮૪ લાખ યોની અસ્તિત્વ ધરાવે છે, અને એ દરેકનું આયુષ્ય નક્કી જ હોય છે. એટલે હવામાં રહેલા જંતુઓ તો આપણા શ્વાસો શ્વાસની ક્રિયાથી પણ મારતા હોય છે, તો શું આપણે શ્વાસ લેવા બંધ કરી દેવા! વગર કારણે કોઈને પણ હેરાન ન કરવા, પરેશાન ન કરવા, કે ન મારવા એ અહિંસાનો મૂળ ભાવ છે. દાખલા તરીકે અત્યારે ચોમાસામાં મચ્છર માખીનો પ્રકોપ છે, તો એનાથી બચવા બધાં જ ઘરમાં જુદી જુદી રીતે, ઓલ આઉટ, કાલા હીટ, કે મચ્છરના રેકેટ, કે તેની અગરબત્તી કરવામાં આવે છે, અને થવું જ જોઈએ. એજ રીતે વાંદા ધનેડા કે ઈયળનો જીવ કોઈ બચાવતું નથી, કે કોઈ તેને પાળતુ હોય એવું જોવા મળતું નથી, અને આ બધાં જ જીવ પાછાં રાક્ષસી છે, એટલે કે ખૂબ માત્રામાં એનો ઉપદ્રવ થાય છે. તો બહુ સ્વાભાવિક રીતે જ આવા જીવ ને મારવાં એ હિંસા નથી, પણ કંઈ રીતે મારીએ છીએ, એ ભાવ આપણાં સ્વભાવમાં રહેલી હિંસકતા દેખાડે છે. પોતાની શક્તિ બતાડી શકતા ન્હોય, એ રીતે નાના જીવને ક્રૂરતાથી મારીને વિકૃત આનંદ લેતા હોય તો,એ હિંસાનો ભાવ છે. પણ સામાન્ય રીતે અંદરનાં ભાવમાં ફેરફાર ન થાય તેમ આ ક્રિયા થાય તો એટલો દોષ વધતો નથી, કે અંતરની શુદ્ધતા ઘટતી નથી. શક્તિથી શાંતિ સુધીની સફરમાં એક એક પગથિયું શાંતિ માટે જરૂરી છે, એટલે કે શક્તિ માટે જો યોગ્ય આહાર લેવાય તો શરીર સ્વસ્થ રહે અને રોગ બાબત શાંતિ રહે. બુદ્ધિ માટે અંતઃકરણ ચતુષ્કોણ સંતુલિત રહે એ રીતે મનની ઈચ્છા સંતોષવામાં આવે તો દુર મતિ થી બચી શકાય, અને એ રીતે શાંતિ. વિદ્યા એટલે કે અહંકાર શૂન્ય થઈ જ્ઞાનની ગરિમા જળવાય તો મનુષ્ય જીવનનું મહત્વ સમજાય, અને પોતાની લાક્ષણિકતા માટે તત્વતઃ ઈશ્વર તરફ આભાર વ્યક્ત થાય, કે પછી કંઈક વિશેષ મળવાથી ખુશ પણ થાય. સૌ સમાનની સમજ સંવેદના અને મૈત્રી ભાવને કારણે સૌ સાથે જોડાય અને એ રીતે સાથ સહકારથી ખુશી બેવડાય છે. અહીં કર્તા હર્તા ને સમાહર્તા ઈશ્વર છે એ જ્ઞાન સૌને ક્ષમા કરવાની ઉદારતા બતાવે, અને પોતાની ભૂલ વખતે ક્ષમા માંગવાની પણ તૈયારી બતાવી સૌનાં દિલમાં પ્રીતિનું સ્થાન પ્રાપ્ત કરે છે. આમ હદયમાં ઈશ્વર પ્રત્યેની અનન્ય શ્રદ્ધા અને વિશ્વાસ ભક્ત ને ભક્તિની શક્તિ પ્રદાન કરે છે, અને ધીરે ધીરે ઉદારતા, દયાળું, માયાળુ, પ્રેમાળ, અને કરુણાનાં ભાવો થી હદય ભરાય જાય છે, જ્યાં હિંસાનો ભાવ સાવ નાબૂદ થઈ જાય છે, અને હવે સ્વભાવમાં જે જવલ્લે જ જોવા મળતા હતાં, એ આક્રમકતા, ક્રોધ, કામ, વાસના, જેવા તમામ દૂષણોનું નિવારણ થતાં જીવ શાંત થાય છે. આમ એક એક પગથિયે ૧૦% ૧૦% શાંતિ મેળવતા મેળવતા ૧૦૦% શાંતિ સુધી પહોંચાય છે, આમાં કોઈ શોર્ટકટ નથી! હાં સદગુરુ શરણે જઈ જેવા છીએ એવા આત્મનિવેદન કરીએ તો કંઈ પણ કર્યા વગર માત્ર સદગુરુ ના વચનો પર ભરોસો રાખીને શક્તિ થી શાંતિ સુધીના દરેક શક્તિ કવચે પહોંચી શકાય છે. સુખ નહીં પણ શાંતિ સુધી પહોંચવું હોય તો આપણી પાસે બે જ માર્ગ છે! એક ક્રમશઃ પગથિયાં ચડીએ! અને બીજું ક્યાંય પણ ગયા વગર સદગુરુ ચરણે મૌન થઈ બેસી જઈએ તો પહોંચી શકાય. ગીતામાં કર્મ જ્ઞાન અને ભક્તિ ત્રણ માર્ગ બતાવ્યાં છે! પણ સ્વાર્થ છૂટે તો પરમાર્થ થાય ! બાકી બધું થાય તો પણ એ દેખાડો, એટલે કર્મ એટલું થતું નથી. સંસારી જીવ જ્ઞાન માટે વ્રત સંયમ નિયમ એ બધું કેટલું પાળી શકે? એટલે સાચું જ્ઞાન પણ ક્યાંથી મળે? ભક્તિ હરપળ ઈશ્વર વિશે શંકા કરતો જીવ ભરોસો ક્યાંથી કરી શકે! એમાં કળિયુગમાં ધર્મ સંપ્રદાયનો ઉપદ્રવ વધ્યો છે એટલે ધર્મ પણ સાચું સમજાવી ન શકે! પણ કપડું જેમ વધુ ગંદું હોય એટલું એને વધું ઘસીને સાફ કરવું પડે એ રીતે અંતરનું પોત જેટલું ચોખ્ખું એટલી પ્રસન્નતા અને શાંતિ વધુ! એટલે ઈર્ષા, નિંદા, અહમ આગ્રહ, પૂર્વાગ્રહ, દુરાગ્રહ અપેક્ષા ઉપેક્ષા લોભ લાલચ હિંસા જેવા મલિન ભાવથી દૂર રહીએ, તો અંતર પવિત્ર રહે અને પ્રસન્નતા કે નિત્ય શાંતિ માટેની પહેલી શરત પવિત્રતા છે,એ સૂત્રનો યથાર્થ પ્રયોગ કરી શાંતિ કે જે આપણો શાશ્વત સ્વભાવ છે એને સુધી પહોંચી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન જય સીયારામ.

### હવે વાચસ્પતિને સઘળું જ્ઞાન થાય છે,એ કહે છે, છત્રીસ વર્ષ તેં મારી સેવા કરી, મારા પર તારો અનંત ઉપકાર છે!

# યોગીઓ યોગથી બ્રહ્મદર્શન કરશે, પણ સંસારી લોકો શુદ્ધ ભક્તિથી ભગવાનને પુત્ર રૂપે પ્રાપ્ત કરી શકે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આજે પણ એ ટીકા ભામતી ટીકા ને નામે ઓળખાય છે, આવો હતો ભારતવર્ષ, એક ઘરમાં છત્રીસ વર્ષો સંયમથી રહ્યાં, આવા પુરુષોનેજ્ઞાન મળે છે, બાકી કાંઈ જ્ઞાન બજારમાં મળતું નથી, પુસ્તકોથી આજકાલ જ્ઞાનનો પ્રચાર બહુ થયો છે, પણ પૂર્ણ સંયમ વિના જ્ઞાન આવે નહીં, પૂર્ણ સંયમ વિના પરમાત્મા પ્રગટ થાય નહીં.**

એક દિવસ વાચસ્પતિ મિશ્રા બ્રહ્મસૂત્રના શાંકરભાષ્ય ઉપર ટીકા લખતા હતા. એક લીટી બરાબર બેસતી ન હતી. એવામાં દીવો થોડો મંદ થયો એટલે તેમની પત્ની દીવામાંની વાટ સંકોરે છે.અચાનક વાચસ્પતિની નજર તેના ઉપર દોડે છે. તેઓ પૂછે છે, દેવી, તમે કોણ છો? તેમની પત્ની કહે છે, હું ભામતી તમારી પત્ની. છત્રીસ વર્ષ પહેલા આપણા લગ્ન થયેલાં. હવે વાચ સ્પતિને સઘળું જ્ઞાન થાય છે, એ કહે છે, છત્રીસ વર્ષ તેં મારી સેવા કરી, મારા પર તારો અનંત ઉપકાર છે! ભામતી કહે છે, આપ જગતના કલ્યાણ માટે ગ્રંથો રચો છો. આપની સેવા કરી હું કૃતાર્થ થઈ છું. તમારી સેવા કરતાં કરતાં મારો દેહ પડે! વાચસ્પતિએ કાંઈક માંગવા કહ્યું, છતાં પત્નીએ કાંઈ માગ્યું નહીં. ત્યારે વાચસ્પતિ કહે છે કે, શાંકર ભાષ્ય ઉપર હું જે ટીકા લખી રહ્યો છું તેનું નામ'ભામતી ટીકા'રહેશે. એ મારી નહીં, તારી તપસ્યાનું ફળ છે. આજે પણ એ ટીકા ભામતી ટીકા ને નામે ઓળખાય છે.આવો હતો ભારતવર્ષ.એક ઘરમાં છત્રીસ વર્ષો સંયમથી રહ્યાં.આવા પુરુષોનેજ્ઞાન મળે છે.બાકી કાંઈ જ્ઞાન બજારમાં મળતું નથી. પુસ્તકોથી આજકાલ જ્ઞાનનો પ્રચાર બહુ થયો છે, પણ પૂર્ણ સંયમ વિના જ્ઞાન આવે નહીં. પૂર્ણ સંયમ વિના પરમાત્મા પ્રગટ થાય નહીં. એક ઘરમાં રહેવા છતાં કર્દમ-દેવ હુતિ બાર વર્ષ સુધી સંયમ પાળે છે કર્દમ એ જીવાત્મા છે, દેવહુતિ એ બુદ્ધિ છે. એક દિવસ કર્દમ ઋષિએ દેવહુતિ ને કહ્યું, કાંઈ વરદાન માગો. દેવી તમે માગશો તે આપવા તૈયાર છું. દેવહુતિ કહે છે,તમારા જેવા જ્ઞાની પતિ મળ્યા તે જ વરદાન. હું પૂજા કરી એટલું જ માગું છું કે મારું સૌભાગ્ય અખંડ રહે. દેવહુતિ સરસ્વતીના કિનારે સ્નાન કરવા ગયાં. દેવહુતિએ સ્નાન કર્યું. સંકલ્પથી કર્દમઋષિએ વિમાન બનાવ્યું. દેવહુતિ-કર્દમ વિમાનમાં બેઠાં. કથામાં શાંત અને કરુણરસ પ્રધાન છે. શૃંગાર અને હાસ્યરસ ગૌણ છે.કથામાં શૃંગારરસનુંવર્ણન કરવાની મહાત્માએ આજ્ઞા આપી નથી. કથા સાંભળ્યા પછી વિષયો પ્રત્યે અરુચિ ન થાય અને ઈશ્વર પ્રત્યે રુચિ ન થાયતો કથાસાંભળી નથી તેમ માનજો. કથા સાંભળ્યા પછી વૈરાગ્ય આવે છે. કર્દમ દેવહુતિને ત્યાં નવ કન્યાઓ થઈ. નવ કન્યાઓનો પિતા થાય તેને ત્યાં કપિલ આવે છે. આ નવ કન્યાઓ એટલે નવધા ભક્તિ. એટલે કે નવધા ભક્તિ વગર જ્ઞાન ન મળે. નવધા ભક્તિ ન આવે ત્યાં સુધી કપિલ એટલે કે જ્ઞાન ન આવે. નવધા ભક્તિ એટલે શ્રવણ, કીર્તન સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન નવધા ભક્તિ સિદ્ધ થયા પછી કપિલ ભગવાન આવે છે. ભક્તિ જ જ્ઞાનરૂપે પરિણમે છે. ભક્તિની ઉત્તરાવસ્થા એ જ જ્ઞાન છે.અપ રોક્ષ જ્ઞાનની




પૂર્વાવસ્થા એ જ ભક્તિ છે. ભક્તિ પછી જ્ઞાન આવે છે. ભક્તિ એ જ્ઞાનની માતા છે. નવધા ભક્તિ જેની સિદ્ધ ન થાય તેને જ્ઞાન મળતું નથી. ભક્તિ દ્વારા જ્ઞાન મળે છે. તત્ત્વ દૃષ્ટિએ છેવટે જ્ઞાન અને ભક્તિમાં અંતર નથી. ભક્તિ પહેલાં દાસોહમ્ અને પછી સોહમ્ થાય છે. દાસોહમ્ એટલે હું દાસ છું એવો ભાવ અને સોહમ્ એટલે હું બ્રહ્મ છું એ જ્ઞાન. કર્દમ-દેવહુતિનું દસમું સંતાન તે કપિલ ભગવાન. યોગીઓના અને સાધુઓના આચાર્ય. બ્રહ્માદિ દેવો કર્દમઋષિના આશ્રમમાં આવ્યા. બ્રહ્માજીએ કર્દમને કહ્યું,તમારો ગૃહસ્થાશ્રમ સફળ થયો છે. જગતપતિના પણ પિતા બન્યા છો.તમારો પુત્ર જગતમાં દિવ્ય જ્ઞાનનો ઉપદેશ કરશે. જીવ ભગવાન માટે આતુર છે ત્યારે ભગવાનનો અવતાર થાય છે. કર્દમ અને દેવહુતિની તપશ્ચર્યા અને આતુરતાથી ભગવાન તેમને ત્યાં પુત્રરૂપે અવતર્યા. યોગીઓ યોગથી બ્રહ્મદર્શન કરી શકે છે. પણ સંસારી લોકો શુદ્ધ ભક્તિથી ભગવાનને પુત્રરૂપે પ્રાપ્ત કરી શકે છે અને ભગવાનને રમાડી શકે છે. કપિલ ભગવાનનો જન્મ થયો છે. દેવહુતિ કહે છે, હવે તમે ગૃહસ્થા શ્રમનો ત્યાગ કરી શકો છો. ત્યારે કર્દમ કહે છે કે,આ નવ કન્યાની મને ચિંતા થાય છે. મહાભારતમાં કથા છે. ભીષ્મ પ્રતિજ્ઞા કરી કે આવતીકાલે અર્જુનને મારીશ.આતો ભીષ્માચાર્યની પ્રતિજ્ઞા! શ્રીકૃષ્ણને ચિંતા થઈ. આવતીકાલે મારા અર્જુનનું શું થશે એ અર્જુનને જોવા આવ્યા ત્યારે અર્જુન તો ઘસઘસાટ ઊંઘતો હતો શ્રીકૃષ્ણ કહે,અરે, તું ઊંઘે છે?અર્જુન કહે, કેમ ન ઊંઘું?મારા માટે તમે જાગો છો પછી મારે શું ચિંતા? મેં મારું કર્તવ્ય કર્યું છે. હવે તમારે તમારું કાર્ય કરવાનું. મારું કર્તવ્ય છે અનન્ય શરણાગતિ. મને કોઈ મારશે તો જગતમાં તમારી અપ કીર્તિ થશે.જ્યારે કર્દમે કહ્યું કે, નવ કન્યાઓની મને ચિંતા છે ત્યારે બ્રહ્મા કહે, તમે ચિંતા શા માટે કરો છો? તમારા ઘરે પ્રભુ પધાર્યા છે. તમે ચિંતા ન કરો પણ પ્રભુનું ચિંતન કરો. વલ્લભાચાર્યજીએ કહ્યું છે, ચિંતા ન કરવી. વૈષ્ણવો સેવા-સ્મરણ કરતાં તન્મય બને છે. તેની ચિંતા ઠાકોરજીને હોય છે. બ્રહ્મા નવ ઋષિઓને સાથે લાવેલા.એક-એક ઋષિને એક-એક કન્યા આપી. અત્રિને અનસૂયા આપી.વસિષ્ઠને અરુંધતી આપી વગેરે. કર્દમઋષિએ વિચાર કર્યો કે, માથે બોજો હતો તે ઊતરી ગયો. પછી કર્દમ કપિલ પાસે આવ્યા. કહે કે, મારે હવે સંન્યાસ લેવો છે. પરમાત્માનાં દર્શન માટે સર્વ સુખ નો ત્યાગ, કામ્ય કર્મન્યાસ, એનું નામ સંન્યાસ. કેવળ ઈશ્વર માટે જીવે તે સંન્યાસી. કપિલે કહ્યું, આપની ઈચ્છા સુંદર છે. સંન્યાસ લીધા પછી કોઈ પ્રકારની ચિંતા કરશો નહીં.બે પ્રકારની મુક્તિ છેઃ કૈવલ્યમુક્તિમાં જીવ ઈશ્વરમાં લીન થાય છે, જીવ ઈશ્વર એક બને છે. ભાગવતી મુક્તિમાં જીવ ઈશ્વર સાથે પ્રેમથી એક થાય છે પણ તેમાં થોડું દ્વૈત રાખી નિત્ય લીલા, નિત્ય સેવામાં તે દાખલ થાય છે. કર્દમ ઋષિએ સંન્યાસ લીધો. પરમાત્મા માટે સંસારનાં સર્વ સુખનો ત્યાગ એ જ સંન્યાસ. સંન્યાસ ત્યાગ વગર સંન્યાસ દીપે નહીં. સંન્યાસની વિધિ જોતાં પણ વૈરાગ્ય આવે છે. સંન્યાસની ક્રિયામાં વિરજા હોમ કરવો પડે છે. દેવ, બ્રાહ્મણ, સૂર્ય, અગ્નિ આ બધાની સમક્ષ વિરજા હોમ કરવો પડે છે. પછી નદીમાં સ્નાન કરી લંગોટી પણ ફેંકી દઈ નગ્ન અવસ્થામાં બહાર આવવું પડે છે. આદિનારાયણનું ચિંતન કરતાં કરતાં કર્દમઋષિને ભાગવતી મુક્તિ મળી. હવે કપિલગીતાનો આરંભ થાય છે. આ અતિ દિવ્ય પ્રસંગ છે. દીકરો ઉપદેશ આપે છે. ભાગવતનું આ અગત્યનું પ્રકરણ છે. તેના નવ અધ્યાય છે. કપિલ ગીતાનો પ્રારંભ પચીસમા અધ્યાયથી છે. તેમાં સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ છે. ત્રણ અધ્યાયોમાં પહેલાં વેદાંત નું જ્ઞાન કહ્યું છે. ત્યારબાદ ભક્તિનું વર્ણન કરેલું છે. તે પછી સંસારચક્રનું વર્ણન આવે છે. દેવહુતિના મનમાં કેટલાક પ્રશ્નો છે તેનો જવાબ જડતો નથી. તેવે વખતે તેને યાદ આવે છેકે,ઋષિઓ એ કહેલું કે, આ બાળક માતાનો ઉદ્ધાર કરવા આવ્યો છે એટલે દેવહુતિ કપિલ ભગવાન પાસે આવ્યાં કહે,આપ આજ્ઞા કરોતો પ્રશ્ન પૂછવાનીઈચ્છા છે. માતા દેવહુતિ કપિલ દેવમાં પુત્ર બુદ્ધિમાં નહીં, પણ ગુરુબુદ્ધિ સ્થાપીને પોતાના ઉદ્ધારના ઉપાયના પ્રશ્નો પૂછે છે. કપિલ કહે છે, મા, સંકોચ ન રાખો. તમારે જે પૂછવું હોય તે પૂછો.મા દેવહુતિએ આરંભમાં શરણાગતિ લીધી છે. ઈશ્વરની શરણાગતિ લીધા સિવાય જીવનો ઉદ્ધાર થતો નથી. ગીતામાં અર્જુને પણ પ્રથમ શરણાગતિ લીધી કે, હું તમારો શિષ્ય છું.તમે કહેશો તે કરીશ. દેવ હુતિએ પ્રશ્રન કર્યો,જગતમાં સાચુ સુખ કયાં છે ? સાચો આનંદ કયાં છે? જે આનંદનો વિનાશ ન થાય તેવો નિત્ય આનંદ મને બતાવો! વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે અષાઢી છઠ ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી કંઈક મેળવવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આજે જે જોયું તે વિશે માહિતગાર થશો. સદા ખુશ રહો તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

### સાઉથના મોટા સુપરસ્ટાર્સ વિક્રમ સામે વામણા

# વિક્રમની ફિલ્મ થંગલાનનું શાનદાર ટ્રેલર રિલીઝ

વિક્રમ (ચિયાં વિક્રમ) સાઉથ સિનેમાનો મોટો સ્ટાર છે. તેણે અત્યાર સુધી જેટલી પણ ફિલ્મોમાં કામ કર્યું છે તેમાં તેના કામની ખૂબ પ્રશંસા કરવામાં આવી છે. હાલમાં જ તેની ફિલ્મ થંગલાનનું ટ્રેલર રિલીઝ થયું હતું. ૨ મિનિટનું આ ટ્રેલર તમે દંગ રહી જશો સાથે વિક્રમની એક્ટિંગથી પ્રભાવિત થઈ જશો. સાઉથ સિનેમાના સુપરસ્ટાર વિક્રમની અપકમિંગ ફિલ્મ ટેંગલનનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ ફિલ્મમાં ચિયાં વિક્રમે સ્થાનિક નેતાની ભૂમિકા ભજવી છે. ફિલ્મનું ટ્રેલર ખરેખર રોમાંચક છે અને તેને જોયા પછી તમે ચોંકી જશો. આ ફિલ્મમાં વિક્રમની એક્ટિંગ જોઈને લાગે છે કે તે સાઉથના અન્ય કલાકારોને છોડીને જઈ રહ્યો છે.



ઘણા લોકો એવું પણ કહે છે કે આ ફિલ્મ પ્રભાસની સાલર અને યશની KGFને પાછળ છોડી દેશે. નિર્દેશક પા રંજીથની આ ફિલ્મ કર્ણાટકના કોલાર ગોલ્ડ ફિલ્ડમાં સેટ છે. ટ્રેલરમાં, સ્થાનિક લોકો તેમની જમીન ગેરકાયદેસર રીતે છીનવી લેવા બદલ અંગ્રેજો સામે બળવો કરે છે. તેમાં ષડયંત્ર, રાજનીતિ અને રક્તપાત સામેલ છે. દિગ્દર્શક રંજીથ સરપટ્ટ પરમબરાઈ, કબાલી અને કાલા જેવી હિટ ફિલ્મો માટે જાણીતા છે. આ ફિલ્મનું નિર્માણ કેઈ જ્ઞાનવેલ રાજાના સ્ટુડિયો ગ્રીન દ્વારા કરવામાં આવ્યું છે. સંગીત જીવી પ્રકાશ કુમારે આપ્યું છે. ચિયાન વિક્રમ ઉપરાંત, આ ફિલ્મમાં માલવિકા મોહનન, પાર્વતી, પશુપતિ, ડેનિયલ કાલ્ટાગીરોન, અર્જુન અંબુદાન અને સંપત રામ પણ મુખ્ય ભૂમિકામાં છે. 'થંગલાન' અગાઉ જાન્યુઆરી ૨૦૨૪માં રિલીઝ થશે તેવું કહેવાતું હતું. પરંતુ પછી કેટલાક કારણોસર મેકર્સે તેની રીલિઝ મોકૂફ રાખી હતી. બાદમાં સમાચાર આવ્યા કે મેકર્સે નવી રિલીઝ ડેટ ૧૫ ઓગસ્ટ નક્કી કરી છે. જો કે આ વાતની પુષ્ટિ થવાની બાકી છે. ચિયાન વિક્રમ છેલ્લે પોનીયિન સેલવાન ૨માં જોવા મળ્યો હતો. આ ફિલ્મ ૫ ભાષાઓમાં રિલીઝ થશે. થંગાલન ટ્રેલરઃ વિક્રમ સાથે પા રંજીથની આગામી ફિલ્મ થંગાલનનું બહુપ્રતીક્ષિત ટ્રેલર બુધવારે રિલીઝ કરવામાં આવ્યું હતું. બ્રિટિશ રાજના સમયની આ ફિલ્મમાં અભિનેતા એક ઉગ્ર આદિવાસી નેતાની ભૂમિકામાં જોવા મળે છે.

### અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની હલ્દી સેરેમની યોજાઈ

# હલ્દી સેરેમનીમાં રાધિકા મર્ચન્ટે પસંદ કર્યો હતો ફૂલોનો શણગાર

**બીજા પ્રસંગોની જેમ આ પ્રસંગ પણ એક સ્ટાર સ્ટડેડ જાજરમાન ઈવેન્ટ બની હતી**

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની હલ્દી સેરેમની સોમવારે યોજાઈ હતી. બીજા પ્રસંગોની જેમ આ પ્રસંગ પણ એક સ્ટાર સ્ટડેડ જાજરમાન ઈવેન્ટ બની રહી હતી. જેમાં કન્યા રાધિકા મર્ચન્ટે અનોખા ડ્રેસમાં સૌનું ધ્યાન ખેંચ્યું હતું. રાધિકાએ યલો લહેંગા પર સાચા ટગર અને ગલગોટાના ફુલોની ઓઢણી બનાવીને પહેરી હતી. બીજા પ્રસંગોની જેમ આ પ્રસંગ પણ એક સ્ટાર સ્ટડેડ જાજરમાન ઈવેન્ટ બની રહી હતી તેની સાથે તેણે સાચા ટગરનું ચોકર, લાંબો હાર, ઝૂમખાં, અને હાથ ફુલ પણ પહેર્યાં હતાં. જેમાં તે પરી જેવી લાગતી હતી. તો નીતા અંબાણીએ આ વખતે હૈદ્રાબાદી ટ્રેડિશનલ ખડા દુપટ્ટા સ્ટાઈલમાં એન્ટિક ઝરીનો ગોલ્ડન ડ્રેસ પહેર્યો હતો. જ્યારે શ્લોકા મહેતા અને ઈશા અંબાણીએ ટ્રેડિશનલ અને કલરફુલ ચણિયાચોળી પહેર્યાં હતાં. આ ફંક્શનમાં સલમાન ખાન, સારા અલી ખાન, જાહન્વી કપૂર, અર્જુન કપૂર, અનન્યા પાંડે, માનુષી છિલ્લર અને રણવીર સિંહ સહિત બોલિવૂડના ઘણા સેલેબ્સ હાજર રહ્યાં હતાં. જે બધાં જ હલ્દી હોલી રમ્યા હોય તેવી તેમની તસવીરો વાયરલ થઈ હતી. આ ઈવેન્ટમાં ઉદિત નારાયણ અને રાહુલ વૈદ્યે પરફોર્મન્સ આપ્યું હતું. આ કાર્યક્રમ પરંપરા, સંગીત અને ઉજવણીથી ભરેલો હતો. જેમાં 'મહેંદી લગા કે રખના', 'બદ્રીનાથ કી દુલ્હનિયા' અને 'બોલે ચૂડિયાં' જેવાં ગીતો પર બધાં નાચ્યાં હતાં. સાથે ડીજે સુમિત સેઠી પણ જોડાયો હતો.



# એલ્વિશની મુશ્કેલીઓ ઓછી નથી થઈ, EDએ મોકલ્યું સમન્સ



યુટ્યુબર એલ્વિશ યાદવ ફરી એકવાર મુશ્કેલીમાં છે. ઈઢએ તેમને સમન્સ પાઠવ્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કોબ્રા ઘટના સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં એલ્વિશને ૨૩ જુલાઈએ પૂછપરછ માટે બોલાવ્યો છે. એલ્વિશ પર રેવ પાર્ટીઓમાં સાપનું ઝેર સપ્લાય કરવાનો આરોપ છે. ED એ એલ્વિશને સમન્સ પાઠવ્યુંસેન્ટ્રલ એજન્સીએ મે મહિનામાં એલ્વિશ વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. સૂત્રોનું કહેવું છે કે એલ્વિશ યાદવ આ સપ્તાહની શરૂઆતમાં ED સમક્ષ તેની લખનૌ ઓફિસમાં હાજર થવાનો હતો. પરંતુ તેણે તેની વિદેશ યાત્રા અને વ્યાવસાયિક પ્રતિબદ્ધતાઓને ટાંકીને એક્સ્ટેંશનની માંગ કરી હતી. હવે EDએ એલ્વિશને ૨૩ જુલાઈએ તપાસ અધિકારી સમક્ષ હાજર થવા કહ્યું છે. આ કેસમાં ઈઢએ હરિયાણાના સિંગર રાહુલ યાદવ ઉર્ફે રાહુલ ફઝિલપુરિયાની પણ પૂછપરછ કરી છે. તેને ફરીથી પૂછપરછ માટે બોલાવવામાં આવી શકે છે.એલ્વિશ સામે શું આરોપો હતા? એલ્વિશ યાદવ ત્યારે વિવાદમાં આવ્યા જ્યારે તેનું નામ સાપના ઝેરની ખરીદી અને વેચાણના મામલામાં સામે આવ્યું. તેના પર ડ્રગ્સને ફાઈનાન્સ કરવાનો પણ આરોપ હતો. નોઈડા પોલીસે ૧૭ માર્ચે યુટ્યુબરની ધરપકડ કરી હતી. તેમને ૬ દિવસ જેલમાં વિતાવવા પડ્યા હતા. ૨૨ માર્ચે તેમને જામીન મળ્યા હતા. આ દરમિયાન રડવાને કારણે તેના માતા-પિતાની હાલત ખરાબ થઈ ગઈ હતી. મીડિયા ઈન્ટરવ્યુમાં તે પોતાના પુત્રને નિર્દોષ ગણાવતો રહ્યો.એપ્રિલમાં નોઈડા પોલીસે આ કેસમાં ૧૨૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ આરોપોમાં સાપની દાણચોરી, ડ્રગ્સનો ઉપયોગ અને રેવ પાર્ટીઓનું આયોજન સામેલ છે. હાલ એલ્વિશ જામીન પર છે. વ્લોગિંગ અને વ્યાવસાયિક પ્રતિબદ્ધતાઓને પરિપૂર્ણ કરવામાં વ્યસ્ત. તેનો મિત્ર લવકેશ બિગ બોસ OTT 2 માં જોવા મળે છે. તે તેના મિત્રોના સમર્થનમાં વીડિયો બનાવે છે. એલ્વિશને નાની ઉંમરમાં જ લોકપ્રિયતા મળી છે.

# વિકીએ જણાવ્યું, ડાન્સ આઇકોન રિતિક દ્વારા વખાણ કર્યા પછી તેને કેવું લાગ્યું

**સોશિયલ મીડિયા પર, સલમાન ખાન અને રિતિક રોશન જેવા ઘણા બોલીવુડ સ્ટાર્સે 'તૌબા તૌબા'ગીતામાં વિકીના ડાન્સ અને સ્વેગની પ્રશંસા કરી હતી**

સોશિયલ મીડિયા પર, સલમાન ખાન અને રિતિક રોશન જેવા સ્ટાર્સે 'તૌબા-તૌબા'માં વિકીના ડાન્સ અને સ્વેગની પ્રશંસા કરી હતી. વિકીએ જણાવ્યું કે હૃતિક રોશનના વખાણને કારણે તેને કેવું લાગ્યું. તેણે એ પણ જણાવ્યું કે આ ગીત પર તેની પત્ની કેટરિના કૈફ, જે પોતે એક ઉત્તમ ડાન્સર છે, તેની પ્રતિક્રિયા શું હતી. હાલમાં જ વિકી કૌશલની ફિલ્મ 'બેડ ન્યૂઝ'નું ટ્રેલર રિલીઝ થયું હતું, લોકોને તેની કોમેડી ખૂબ જ ફની લાગી હતી. પરંતુ હવે વિકી તેની કોમેડીથી નહીં પરંતુ તેના સ્વેગ ડાન્સથી તરંગો મચાવી રહ્યો છે. ફિલ્મ 'તૌબા તૌબા'ના પહેલા ગીતમાં વિકીના ડાન્સ સ્ટેપ્સ અને ફિલ્મની એક્ટ્રેસ તૃપ્તિ ડિમરી સાથેની તેની કેમેસ્ટ્રીને ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર, સલમાન ખાન અને રિતિક રોશન જેવા સ્ટાર્સે 'તૌબા તૌબા'માં વિકીના ડાન્સ અને સ્વેગની પ્રશંસા કરી હતી. વિકીએ જણાવ્યું કે ડાન્સ આઈકોન રિતિક રોશન દ્વારા વખાણ કર્યા પછી તેને કેવું લાગ્યું. તેણે એ પણ જણાવ્યું કે આ ગીત પર તેની પત્ની કેટરિના કૈફ, જે પોતે એક ઉત્તમ ડાન્સર છે, તેની પ્રતિક્રિયા શું હતી.વિકી કૌશલે તેના ઈન્સ્ટાગ્રામ પર 'તૌબા તૌબા' ગીત પણ શેર કર્યું હતું. આના પર કોમેન્ટ કરતા હૃતિકે હાર્ટ ઈમોજી સાથે લખ્યું હતું, 'શાબાશ માણસ... આ સ્ટાઈલ ખૂબ જ ગમી.' ફિલ્મ કમ્પેનિયનને આપેલા ઈન્ટરવ્યુમાં વિકીએ જણાવ્યું હતું કે જ્યારે તેણે રિતિકની કોમેન્ટ વાંચી તો તે આશ્ચર્યચકિત થઈ ગયો અને પહેલા તેનો ફોન બાજુ પર મૂકી દીધો. વિકીએ કહ્યું, 'હું એક ઈવેન્ટમાંથી પરત ફરી રહ્યો હતો અને મારી કારમાં મેં કોમેન્ટ વાંચી અને મારો ફોન મારી બાજુની સીટ પર ફેંકી દીધો. મને લાગ્યું કે, 'હવે થઈ ગયું... બધા, મારી સાથે નમ્રતાથી વાત કરો, હૃતિક સર એ મારા ડાન્સની પ્રશંસા કરી છે.' વિકીએ જણાવ્યું કે તેની અંદર વર્ષોથી એક ડાન્સર બેઠી હતી, જે બહાર આવવાની તક શોધી રહી હતી. તેણે આખી ટીમનો આભાર માન્યો જેમણે તેને ડાન્સ પ્રત્યેના છુપાયેલા પ્રેમને વ્યક્ત કરવાની તક આપી. વિકીએ જણાવ્યું કે 'તૌબા તૌબા'માં તેના ડાન્સનું હૂક-સ્ટેપ બહુ મુશ્કેલ નહોતું. પહેલા તો તેને લાગ્યું કે આ ખૂબ જ મુશ્કેલ હશે, પરંતુ જ્યારે કોરિયોગ્રાફરે તેને આ સ્ટેપ શીખવ્યું ત્યારે તેને આશ્ચર્ય થયું કે 'આ થઈ ગયું!' વિકીએ જણાવ્યું કે આ ગીતની પ્રેક્ટિસ કરવામાં તેને માત્ર ૪ દિવસનો સમય લાગ્યો હતો. વિકીએ કહ્યું કે તેને સૌથી વધુ રાહત તેની પત્ની કેટરિના કૈફના વખાણથી મળી છે.



# લગ્ન બાદ ફિલ્મોથી દૂર રહેવા બદલ પસ્તાવો



સની દેઓલ-જેકી શ્રોફ સાથેની બ્લોકબસ્ટર ફિલ્મ ત્રિદેવથી જાણીતી બનેલી એક્ટ્રેસ સોનમે ટૂંકી કારકિર્દીમાં સંખ્યાબંધ હિટ ફિલ્મો આપી હતી. સોનમને ફિલ્મોમાં લોન્ચ કરવાનું શ્રેય યશ ચોપરાને મળે છે. સોનમની પહેલી ફિલ્મ વિજય હતી, જેમાં ઋષિ કપૂરનો લીડ રોલ હતો. સોનમે ૧૯૯૧માં 'ત્રિદેવ'ના ડાયરેક્ટર રાજીવ રાય સાથે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ નવી ફિલ્મ લીધી ન હતી. હાથ પરની ફિલ્મો પૂરી કર્યા બાદ સોનમની છેલ્લી ફિલ્મ ૧૯૯૪માં રિલીઝ થઈ હતી. ત્રણ દાયકા બાદ સોનમ એક્ટિંગમાં કમબેક કરવા માગે છે અને હવે તેને લગ્ન બાદ ફિલ્મોથી દૂર રહેવાના નિર્ણય બદલ પસ્તાવો થઈ રહ્યો છે. સોનમે કહ્યું હતું કે, યશ ચોપરાએ લગ્ન નહીં કરવા સમજાવી હતી, પરંતુ હું માની નહીં. સોનમે ૧૮ વર્ષની ઉંમરે લગ્ન કર્યા હતા અને ૨૧ વર્ષે દીકરાને જન્મ આપ્યો હતો. વિવિધ દેશમાં ફર્યા બાદ સોનમ હવે ભારત પાછી ફરી છે. દરેક યુવતી માટે સોનમની સલાહ છે કે, પતિ ભલે અબજોપતિ હોય, પરંતુ મહિલાએ પોતાના કામ અને ઓળખનો ત્યાગ કરવો જોઈએ નહીં. સોનમે ૧૯૯૧માં 'ત્રિદેવ'ના ડાયરેક્ટર રાજીવ રાય સાથે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ નવી ફિલ્મ લીધી ન હતી

# રિતેશ અને જેનિલિયા દેશમુખે પોતાના અંગો દાન કરવાની પ્રતિજ્ઞા લીધી છે



રિતેશ દેશમુખ અને જેનિલિયા દેશમુખે પોતાના અંગો દાન કરવાની પ્રતિજ્ઞા લીધી છે. આ મુદ્દે નેશનલ ઓર્ગન એન્ડ ટિશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા આ ઉમદા કાર્ય બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પહેલાં રિતેશ દેશમુખે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે અંગ દાનની પ્રતિજ્ઞા વિશે વાત કરી હતી. તેના વિશે તેઓ ઘણા લાંબા સમયથી વિચાર કરતા હતાં, તેણે લખ્યું,''કોઈને જીવનની ભેટથી વધુ સારી કોઈ ભેટ ન હોઈ શકે, મેં અને જેનિલિયાએ અમારા અંગોનું દાન કરવાની પ્રતિજ્ઞા લીધી છે. અમે આપને વિનંતિ કરીએ છીએ કે આપ પણ આ ઉમદા કાર્યમાં જોડાઓ અને 'જીવન પછી પણ જીવનનો ભાગ બનો.''' રિતેશે આગળ કહ્યું,''અમે આપને જણાવવા માગીએ છીએ કે અમે બંનેએ એક પ્રતિજ્ઞા લીધી છે. અમે બંનેએ અમારા અંગો દાન કરવાની પ્રતિજ્ઞા લીધી છે.'' જેનિલિયાએ કહ્યું, ''હા અમે પ્રતિજ્ઞા લીધી છે અને અમારા માટે જીવનથી મોટી કોઈ બીજી ભેટ નથી.'' તેથી હવે નેશનલ ઓર્ગન એન્ડ ટિશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા તેમના અધિકૃત એક્સ અકાઉન્ટ પર આ કલાકારોનો આભાર માનવામાં આવ્યો હતો. રિતેશ અને જેનિલિયાના આ વીડિયો સાથે લખવામાં આવ્યું હતું, ''આભાર, રિતેશ જેશમુખ અને જેનિલિયા, બોલિવૂડ સ્ટાર કપલ, જુલાઈના અંગદાન મહિના દરમિયાન અંગદાનની પ્રતિજ્ઞા લેવા બદલ આપનો આભાર. આ કાર્ય અન્યોને પણ ઉમદા કાર્યમાં જોડાવા માટે પ્રેરણા આપશે.'' બીજી તરફ મંગળવારે રિતેશની સોનાક્ષી સિંહા અને સાકિબ સલીમ સાથેની ફિલ્મ 'કાકુડા'નું ટ્રેલર લોંચ થઈ ચૂક્યું છે. જેમાં રિતેશ વિક્ટર નામના ઘોસ્ટ હંટરનો રોલ કરે છે. આ એક હોરર કોમેડી ફિલ્મ છે.

# 'બેડ ન્યૂઝ' ફિલ્મમાં 'એનિમલ' ફિલ્મનું પુનરાવર્તન કર્યુંઃ તૃપ્તિની હિટ ફોર્મ્યુલા

**વિકી સાથે બોલ્ડ દૃશ્યો** | **બોલ્ડ દૃશ્યોના પગલે તૃપ્તિ ડીમરી રાતોરાત ચર્ચામાં આવી હતી**



રણબીર કપૂર સાથેની 'એનિમલ'માં બોલ્ડ દૃશ્યોના પગલે તૃપ્તિ ડીમરી રાતોરાત ચર્ચામાં આવી હતી. આ ફિલ્મની સફળતા બાદ તૃપ્તિ પાસે ઢગલાબંધ ફિલ્મોની ઓફર આવી રહી છે અને તૃપ્તિને ઝડપથી સ્ટાર કેટેગરીમાં સ્થાન મળી ગયું છે. 'એનિમલ' બાદ તૃપ્તિએ બોલ્ડ દૃશ્યોની મદદથી સફળતાનું પુનરાવર્તન કરવાનું વિચાર્યું હોય તેમ જણાય છે. ફિલ્મ મેકર્સ પણ તૃપ્તિ પાસે 'એનિમલ' જેવી જ અપેક્ષા રાખી રહ્યા છે અને તૃપ્તિની આ ઈમેજને જ પ્રમોટ કરી રહ્યાં છે. વિકી કૌશલ સાથે તૃપ્તિની આગામી ફિલ્મ બેડ ન્યૂઝ આવી રહી છે. આ ફિલ્મમાં પણ તૃપ્તિએ દિલ ખોલીને બોલ્ડ દૃશ્યો આપ્યા છે. વિકી કૌશલ અને તૃપ્તિ પહેલી વાર સાથે ફિલ્મ કરી રહ્યા છે. 'બેડ ન્યૂઝ'માં તેઓ રોમાન્સને બિન્દાસ અને બોલ્ડ રીતે દર્શાવી રહ્યાં છે. તૃપ્તિ અને વિકીની હોટ કેમિસ્ટ્રી ફિલ્મની રિલીઝ પહેલાં જ ચર્ચા જગાવી રહી છે. તાજેતરમાં આ ફિલ્મનું ગીત જાનેમન રિલીઝ થયું હતું. ફિલ્મના મેકર્સ આ તેને 'સેક્સીએસ્ટ સોન્ગ ઓફ ધ યર' જણાવી રહ્યા છે. આ ગીતની પહેલી ઝલક જોતાં નેટિઝન્સ પણ આ દાવા સાથે સંમત છે. વિકીએ પહેલી વખત ફિલ્મમાં બોલ્ડ રોમેન્ટિક દૃશ્યો આપ્યા છે. તેથી ઘણાં નેટિઝન્સે કોમેન્ટ કરી હતી કે, આવા સીન જોયાં બાદ કેટરિનાએ વિકીને ધમકાવ્યો હશે. 'બેડ ન્યૂઝ'માં વિકી અને તૃપ્તિની સાથે એમી વિર્ક અને નેહા ધુપિયા પણ મહત્ત્વના રોલમાં છે. આનંદ તિવારીના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મ ૧૯ જુલાઈએ રિલીઝ થઈ રહી છે. રિલીઝ પૂર્વે ઉત્સુકતા ઊભી કરવામાં આ ગીત સફળ થઈ રહ્યું હોય તેમ જણાય છે.




# ખરીદનાર નહીં મળતા તેથી તાહિરા રડી

**તાહિરા કશ્યપને પોતાની પહેલી ફિલ્મ ઓટીટી પર રિલીઝ કરવી પડી**

તાહિરા કશ્યપે 'શર્માજી કી બેટી' ફિલ્મ સાથે ડિરેક્ટર તરીકે ડેબ્યુ કર્યું છે. પરંતુ તે આ ફિલ્મ થિયેટરમાં રિલિઝ કરી શકી નહીં કારણ કે, આ ફિલ્મને લેવા કોઈ તૈયાર નહોતું. અંતે તેણે ઓટીટી પર આ ફિલ્મ રિલીઝ કરવી પડી. આ અંગે તાહિરાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં પોતાની દુઃખભરી દાસ્તાન જણાવી હતી. આ ફિલ્મમાં સૈયામી ખેર, દિવ્યા દત્તા અને સાક્ષી તંવર મધ્યમવર્ગીય મહિલાઓના જીવનમાં આવતા પડકારોની વાત કરવામાં આવી છે. પરંતુ આ ફિલ્મ બનાવવામાં અને રિલીઝ કરવામાં તાહિરાને પણ એટલાં જ પડકારોનો સામનો કરવો પડ્યો હતો, રિલીઝમાં અનેક વિઘ્નો આવ્યા હતા. તાહિરાએ સ્ક્રિપ્ટ લખવાની શરૂઆત કરીને આ ફિલ્મની સફર ૨૦૧૭માં શરૂ કરી હતી. સૌ પહેલાં તો તેની અંગત સમસ્યાઓનો સામનો કરવો પડ્યો, ત્યાર પછી કોરોના અને લોકડાઉનમાં સૌથી મોટા વિઘ્નો સામે આવ્યા. તેના કારણે ફિલ્મનું કામ સતત બાજુએ જતું રહ્યું. એપ્લાઉઝ પ્રોડક્શન્સ ફિલ્મ સાથે જોડાયું અને ફરી કામની ગાડી પાટે ચડી. આ સફરને તાહિરાએ 'ભટકાવનારી અને અતિશય આશાવાદી' ગણાવી હતી. તાહિરાએ જણાવ્યું,''હું નિઃરાશ થઈ જતી અને મારી કસોટી કરતા હોય એવા દિવસો હતા. હું રડી પડતી હતી. પણ પછી બીજા દિવસે તમે બીજું તો શું કરો? તમે આંસુ લૂછીને બેઠા થાઓ અને આગળનું કામ શરૂ કરો. માણસ તરીકે આપણે એટલું જ કરી શકીએ છીએ. ટકી રહેવાનું અને બસ આગળ વધતાં રહેવાનું.'' તાહિરાએ એમ પણ કહ્યું કે આ દિવસોમાંથી બહાર આવવામાં મંત્રો અને પ્રાણાયામે તેને ઘણી મદદ કરી હતી. તેણે આ ઉપરાંત પણ બીજી ફિલ્મોની સ્ક્રિપ્ટ પર કામ કર્યું છે. 'હું શ્રીમતી ખુરાના નથી': તાહિરા કશ્યપને 'શર્માજી કી બેટી' સમીક્ષાઓમાં આયુષ્માનની પત્ની તરીકે લખવામાં આવી હોવા પર પ્રતિક્રિયા, તાહિરા કશ્યપ કહે છે, ''તેઓ કેમ કહે છે કે આયુષ્માનની પત્નીએ ફિલ્મ બનાવી છે? આ બધામાં સૌથી ઓછું છે. તે કામનો એક ભાગ છે જે મારું અથવા મારું પોતાનું છે.'' તાહિરા કશ્યપ ખુરાના, જે તેની પ્રથમ ફીચર ફિલ્મ 'શર્માજી કી બેટી' સાથે બહાર છે, તે સમીક્ષાઓ પર હસી પડી કે તેણીને આયુષ્માન ખુરાનાની પત્ની તરીકે શ્રેય આપે છે.



**આ ફિલ્મમાં સૈયામી ખેર, દિવ્યા દત્તા અને સાક્ષી તંવર મધ્યમવર્ગીય મહિલાઓના જીવનમાં આવતા પડકારોની વાત કરવામાં આવી**

# મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ખાતે નવીન એનેક્ષી બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરતા મંત્રી બલવંતસિંહ રાજપુત

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કૌશલ્ય આધારિત શિક્ષણ ક્ષેત્રમાં નોંધપાત્ર વધારો થયો છે : મંત્રી બલવંતસિંહ રાજપુત

। (માહિતી) ગાંધીનગર, તા.૧૧ ।

મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ખાતે રાજ્યના ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતના હસ્તે રૂ. ૧૨ કરોડના ખર્ચે નિર્માણ પામવા જઈ રહેલ નવીન બિલ્ડિંગનું ખાતમુહૂર્ત તથા સુધારેલ ઓફિસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સાથે 'ઈન્ડસ્ટ્રીયલ હાઈજીન મોનિટરિંગ એન્ડ રિપોર્ટિંગ સિસ્ટમ' પોર્ટલનું લોન્ચિંગ પણ મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, આજે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ખાતે રૂપિયા ૧૨ કરોડના ખર્ચે નવા બિલ્ડિંગ નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે અને ટૂંક જ સમયમાં બિલ્ડિંગ નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવશે. સરકાર હર હંમેશ પ્રયત્નશીલ છે કે, વિદ્યાર્થીઓને જ્ઞાન અને કૌશલ આપી રોજગારી પૂરી પાડવી અને ભારતના વિકાસમાં ગુજરાતનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહેવાનું છે, એવું તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ શ્રમિકો અને વિદ્યાર્થીઓની વાત કરતા જણાવ્યું હતું કે, નાનો - મોટો ઉદ્યોગ કરતા લોકો તથા શ્રમિકોની ચિંતા ગુજરાત સરકારનું શ્રમ અને રોજગાર વિભાગ તેમજ મહાત્મા ગાંધીશ્રમ સંસ્થાન હર-હંમેશ કરે છે અને તેમને તાલીમ આપી તેમના વિકાસ માટે પ્રયત્નશીલ રહે છે. આ બિલ્ડિંગ નિર્માણનું કાર્ય અને અનેક વિકાસનાં કાર્યો ભવિષ્યમાં કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ઘણા વર્ષોથી યુ.એસ.એ., જાપાન અને યુરોપ જેવા દેશોમાં કૌશલ્ય આધારિત શિક્ષણ આપવામાં આવે છે, જ્યારે ભારતમાં ૧૦ વર્ષ પહેલાં કૌશલ્ય આધારિત શિક્ષણનું પ્રમાણ ૫% જેટલું જ હતું. પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વ હેઠળ કૌશલ્ય આધારિત શિક્ષણ ક્ષેત્રમાં નોંધપાત્ર વધારો થયો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.



મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આજે 'ઈન્ડસ્ટ્રીયલ હાઈજીન મોનિટરિંગ એન્ડ રિપોર્ટિંગ સિસ્ટમ' પોર્ટલનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે, જેથી શ્રમયોગીઓના કાર્યસ્થળ પર હાનિકારક તત્ત્વો જેવાકે, ઝેરી ગેસ, ધુમાડા, રજકણો અને ઘોંઘાટ જેવી બાબતોનું કાર્યસ્થળ પરના તાપમાન અને વેન્ટિલેશનનું અસરકારક રીતે મોનિટરિંગ થઈ શકે તેમજ આ સિસ્ટમથી કામગીરીમાં પારદર્શકતા અને અસરકારકતા લાવી શકાય અને શ્રમયોગીઓ નિરોગી રહે, તંદુરસ્ત રહે સાથે સાથે કાર્યસ્થળ આરોગ્યપ્રદ જળવાઈ રહે, તે સુનિશ્ચિત કરવાનું કામ કરશે, તેમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનના મહાનિયામક શ્રીમતી અંજુ શર્માએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનમાં કોરોનાના સમય દરમિયાન એટલે કે આજથી ત્રણ વર્ષ પહેલાં માત્ર ત્રણ કે ચાર કોર્સિસ ચાલતા હતા, પરંતુ આજે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ખાતે ૧૧થી વધુ કોર્સ સ્નાતક, અનુસ્નાતક, પીજી ડિપ્લોમા તેમજ ડિપ્લોમા કક્ષાના વ્યાવસાયિક અભ્યાસક્રમો ચાલે છે. તેની સાથે સાથે શ્રમિકોનું સશક્તિકરણ, ક્ષમતા નિર્માણ, તાલીમ કાર્યક્રમ કાર્યશાળા જેવી પ્રવૃત્તિઓ વર્ષ દરમિયાન ચાલતી રહે છે. જેના દ્વારા ઉદ્યોગ જગતના સંદર્ભમાં શ્રમ શક્તિને સશક્ત બનાવવાનું કાર્ય આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ કાર્યક્રમમાં લેબર કમિશનર શ્રી અનુપમ આનંદ, એમ.જી. એલ.આઈના કન્સલ્ટન્ટ શ્રી એચ.આર. સુથાર, સંસ્થાના અધિકારીશ્રીઓ, પ્રોફેસરો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### તમામ ધારાસભ્યો NDA ગઠબંધનમાં જોડાઈ ગયા

# સિક્કિમમાં હવે વિપક્ષના કોઈ ધારાસભ્ય રહ્યાં નથી

## SKM પાર્ટી ભાજપના નેતૃત્વ વાળા NDAમાં જોડાયેલી હોવાથી સિક્કિમમાં એક પણ વિપક્ષના નેતા રહ્યાં નથી

। (એજન્સી) ગંગટોક, તા.૧૧ ।

સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટના (SDF) એકમાત્ર ધારાસભ્ય તેનઝિંગ નોર્બુ લામથા શાસક પક્ષ સિક્કિમ ક્રાંતિકારી મોરચામાં (SKM) જોડાઈ ગયાં છે. સત્તા પક્ષમાં લામથાના જોડાવવાથી સિક્કિમમાં હવે વિપક્ષના કોઈ ધારાસભ્ય રહ્યાં નથી. સિક્કિમની વિધાનસભા ચૂંટણીમાં સિક્કિમ ક્રાંતિકારી મોરચા અને ભારતીય જનતા પાર્ટીએ બંને અલગ રહીને ચૂંટણી લડ્યાં હતા. જ્યારે કેન્દ્રમાં SKM પાર્ટી ભાજપના નેતૃત્વ વાળા NDA માં જોડાયેલી હોવાથી હવે સિક્કિમમાં એક પણ વિપક્ષના નેતા રહ્યાં નથી.

સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગે સોશિયલ મીડિયાના માધ્યમ ફેસબુક પર પોસ્ટ કરીને જાણકારી આપી હતી કે, 'આજે મને મારા સરકારી આવાસ ખાતે ૨૩-સ્યારી વિધાનસભા બેઠકના ધારાસભ્ય તેનઝિંગ નોર્બુ લામથાને મળી ખૂબ જ આનંદ થયો છે. તેઓ સત્તાવાર રીતે આપણાં SKM પરિવારમાં જોડાઈ ગયાં છે,' મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, લામથાએ પોતાના મતવિસ્તારને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. આ સાથે એક વ્યાપક વિકાસની યોજનાના ભાગરૂપે તેમના મતવિસ્તારના લોકોની સમસ્યાનો નિકાલ કરવામાં આવશે.

તાજેતરમાં થયેલી વિધાનસભાની ચૂંટણીમાં સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટના એકમાત્ર નેતા લામથાની જીત થઈ હતી. જેમાં તેમણે SKM ના વરિષ્ઠ નેતા અને શિક્ષણ મંત્રી કુંગા નીમા લેપચાને ૧૩૧૪ મતોના અંતરથી હાર આપી હતી. તેવામાં જ્યારે હવે લામથાના SKM માં જોડાવવા સામે લેપચાએ કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. ૨ જૂનના રોજ જાહેર કરાયેલાં ચૂંટણી પરિણામ સમયથી લામથાની SKM માં જોડાવવાની અટકળો ચાલી રહી હતી. તેવામાં ભવિષ્યની યોજના અંગે તેમને પ્રશ્ન પૂછવામાં આવતાં જણાવ્યું હતું કે, 'હું જનતાને પૂછીને આગળ પગલું ભરીશ'

સિક્કિમની વિધાનસભા ચૂંટણીમાં SKM ની ૩૧ બેઠકો પર જીત થઈ હતી, જ્યારે વિપક્ષમાં SDF ને માત્ર ૧ બેઠક મળી હતી. હાલ વિધાનસભાની ૩૨ બેઠકોમાંથી ૩૦ સભ્યો તો માત્ર SKM પાર્ટીના છે. તેવામાં સોરેંગ-ચાકુંગ વિધાનસભા બેઠક પરથી મુખ્યમંત્રી તમાંગ અને નામચી-સિંઘીથાંગ બેઠક પરથી તેમના પત્ની કૃષ્ણા કુમારી રાયે રાજીનામુ આપ્યું હોવાથી બે બેઠક ખાલી પડી છે. જેમાં સોરેંગ-ચાકુંગ અને રેનૉક વિધાનસભા બેઠક પર ચૂંટણી લડ્યાં બાદ મુખ્યમંત્રી તમાંગે રેનૉક વિધાનસભા બેઠક પોતાની પાસે રાખી હતી. આમ જોવા જઈએ તો હાલ સિક્કિમ સંપૂર્ણપણે વિપક્ષ મુક્ત બન્યું છે.

# અમદાવાદના અણિયાળી ગામે પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ખેડૂતોને તાલીમ અપાઈ

## ખેતર, વાડો, ઘર આંગણે કે કિચન ગાર્ડનમાં વાવી શકાય તેવા શાકભાજીના બિયારણનું વિતરણ કરાયું



। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

આવનારી પેઢીના ઉજ્જ્વળ ભવિષ્ય માટે પર્યાવરણની ગુણવત્તા જાળવવી ખૂબ જરૂરી છે. જેમાં જમીનને પ્રદુષિત થતી બચાવવા અને ગુણવત્તાયુક્ત ખેતઉત્પાદ મેળવવા માટે પ્રાકૃતિક ખેતીનો વિકલ્પ મળે તેમ નથી. ત્યારે પ્રાકૃતિક ખેતીનો વિસ્તાર વધારવા માટે રાજ્યસરકાર દ્વારા અસરકારક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લા ખેતીવાડી વિભાગ, એગ્રિકલ્ચર ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) તથા વિવિધ ટ્રસ્ટ અને ફાઉન્ડેશન્સ દ્વારા રસાયણમુક્ત પ્રાકૃતિક ખેતી પ્રત્યે ખેડૂતોમાં જાગૃતતા વધે તે માટે વિવિધ આયોજનો થઈ રહ્યા છે. અમદાવાદના સાણંદ તાલુકાના અણિયાળી ગામે બૉસ ઈન્ડિયા ફાઉન્ડેશન અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી પ્રાકૃતિક ખેતીની તાલીમનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં શ્રી કાશીરામભાઈ વાઘેલાએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. આ ઉપરાંત પ્રારંભિક ધોરણે ખેડૂતો કિચન ગાર્ડનમાં ગુણવત્તાયુક્ત અને રસાયણમુક્ત શાકભાજી કેવી રીતે ઉગાડી શકે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેઓને ખેતર, વાડો કે ઘર આંગણે વાવી શકાય તેવા શાકભાજીના વાવેતર અને ઉછેરની સમજ આપી, બિયારણનું વિતરણ કરાયું હતું. અણિયાળી ગામે આ પ્રકારની તાલીમ અને માર્ગદર્શક કાર્યક્રમનું આયોજન થવાથી ગ્રામજનોએ પણ રાસાયણિક ખેતી છોડી ધીરે-ધીરે પ્રાકૃતિક ખેતીનો ગામમાં વ્યાપ વધારવા માટે ઉત્સાહ દર્શાવ્યો હતો.

# જે.પી. નડ્ડાએ અનુપ્રિયા પટેલની હાજરીમાં રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે કુટુંબ આયોજન અને વસ્તી નિયંત્રણના મુદ્દાઓ પર વર્ચ્યુઅલ ચર્ચાની અધ્યક્ષતા કરી

। નવી દિલ્હી, તા.૧૧ ।

વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, શ્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે અહીં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી શ્રીમતી અનુપ્રિયા પટેલની હાજરીમાં રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે વર્ચ્યુઅલ રીતે બેઠક યોજી હતી. ઈવેન્ટની થીમ હતી: "માતા અને બાળકની સુખાકારી માટે ગર્ભાવસ્થાનો સ્વસ્થ સમય અને અંતર". વૈશ્વિક વસતિનો ૧/૫મો ભાગ ભારતની વસતિ છે એ બાબત પર ભાર મૂકીને તેમણે વિશ્વ વસતિ દિવસને પુનઃપુષ્ટિ અને પુનઃપ્રતિબદ્ધતા તરીકે ઉજવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "વિકસિત ભારતનું લક્ષ્ય ત્યારે જ હાંસલ થઈ શકે છે જ્યારે ભારતનાં પરિવારોનું સ્વાસ્થ્ય સારી રીતે જળવાઈ રહે, જે નાના કુટુંબો દ્વારા પ્રાપ્ત થઈ શકે."

કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્યોએ એ સુનિશ્ચિત કરવા માટે સામૂહિક રીતે કામ કરવાની જરૂર છે કે જેથી મહિલાઓ કુટુંબ નિયોજનની પસંદગીકરવાના તેમના અધિકારનો ઉપયોગ કરી શકે અને અનિચ્છનીય ગર્ભાવસ્થાનો બોજ ન પડે, અને એ સુનિશ્ચિત કરી શકાય કે ગર્ભનિરોધકોની અપૂર્ણ જરૂરિયાતો ખાસ કરીને અતિ ભારણ ધરાવતાં રાજ્યો, જિલ્લાઓ અને બ્લોક્સમાં પૂર્ણ થાય. તેમણે જણાવ્યું હતું કે, "એફપી કાર્યક્રમનો ઉદ્દેશ 'પસંદગી દ્વારા અને માહિતગાર પસંદગી દ્વારા જન્મ' હોવો જરૂરી છે. "યુવાનો, કિશોરો, મહિલાઓ અને વૃદ્ધો સહિત તમામ માટે ઉજ્જ્વળ, તંદુરસ્ત ભવિષ્ય સુરક્ષિત કરવા" પર સરકારના ધ્યાન પર પ્રકાશ પાડતા કેન્દ્રીય આરોગ્ય પ્રધાને જણાવ્યું હતું કે, "સહયોગ મહત્વપૂર્ણ છે કારણ કે આપણે આગામી જવાબદારીઓને સંબોધિત કરીએ છીએ અને કુટુંબ નિયોજન અને પ્રજનન આરોગ્યને મૂળભૂત તરીકે ઓળખીએ છીએ." તેમણે જણાવ્યું હતું કે, "તંદુરસ્ત સમયને પ્રોત્સાહન આપવું અને જન્મો વચ્ચેની જગ્યાને પ્રોત્સાહન આપવું, કુટુંબનું મહત્તમ કદ હાંસલ કરવું અને ગર્ભનિરોધક



પસંદગીઓને સ્વૈચ્છિક રીતે અપનાવવાનું સશક્ત બનાવવું એ તંદુરસ્ત અને સુખી પરિવારોને પોષવા માટે મહત્ત્વપૂર્ણ છે, જેથી આપણા દેશના ઉજ્જ્વળ ભવિષ્યમાં યોગદાન આપી શકાય."

"મિશન પરિવાર વિકાસ" (MPV) પર બોલતા, રાષ્ટ્રીય કુટુંબ આયોજન કાર્યક્રમની સફળ યોજનાઓ પૈકીની એક, જે શરૂઆતમાં ૧૪૬ ઉચ્ચ પ્રાથમિકતા ધરાવતા જિલ્લાઓ (HPDs) માટે સાત ઉચ્ચ કેન્દ્રીય રાજ્યોમાં શરૂ કરવામાં આવી હતી અને બાદમાં તમામ જિલ્લાઓને આવરી લેવા માટે વિસ્તૃત કરવામાં આવી હતી. આ રાજ્યો અને છ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં, શ્રી નડ્ડાએ યોજનાની નોંધપાત્ર અસર પર ભાર મૂક્યો અને આ રાજ્યોમાં ગર્ભનિરોધકની પહોંચમાં નોંધપાત્ર વધારો અને માતા, શિશુ અને પાંચ વર્ષથી ઓછી વયના મૃત્યુદરમાં સફળ ઘટાડો પર ભાર મૂક્યો. "જિલ્લાઓને આ યોજનાના પ્રાથમિક કેન્દ્રબિંદુ તરીકે બનાવવાથી સમગ્ર રાજ્યમાં TFR ને નીચે લાવવામાં મદદ મળી. મિશન પરિવાર વિકાસે માત્ર રાજ્યોના TFR ઘટાડવામાં જ ફાળો આપ્યો નથી પરંતુ રાષ્ટ્રીય TFRમાં પણ મદદ કરી છે", તેમણે જણાવ્યું હતું. આપણે પહેલાથી જ હાંસલ કરી ચૂકેલા રાજ્યોમાં નીચા TFRને જાળવી રાખવા અને અન્ય રાજ્યોમાં હાંસલ કરવાની દિશામાં કામ કરવાની જરૂર છે, એમ તેમણે ઉમેર્યું. તેમણે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને આ પ્રયાસોમાં સંતુષ્ટ થવા સામે ચેતવણી આપી અને દરેકને દેશના તમામ પ્રદેશોમાં TFR ને રિપ્લેસમેન્ટ લેવલ પર લાવવા માટે કામ કરવા પ્રોત્સાહિત કર્યા. "અમે રાજ્યોના ઈનપુટ્સ અને NFHS ડેટા પર આધારિત એક વ્યૂહરચના પણ બનાવવી જોઈએ કે જ્યાં TFRમાં સુધારો થયો નથી" તે ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે, તેમણે કહ્યું.

# અમદાવાદ મંડળના તમામ રનિંગ રૂમમાં રનિંગ સ્ટાફને અદ્યતન સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે

। અમદાવાદ, તા.૧૧ ।

ગાંધીધામ. ભારતીય રેલવે દ્વારા રેલવે ક્રૂ મેમ્બરો જેમ કે લોકો પાયલોટ, આસિસ્ટન્ટ લોકો પાયલોટ, ટ્રેન મેનેજર વગેરેને રનીંગ રૂમ અથવા રેસ્ટ રૂમની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે, જ્યાં તેઓ તેમની ડ્યુટી પછી આરામ કરી શકે છે. આ સુવિધાઓ સામાન્ય રીતે મોટા રેલવે સ્ટેશનો અને કેટલાક જંક્શન સ્ટેશનો અથવા ઈન્ટરચેન્જ પોઈન્ટ પર મળે છે જ્યાં ક્રૂ તેમના સુનિશ્ચિત ફરજના કલાકો પછી સાઈન ઓન/સાઈન ઓફ કરે છે. આ રનિંગ રૂમમાં ઘણી સુવિધાઓ અને સવલતો પૂરી પાડવામાં આવે છે, જેથી કર્મચારીઓ યોગ્ય આરામ અને વિશ્રામ કરી શકે. આ સ્ટેશનો પર એક ક્રૂ લોબી પણ આપવામાં આવે છે જ્યાં લોકો પાઈલોટ, ટ્રેન મેનેજર તેમની ડયૂટી શરૂ અથવા સમાપ્ત કરે છે.

અમદાવાદ મંડળ નો ગાંધીધામ ઈન્ટીગ્રેટેડ ક્રૂ રનિંગ રૂમ અનેક સાધન અને સુખ-સુવિધાઓથી સુસજ્જિત છે. આ રનિંગ રૂમમાં RRMS સુવિધા ઉપલબ્ધ છે જે લોકો પાયલોટનો સમય બચાવે છે, કર્મચારીઓને રાહતદરે ભોજન અને લિનન સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવે છે. તેમાં ૨૦ રેલ્વે કર્મચારીઓ માટે અને બે મહિલા કર્મચારીઓ એરકન્ડિશન્ડ રૂમ છે જેમાં કર્મચારીઓ માટે પથારીની વ્યવસ્થા છે, શાકાહારી અને માંસાહારી ખોરાક માટે અલગ રસોડું, એક ડાઈનિંગ હોલ, પર્યાપ્ત શૌચાલય વગેરે છે. આહલાદક વાતાવરણ સાથે એક ધ્યાન ખંડ પણ છે જ્યાં



કર્મચારીઓ ધ્યાન કરે છે અને મનને શાંત કરે છે. આ બિલ્ડિંગમાં કર્મચારીઓને તેમના મનપસંદ પુસ્તકો, સામયિકો વગેરે વાંચવાનો આનંદ પણ લે છે. જે ટ્રેન ડ્રાઈવર લાંબા સમય સુધી કામ કરે છે તેમના માટે ક્રોકરી, અને ફર્નિચર અને ફૂટ મસાજર વગેરે જેવી સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવે છે. જેથી કરીને તેમને ઘર જેવો આરામ મળી શકે. આ રનિંગ રૂમ ISO ૪૫૦૦૧:૨૦૧૮, ૯૦૦૧:૨૦૧૫,૧૪૦૦૧:૨૦૧૫ અને AA ૫જી FI થી પ્રમાણિત કરવામાં આવેલ છે.

લોકો પાઈલોટ્સની સમસ્યાઓ વિશે જાણવા અને તેના ઉકેલ માટે, મંડળ અથવા હેડક્વાર્ટરમાંથી સલામતી, સુરક્ષા અને સમયની પાબંદી સંબંધિત જે પણ સૂચનાઓ મળે છે, તે પ્રાપ્ત થતાંની સાથે જ ક્રૂને આપવામાં આવે છે. તમામ કર્મચારીઓને લોબીમાં મુકવામાં આવેલા પોસ્ટરોમાંથી સુરક્ષા સંબંધિત તમામ માહિતી મળે છે. તેમજ સમયાંતરે લોકો પાયલોટના પરિવારો સાથે સેમિનારનું પણ આયોજન કરવામાં આવે છે અને તેમની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવે છે.

# દેવગઢ બારીઆ નગરમાં લાઈસન્સ વગર ધમધમતી નાસ્તાની લારીઓને હોટલો

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૧ ।

માહિતી અનુસાર દેવગઢ બારીઆ નગર માં ધમધમતી હોટલો અને નાસ્તાની લારીઓ વાળા પાસે કોઈ પણ પ્રકાર ના ફૂડ વિભાગ અને ફાયર વિભાગ સેફટી ના સાધનો અને લાયસન્સ વગર ધમધમે છે નાસ્તા ની લારીઓ અને હોટલો જેમાં જે તેલ અને મસાલા વાપરવા માં આવે છે તે કઈ ગુણવતા વગર નું વાપરવા માં આવે છે અને આ બાબત ની નગર પાલિકા માં પૂછપરછ કરતા જાણવા મળેલ કે દેવગઢ બારીઆ નગર પાલિકા દ્વારા ફૂડ એન્ડ ડ્રગ્સ ને પત્ર લખી જાણ કરેલ છે આ બાબત ટૂંક જ સમય માં ટીમ બનાવી તપાસ કરી નગર પાલિકા ફૂડ વિભાગ ના અધિકારીઓ દ્વારા તપાસ કરી કાયદેસર કાર્યવાહી કરવા માં આવશે આ લારીઓ વાળા ગેસ બોટલ પર તમામ નાસ્તો બનાવે છે અને તેનો જ ઉપયોગ કરે છે તથા જેમાં અમુક હોટલો વાળા અને નાસ્તા ની લારીઓ વાળા પાસે કોઈ પણ પ્રકાર નું ફૂડ વિભાગ નું કે ફાયર નું લાયસન્સ અને ભાવ પત્રક પણ નથી અને ગંદકી માં લારીઓ ઉભી રાખી ગંદકી પણ ફેલાવે છે જેના કારણે પબ્લિક ના આરોગ્ય સાથે રમત રમાય છે જે મસાલાઓ વાપરવામાં આવે છે તે પણ હલકા માં હલકી ગુણવતા ના હોય છે જેના કારણે નગર તથા આસપાસ ની પ્રજા આ નાસ્તો આરોગે છે જેના કારણે એસિડિટી. પેટ માં દુખાવો ઝાડા ઉલટી જેવા રોગો થાય છે હોટલો અને લારીઓ માં ગેસ ના બોટલ પણ વાપરવા માં આવે છે આ લારીવાળા લોકો પાસે સેફટી ના સાધનો પણ નથી જેમાં રાજકોટ ગેમઝોન જેવી કોઈ મોટી ઘટના બને તો કોઈ નવાઈ નહી આ બાબત ની જાણ સરકારી તંત્ર ને હોવા છતાં આંખ આડા કાન કરવા માં આવે છે આ બાબત ની તપાસ કરી તમામ લારીઓ માં નાસ્તા વેચતા ઓ ની તપાસ કરી કાયદેસર ની કાર્યવાહી કરી તેમની સામે પગલાં લેવાય જેથી કરી પ્રજા ના આરોગ્ય સાથે ચેડા ના થાય.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે સ્વયં સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારો દયાભાવ અને માયાળુ સ્વભાવ અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. રૉમાન્સ માટે બહુ સારો દિવસ નથી કેમ કે તમને સાચો પ્રેમ નહીં મળે. તમેએવી કોઈક મોટા બાબતનો હિસ્સો બનશો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારી પાસે સારો એવો સમય હશે આથી, પોતાના સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. તમારી લાગણીઓ પર અંકુશ મુકવો તમારી માટે મુશ્કેલ થઈ પડશે-પણ તમારી આસપાસના લોકોને કનડતા નહીં અન્યથા તમે એકલા પડી જશો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો। તમારે નિરાંત અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાની જરૂર છે. તમારા સમર્પિત તથા અડગ પ્રેમમાં જાદુઈ રચનાત્મક શક્તિઓ છે.

**સિંહ (મ,ટ) :**

આજેના દિવસે ખાસ કરીને ગુસ્સા પર કાબૂ રાખવો અને ધીરજ રાખોજો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમારી નિકટના લોકો અંગત સ્તરે સમસ્યાઓ ઊભી કરશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારા દિવસ દરમિયાન મનોરંજન અને રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ જેથી તમારું મન પ્રફુલ્લિત રહે. તમારી પાસે આવનાર સમયમાં પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**તુલા (ર,ત) :**

આજે ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારા પ્રિયપાત્રનું. તમારી આસપાસ મહત્વના લોકોને તમે તમારા મંતવ્યો જણાવશો તો તેનાથી તમને લાભ થશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે એટલે હવે તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે.

**મકર (ખ,જ) :**

આજે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ છે તેમજ મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. તમને લાભ થવાની શક્યતા છે- જો તમે તમારા વિચારો યોગ્ય રીતે રજૂ કરશો તથા કામમાં તમારી દ્દઢતા અને કટિબદ્ધતા દેખાડશો તો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે કોઈક પ્રકારનો ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે.

# વિદેશ સચિવે દાવાઓને ‘તથ્યપૂર્ણ રીતે ખોટા’ ગણાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતે યુક્રેન મુદ્દે રશિયા સાથેના મતભેદોના દાવાઓને "તથ્યપૂર્ણ રીતે ખોટા" ગણાવીને નકારી કાઢ્યા હતા. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે મતભેદોને કારણે વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ પુતિન વચ્ચે તેમની રશિયાની મુલાકાત દરમિયાન એક મોટી પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક રદ કરવામાં આવી હતી.મીડિયા સાથે વાત કરતા વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ મોસ્કોમાં કેટલાક મુકાબલો અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં કહ્યું, "જ્યાં સુધી મને ખબર છે, વડાપ્રધાનની મોસ્કો મુલાકાત દરમિયાન કોઈ વિશેષ કાર્યક્રમ રદ કરવામાં આવ્યો નથી."વિનય ક્વાત્રાએ કહ્યું હતું કે (અથડામણને કારણે કાર્યક્રમ રદ થવાનો દાવો) "મને તે ખરેખર આશ્ચર્યજનક લાગે છે, પરંતુ આ હકીકતમાં કોઈ સત્ય નથી, તદ્દન ભ્રામક (અહેવાલ)). મોસ્કો માટે ખૂબ જ સફળ રહ્યો હતો." તેમણે કહ્યું કે સત્ય એ છે કે પીએમ મોદી અને રાષ્ટ્રપતિ પુતિન વચ્ચેની ચર્ચા બંને પક્ષો દ્વારા ફાળવવામાં આવેલા સમય કરતાં વધુ ચાલી.અગાઉ, રાષ્ટ્રપતિ પુતિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવને ટાંકીને, રશિયન સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો હતો કે વડા પ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ પુતિને મંગળવારે મોસ્કોમાં યોજાયેલી તેમની બેઠકમાં તમામ વિષયો પર તેમના વિચારો વ્યક્ત કર્યા હતા, જેમાં કોઈ મોટા બ્રેકઆઉટ સત્રની જરૂર નહોતી મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.જ્યારે પૂછવામાં આવ્યું કે પીએમ મોદી અને પુતિન વચ્ચે વિશાળ પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક શા માટે યોજાઈ નથી, તો રશિયન અધિકારીએ કહ્યું કે એવું નથી કે તેની પાછળ કોઈ સમસ્યા છે, પરંતુ બંને નેતાઓ વચ્ચે ત્રણ કલાકથી વધુની વાતચીત થઈ હતી.

### યુએસ પ્રમુખ ચૂંટણી

# ડોનાલ્ડ ટ્રમ્પે જો બિડેનને બીજી ચર્ચા માટે પડકાર્યા

## ટ્રમ્પે કહ્યું છે કે તેઓ બિડેન સાથે ગમે ત્યાં, ગમે ત્યારે, કોઈપણ જગ્યાએ અને સમયે ચર્ચા કરવા તૈયાર છે

। (એજન્સી) અમેરિકા, તા.૧૧ ।

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે બિડેન આ અઠવાડિયે તેમની સાથે બીજી ચર્ચા કરવી જોઈએ, જેથી લોકો જાણી શકે કે આળસુ બિડેન અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા માટે યોગ્ય છે કે નહીં. રિપબ્લિકન પાર્ટીના પ્રમુખપદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પ્રતિસ્પર્ધી અને વર્તમાન પ્રમુખ જો બિડેનને ચર્ચાના બીજા રાઉન્ડ માટે પડકાર ફેંક્યો છે. ટ્રમ્પે કહ્યું છે કે તેઓ બિડેન સાથે ગમે ત્યાં, ગમે ત્યારે, કોઈપણ જગ્યાએ અને સમયે ચર્ચા કરવા તૈયાર છે.ટ્રમ્પે તેમના પ્રતિસ્પર્ધી અને વર્તમાન પ્રમુખ જો બિડેનને આ અઠવાડિયે બીજી ચર્ચા દ્વારા "સમગ્ર વિશ્વની સામે પોતાને રીડીમ" કરવાની તક આપી છે, અને તેમને ગોલ્ફના રાઉન્ડમાં પણ પડકાર આપ્યો છે.આની જાહેરાત કરતા ટ્રમ્પે કહ્યું કે હું સત્તાવાર રીતે બિડેનને આખી દુનિયાની સામે પોતાને રિડીમ કરવાનો મોકો આપી રહ્યો છું, ટ્રમ્પે ફ્લોરિડામાં એક રેલીને સંબોધતા આ વાત કહી. આગળ, ટ્રમ્પે કહ્યું કે બિડેન આ અઠવાડિયે તેમની સાથે બીજી ચર્ચા કરવી જોઈએ, જેથી લોકો જાણી શકે કે આળસુ બિડેન અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા માટે યોગ્ય છે કે નહીં. આ સિવાય બિડેનને પડકાર ફેંકતા ટ્રમ્પે કહ્યું કે આ વખતે હરીફાઈ સીધી હશે, મધ્યસ્થની ભૂમિકામાં કોઈ નહીં હોય. આ વખતે ચર્ચા સામ-સામે થશે.અગાઉ ૨૭ જૂનના રોજ, બિડેનના સાથીઓએ તેમને રાષ્ટ્રપતિની ચર્ચામાં ખરાબ પ્રદર્શનને કારણે રાષ્ટ્રપતિની ચૂંટણી ન લડવાનું સૂચન કર્યું હતું. જો કે, બિડેને તે સૂચનોની અવગણના કરી. આ જ રેલીમાં ટ્રમ્પે બિડેનને ગોલ્ફ મેચ રમવાનો પડકાર ફેંક્યો હતો.એટલું જ નહીં, ટ્રમ્પે કહ્યું હતું કે જો બાયડેન મેચ જીતી જાય છે તો હું તેની પસંદગીની ચેરિટી અથવા તે ઈચ્છતી કોઈપણ ચેરિટીને ૧ મિલિયન યુએસ ડોલર આપીશ. ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે, ‘હું તમારા પર શરત લગાવી શકું છું કે તે આ પ્રસ્તાવને સ્વીકારશે નહીં, આ સિવાય તે મેચ એ પણ સાબિત કરશે કે બિડેન માત્ર વાતો કરે છે, કોઈ કામ નથી કરતા.’બિડેન-હેરિસના પ્રવક્તા જેમ્સ સિંગરે ટ્રમ્પ દ્વારા આપવામાં આવેલા તમામ પડકારોને ફગાવી દેતા કહ્યું કે જો બિડેન પાસે ડોનાલ્ડ ટ્રમ્પની વિચિત્ર હરકતો માટે સમય નથી. તેમની પાસે ટ્રમ્પની આવી વાતો પર ધ્યાન આપવા માટે પૂરતો સમય નથી. તે અમેરિકાનું નેતૃત્વ કરવા અને મુક્ત વિશ્વનું રક્ષણ કરવા જેવા અસંખ્ય કાર્યોમાં વ્યસ્ત છે. જેમ્સ સિંગરે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ડોનાલ્ડ ટ્રમ્પ જૂઠા, દોષિત અને છેતરપિંડી કરનાર છે.

### ‘પ્રમુખપદની રેસ છોડી દો, અન્યથા...’

## બિડેનના સૌથી મોટા સમર્થક, ફિલ્મ સ્ટારની અપીલ કરી



હવે તેમના સૌથી મોટા સમર્થક, ફિલ્મ સ્ટાર જ્યોર્જ ક્લૂનીએ પણ અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રાષ્ટ્રપતિ જો બિડેનની ઉમેદવારી પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે બિડેનને અપીલ કરી છે કે તેઓ તેમનો દાવો છોડી દે અને અન્ય કોઈ નેતાને રાષ્ટ્રપતિ પદ માટે નોમિનેટ કરે. ક્લૂનીએ તેના એક લેખમાં કહ્યું હતું કે તે બિડેનને પસંદ કરે છે, પરંતુ જો પાર્ટી તેના નેતૃત્વમાં ચૂંટણી લડશે તો પાર્ટી કોંગ્રેસ (યુએસ સંસદ)માં પણ તેનું નિયંત્રણ ગુમાવશે.ફિલ્મ સ્ટાર ક્લુનીએ પોતાના લેખમાં લખ્યું છે કે, "આ માત્ર મારો અભિપ્રાય નથી. આ દરેક સેનેટર અને કોંગ્રેસમેન અને ગવર્નરનો અભિપ્રાય છે જેમની સાથે મેં અંગત રીતે વાત કરી છે." ક્લુનીના નિવેદનને એ રીતે જોઈ શકાતું નથી કે તે બિડેનના વિરોધી હોઈ શકે, જ્યાં ગયા મહિને જ તેણે રાષ્ટ્રપતિ માટે ઈ૩૦ મિલિયન હોલીવુડ ફંડરેઝરનું આયોજન કર્યું હતું.ક્લૂનીએ દલીલ કરી હતી કે પાર્ટીએ આવતા મહિને તેના સંમેલનમાં નવા રાષ્ટ્રપતિ પદના ઉમેદવારની પસંદગી કરવી જોઈએ. તેમના લેખમાં, ક્લૂનીએ જો બિડેનની ઉંમર વિશે વાત કરી, જેઓ હવે ૮૧ વર્ષના છે. ઉદાહરણ તરીકે, તેણે કહ્યું કે તેણે ગયા વર્ષની સરખામણીમાં બિડેનમાં ઘણા તફાવતો જોયા છે, ખાસ કરીને લોસ એન્જલસમાં એક ઈવેન્ટમાં, જ્યાં બિડેન થાકેલા દેખાતા હોવાનું કહેવાય છે.જો બિડેનની ઉમેદવારી પર સવાલો ઉઠાવવામાં ફિલ્મ સ્ટાર ક્લુની એકલા નથી, પરંતુ બિડેનની નજીકના લોકો પણ તેમને અન્ય કોઈને ઉમેદવારી સોંપવા માટે અપીલ કરી રહ્યા છે. એસોસિએટેડ પ્રેસના અહેવાલ અનુસાર, બિડેનની નજીકની વ્યક્તિએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે માર્ચમાં જો બિડેનમાં તેણે જે ચાર્મ જોયો હતો તે લોસ એન્જલસની ઘટના બાદ ફિક્કો પડી ગયો છે.

### ભારતીય ટીમમાં થશે મોટા ફેરફારો...

# નવા કોચ ગૌતમ ગંભીર બે દિગ્ગજને લાવવા માંગે છે!

## દ્રવિડની સાથે સપોર્ટ સ્ટાફ, બેટિંગ કોચ વિક્રમ રાઠોડ અને બોલિંગ કોચ પારસ મ્હામ્બરેનો કાર્યકાળ પણ સમાપ્ત થઈ ગયો છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ગૌતમ ગંભીરની નિમણૂક નવા હેડ કોચ: ગયા મહિને ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪નો ખિતાબ જીતનાર ભારતીય ટીમમાં હવે મોટો ફેરફાર થયો છે. મુખ્ય કોચ રાહુલ દ્રવિડનો કાર્યકાળ પૂરો થઈ ગયો હતો. આવી સ્થિતિમાં, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ હવે તેમના સ્થાને ભૂતપૂર્વ ઓપનર ગૌતમ ગંભીરને નવા મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા છે. ભારતીય ટીમ આ જુલાઈના અંતમાં શ્રીલંકાના પ્રવાસે જશે. ગંભીર આ પ્રવાસથી કમાન સંભાળશે. પરંતુ તે પહેલા એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે કે ટીમમાં હજુ વધુ મોટા ફેરફાર થવાના છે.હકીકતમાં, દ્રવિડની સાથે સપોર્ટ સ્ટાફ, બેટિંગ કોચ વિક્રમ રાઠોડ અને બોલિંગ કોચ પારસ મ્હામ્બરેનો કાર્યકાળ પણ સમાપ્ત થઈ ગયો છે. આ બંને જગ્યાઓ પર પણ નવી ભરતી થવાની છે. આવી સ્થિતિમાં ગંભીરે આ બે પદ માટે BCCIને પોતાની તરફથી ૨ નામ સૂચવ્યા છે. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, ગંભીરે બોલિંગ કોચ માટે પૂર્વ ભારતીય ફાસ્ટ બોલર વિનય કુમારનું નામ સૂચવ્યું છે. તેણે ભારતીય ટીમ માટે ૧ ટેસ્ટ, 38 ODI અને 9 T20 મેચ રમી છે. વિનય ૨૦૧૩ ICC ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન પણ ભારતીય ટીમનો ભાગ હતો. હાલમાં, વિનય IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ સાથે સંકળાયેલો છે અને ILT20માં મુંબઈ અમીરાતનો બોલિંગ કોચ પણ રહી ચૂક્યો છે.એટલું જ નહીં, ગંભીરે બેટિંગ કોચ તરીકે અભિષેક નાયરનું નામ સૂચવ્યું છે. તે હાલમાં આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ટીમના સહાયક કોચ અને એકેડેમી ડિરેક્ટર છે. તમને જણાવી દઈએ કે મુખ્ય કોચ તરીકે ગંભીરનો કોન્ટ્રાક્ટ ૨૦૨૭માં સમાપ્ત થશે. પરંતુ તે પહેલા તેમની પાસે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫, T20 વર્લ્ડ કપ ૨૦૨૬ અને ODI વર્લ્ડ કપ ૨૦૨૭ છે.કેટલાક રિપોર્ટ્સમાં એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે પૂર્વ ભારતીય ફાસ્ટ બોલર ઝહીર ખાન પણ બોલિંગ કોચની રેસમાં છે. તેનો અર્થ એ છે કે તે બોલિંગ કોચ પારસ મ્હામ્બરેનું સ્થાન લઈ શકે છે.

# ‘પહેલા તેણે મહિલાને ખેંચી, પછી મિહિરે તેને કચડી નાખ્યો’

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

મુંબઈ હિટ એન્ડ રન કેસના આરોપી મિહિર શાહ (૨૪)ની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે તેમના પિતા રાજેશને શિવસેના (શિંદે) દ્વારા ઉપનેતા પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. આ અકસ્માતમાં ૪૫ વર્ષની કાવેરી નાખ્વાએ જીવ ગુમાવ્યો હતો. પોલીસે કોર્ટમાં કરેલી રિમાન્ડ અરજીમાં જણાવ્યું હતું કે મહિલાના મૃતદેહને થોડે દૂર સુધી ખેંચવામાં આવ્યો હતો અને કારમાંથી બહાર કાઢ્યા બાદ ફરીથી કાર તેના પર ચઢાવી દેવામાં આવી હતી.મિહિર શાહની કસ્ટડીની માંગણી કરતી અરજીમાં પોલીસે જણાવ્યું હતું કે આ ઘટના રવિવારે સવારે ૫:૨૫ વાગ્યાની આસપાસ બની હતી. પોલીસ રિમાન્ડ નોંધ મુજબ, મિહિર શાહ મ્સ્ઉ ચલાવી રહ્યો હતો ત્યારે તે પીડિતાના સ્કૂટર સાથે અથડાઈ હતી. કાર સ્કૂટર ચલાવી રહેલી કાવેરી નાખ્વાને લગભગ ૧.૫ કિલોમીટર સુધી ખેંચી ગઈ અને પછી બાંદ્રા વર્લી સી લિંક પાસે રોકાઈ ગઈ.પોલીસે જણાવ્યું કે મિહિર શાહ અને તેના ડ્રાઈવર રાજર્ષિ બિદાવતે કારની તપાસ કરી અને પછી મિહિરે ઘરે ફોન કર્યો. આ પછી સીટ બદલવામાં આવી હતી. રિમાન્ડ અરજીમાં જણાવાયું છે કે બિદાવતે કારનો કબજો મેળવ્યો હતો અને કારને પાછળની તરફ ફેરવતી વખતે તેણે કારમાંથી રોડ પર પડી ગયેલી કાવેરીને કચડી નાખી હતી

### ધાર્મિક સ્વતંત્રતાનો ખરો અર્થ શું છે?

# અલ્હાબાદ હાઈકોર્ટે ગેરકાયદે ધર્માંતરણ પર કડક ટિપ્પણી કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।



અલાહાબાદ હાઈકોર્ટ કહે છે કે બંધારણ દરેક નાગરિકને સ્વતંત્ર રીતે તેના ધર્મનો સ્વીકાર કરવાની, પ્રેક્ટિસ કરવાની અને તેનો પ્રચાર કરવાની છૂટ આપે છે, પરંતુ "અન્યને ધર્મ બદલવાનો અથવા ધર્મ બદલવાનો સામૂહિક અધિકાર આપ તો નથી."હાઈકોર્ટના જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે મહારાજગંજના શ્રીનિવાસ રાવ નાયકની જામીન અરજી ફગાવી દેતા આ આદેશ આપ્યો હતો. તેમની સામે ઉત્તર પ્રદેશ પ્રોહિબિશન ઓફ અનલોફુલ રિલિજિયસ કન્વર્ઝન એક્ટ-૨૦૨૧ ની કલમ ૩ અને ૫ (૧) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. હાઈકોર્ટની બેન્ચે એવી પણ ટિપ્પણી કરી હતી કે બંધારણ મુજબ દરેક નાગરિકને પોતાની ધાર્મિક માન્યતાઓ પસંદ કરવાની, આચરવાની અને વ્યક્ત કરવાની સ્વતંત્રતા છે.હાઈકોર્ટે સ્પષ્ટતા કરી હતી કે અંતરાત્મા અને ધર્મની સ્વતંત્રતાને ધર્માંતરણના સામૂહિક અધિકાર તરીકે સમજી શકાય નહીં, જેનો અર્થ કોર્ટના મતે અન્ય લોકોના ધર્મમાં પરિવર્તન કરવાનો પ્રયાસ થાય છે. કોર્ટે કહ્યું હતું કે, "ધર્માંતર કરનાર વ્યક્તિ અને ધર્મ પરિવર્તન ઈચ્છતી વ્યક્તિ બંને દ્વારા ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર સમાન રીતે ભોગવવામાં આવે છે."આરોપ છે કે આ વર્ષે ૧૫ ફેબ્રુઆરીએ મામલાની માહિતી આપનારને વિશ્વનાથના ઘરે બોલાવવામાં આવ્યો હતો, જ્યાં મોટાભાગે અનુસૂચિત જાતિના લોકો સહિત ઘણા ગામલોકો પણ હાજર હતા. આ મેળાવડામાં વિશ્વનાથના ભાઈ બ્રિજલાલ, આ કેસના આરોપી શ્રીનિવાસ અને રવિન્દ્ર પણ ત્યાં હાજર હતા. અહીં, શ્રીનિવાસે કથિત રીતે માહિતી આપનારને ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે પ્રેરિત કર્યા હતા.

# શિવાની રાજાએ હાથમાં શ્રીમદ ભગવત ગીતા સાથે શપથ લીધા

## શિવાની રાજાએ લેસ્ટર ઈસ્ટ સીટ પર કન્ઝર્વેટિવ પાર્ટી માટે ઐતિહાસિક જીત હાંસલ કરી,આ સીટ પર લેબરના 37 વર્ષના વર્ચસ્વનો અંત લાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

બ્રિટિશ સામાન્ય ચૂંટણીઓમાં કીર સ્ટારમરની લેબર પાર્ટીએ જંગી જીત મેળવી છે. ૧૪ વર્ષ સુધી વિપક્ષમાં બેસીને લેબર પાર્ટી ફરી સત્તામાં આવી છે. શિવાની રાજા આ ચૂંટણીમાં ઘણી ચર્ચામાં રહી હતી. શિવાની રાજાએ લેસ્ટર ઈસ્ટ સીટ પર કન્ઝર્વેટિવ પાર્ટી માટે ઐતિહાસિક જીત હાંસલ કરી, આ સીટ પર લેબરના ૩૭ વર્ષના વર્ચસ્વનો અંત લાવ્યો. તે ભારતીય મૂળના લેબર ઉમેદવાર રાજેશ અગ્રવાલ સામે ચૂંટણી લડી રહી હતી. શિવાની રાજાએ બ્રિટિશ સંસદમાં ભગવત ગીતા હાથમાં લઈને શપથ લીધા છે.બ્રિટિશ સાંસદ તરીકે શપથ લીધા બાદ શિવાની રાજાએ ઠ પર લખ્યું કે લેસ્ટર ઈસ્ટનું પ્રતિનિધિત્વ કરવા માટે સંસદમાં શપથ લેવું સન્માનની વાત છે. હિઝ મેજેસ્ટી કિંગ ચાર્લ્સ પ્રત્યેની નિષ્ઠાનાં શપથ લેવા બદલ મને ગીતા પર ખરેખર ગર્વ છે.શિવાનીની જીત લેસ્ટર સિટીના તાજેતરના ઈતિહાસને ધ્યાનમાં રાખીને મહત્વપૂર્ણ છે, જ્યાં ૨૦૨૨માં ભારત વિરુદ્ધ પાકિસ્તાન ્૨૦ એશિયા કપ મેચ પછી ભારતીય હિન્દુ સમુદાય અને મુસ્લિમો વચ્ચે અથડામણ થઈ હતી. શિવાની રાજાએ ચૂંટણીમાં ૧૪,૫૨૬ મત મેળવ્યા હતા, જેણે લંડનના ભૂતપૂર્વ ડેપ્યુટી મેયર રાજેશ અગ્રવાલને હરાવ્યા હતા.

## વિશેષ

### આજના સમયની માંગ - પ્રાકૃતિક ખેતી

# આજે જાણીએ પ્રાકૃતિક ખેતીનાં વિશેષ પાસાંઓ, સિદ્ધાંતો અને આયામો









। (માહિતી) અમદાવાદ ।

પ્રવર્તમાન ખેતીમાં રાસાયણિક ખાતરો તથા જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગના કારણે આરોગ્ય, પર્યાવરણ અને જમીનના સ્વાસ્થ્ય સામે ખતરો ઊભો થયો છે. આથી ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ પાછા વળીએ અને આરોગ્ય, પર્યાવરણની રક્ષા કરીએ તે આજના સમયની માગ છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના માર્ગદર્શનમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત રાજ્યમાં અનેક ખેડૂતો આજે પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે. ત્યારે આજે આપણે વાત કરીશું પ્રાકૃતિક ખેતીનાં વિશેષ પાસાંઓ, સિદ્ધાંતો અને મુખ્ય આયામો વિશે. આચાર્ય દેવવ્રતજીએ પોતાના પુસ્તકમાં આ અંગે વિસ્તૃત છણાવટ કરેલી છે.

સૌપ્રથમ તો જમીન અને પર્યાવરણને કોઈ પણ પ્રકારનું નુકસાન કર્યા વગર પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત ખેતીને પ્રાકૃતિક ખેતી કહેવામાં આવે છે. પ્રાકૃતિક ખેતીમાં ગાયનું વિશેષ મહત્ત્વ છે.

**પ્રાકૃતિક ખેતીનાં વિશેષ પાસાંઓ**

- આ પદ્ધતિ કુદરત, વિજ્ઞાન, અધ્યાત્મ તેમજ અહિંસા પર આધારિત શાશ્વત કૃષિ પદ્ધતિ છે.
- આ પદ્ધતિમાં તમારે રાસાયણિક ખાતર, છાણીયું ખાતર, જૈવિક ખાતર, અળસિયાનું ખાતર, તેમજ ઝેરી કિટનાશક, રસાયણિક નીંદણનાશક દવાઓ, રસાયણિક ફુગનાશક દવાઓ નાખવામાં આવતી નથી. ફક્ત એક દેશી ગાયની મદદથી તમે આ કૃષિ કરી શકાય છે.
- આ પદ્ધતિમાં પાણી અને વીજળીની બચત થાય છે.
- પાક ઉત્પાદન ઝેરમુક્ત, ઊંચી ગુણવત્તાયુક્ત, પૌષ્ટિક અને સ્વાદિષ્ટ હોય છે.
- પ્રાકૃતિક ખેતીથી કુદરતી સંસાધનોની શાશ્વતતા વધે છે.
- જળનો જમીનમાં સંચય થાય છે અને ભેજ સંગ્રહશક્તિ વધે છે.
- જમીનમાં સેન્દ્રીય કાર્બનનું પ્રમાણ વધવાથી સૂક્ષ્મ જીવાણુઓ અને અળસિયાની સંખ્યા વધે છે, પરિણામે જમીન જીવંત, પોચી અને ભરભરી બને છે. જમીનની તંદુરસ્તી સુધરવાથી પાકનો વિકાસ સારો થાય છે. પ્રાકૃતિક ખેતીનાં આ વિશેષ પાસાંઓ છે.

**પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતો**

- આ ખેતીના કેન્દ્ર સ્થાને જમીન અને તેની ફળદ્રુપતા છે. છોડ નહીં પણ જમીનના આરોગ્યને મજબૂત બનાવવું.
- જીવામૃત, બીજામૃત ખેતર પર જ તૈયાર કરી ઉપયોગ કરવો.
- જમીન પર આચ્છાદન કરવું.
- મિશ્ર/આંતર પાક પદ્ધતિ અપનાવવી.
- જમીનમાં સૂક્ષ્મ જીવાણુની સંખ્યા વધારવી.
- પરભક્ષી, પરોપજીવી, ઉપયોગી જીવજંતુની જાળવણી કરવી.
- દેશી ગાયના છાણ અને ગૌમૂત્રનો ઉપયોગ કરવો.
- પર્યાવરણનું જતન અને જમીનનું રક્ષણ કરવું.

આ બધા સિદ્ધાંતોને ધ્યાને રાખીને પ્રાકૃતિક ખેતી કરવામાં આવે છે.

**પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો**

- જીવામૃત
- બીજામૃત
- ઘનજીવામૃત
- આચ્છાદન - મલ્ચિંગ
- મિશ્ર/આંતર પાક
- જમીનમાં વાપસા પરિસ્થિતિ

# ગુજરાતને વિકસિત ભારતનું પ્રથમ વિકસિત રાજ્ય બનાવવાના 'ગુજરાત ગુણવત્તા સંકલ્પ'નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારત@2047ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને સાકાર કરવામાં ક્વૉલિટી એટલે કે, ગુણવત્તાયુક્ત સેવા-સુવિધાઓથી ગુજરાત અગ્રેસર રહેવા સજ્જ છે તેવો સ્પષ્ટ મત દર્શાવ્યો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વિકસિત ભારતના નિર્માણની પાયાની શરત ક્વૉલિટી એટલે કે ગુણવત્તા છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ડિજીટલ ઈન્ડીયા, સ્ટાર્ટઅપ ઈન્ડીયા, મેઈક ઈન ઈન્ડીયા, સ્કીલ ઈન્ડીયા જેવા અભિયાનોને જ્વલંત સફળતા મળી છે.

હવે, 'મોદી હૈ તો મૂમકીન હૈ' ના વિચાર સાથે મોદી ૩.૦ સરકાર ગુણવત્તામાં પણ દેશને નવી ઉંચાઈઓ સર કરાવશે અને ગુજરાત તેમાં અગ્રીમ યોગદાન આપશે એવો વિશ્વાસ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રી ક્વૉલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડીયા દ્વારા અમદાવાદમાં આયોજિત ગુજરાત ગુણવત્તા સંકલ્પ એજન્ડા પરિસંવાદ સત્રનો પ્રારંભ કરાવતાં સંબોધન કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંતુષ્ટીકરણ અને વિકાસની રાજનીતિથી નવો ઈતિહાસ સર્જ્યો છે.

દરેક યોજનાઓનો લાભ જરૂરતમંદ લાભાર્થી સુધી અવશ્ય પહોંચે તે બાબત યોજનાઓના સેચ્યુરેશનથી પાર પડી છે. આવા લોકહિત અને રાષ્ટ્રસેવા સંકલ્પમાં ગુણવત્તા-ક્વૉલિટી જોડાય ત્યારે ઈઝ ઓફ લિવિંગ વધે છે તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીએ ત્રીજી ટર્મમાં ભારતને સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાનો નિર્ધાર કર્યો છે. તેમાં બધા ક્ષેત્રોમાં ગુણવત્તાયુક્ત આઉટપુટ માટે સૌએ સજ્જ થવું પડશે. ગુજરાત વડાપ્રધાનશ્રીના બધા જ આહવાન



ઝિલી લઈને વિકાસનું રોલ મોડલ તથા 'ગેટવે ટુ ધ ફ્યુચર' બન્યું છે તેને હજુ તેજ ગતિથી આગળ ધપાવવા વિકસિત ગુજરાતજ૨૦૪૭નો રોડમેપ તૈયાર કર્યો છે તેની પણ છણાવટ મુખ્યમંત્રીશ્રીએ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકે ગુજરાત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, લોજીસ્ટિક હેન્ડલિંગ કેપેસિટી અને માળખાગત સુવિધાઓને કારણે FDI રોકાણ અને સ્ટાર્ટઅપમાં સતત ત્રણ વર્ષથી અગ્રેસર છે. સાથોસાથ ફોર્ચ્યુન ૫૦૦ કંપનીમાંથી ૧૦૦ જેટલી કંપનીઓ ગુજરાતમાં કાર્યરત છે. ત્યારે આવનારા સમયમાં સેમિકન્ડક્ટર, ગ્રીન એનર્જી અને એક્સપોર્ટમાં પણ ગુજરાત નેતૃત્વ કરે તેવું આપણું લક્ષ્ય છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના ૫૨ વિકાસ મોડલ ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત, ગતિશીલ ગુજરાત અને ગરવું ગુજરાતમાં ગુણવત્તાનો વધુ એક 'G' જોડીને, ગુજરાતને દેશનું પ્રથમ વિકસિત રાજ્ય બનાવવાના નિર્ધારમાં ક્વૉલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડીયાનો આ પ્રારંભ નવી દિશા આપશે તેમ ઉમેર્યું હતું. ગુણવત્તા સુધારણા માટેના વિવિધ વિષયો પર ફળદ્રુપ ચર્ચાસત્રોના આયોજન અને સમગ્ર સમારોહ માટે મુખ્યમંત્રીશ્રીએ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

ઉદ્દ્ઘાટન સત્રમાં સ્વાગત સંબોધન કરતાં ક્વૉલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન શ્રી જક્ષય શાહે જણાવ્યું હતું કે, જેમ ઐતિહાસિક દાંડીયાત્રાની શરૂઆત ગુજરાતથી થઈ તેવી જ રીતે ગુણવત્તા ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવવા માટે ગુણવત્તા યાત્રા પણ ગુજરાતથી શરૂ થઈ રહી છે. તે આપણા માટે આનંદની વાત છે. આ અવસરે ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ. જે.હૈદર, મુખ્યમંત્રીના સલાહકાર શ્રી એસ. એસ. રાઠોડ, ક્વૉલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના મુખ્ય સલાહકાર શ્રી ચક્રવર્તી ટી. કન્નન, ક્વૉલિટી ઓફ કાઉન્સિલિંગ સલાહકાર શ્રીમતી હેમગૌરી ભંડારી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રી(GCCI)ના પ્રમુખ શ્રી અજયભાઈ પટેલ, CREDAI ના નેશનલ પ્રેસિડેન્ટ શ્રી શેખર પટેલ, એસ્ટ્રાલ લિમિટેડના સ્થાપક અને ચેરમેન શ્રી સંદીપ એન્જિનિયર, એસોચેમના ચેરમેન શ્રી ચિંતન ઠાકર, ગુજરાત રાજ્ય પરિષદના અધ્યક્ષ શ્રી રાજીવ ગાંધી, એસજીસીસીઆઈના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ધારાસભ્યશ્રીઓ અને દેશ-વિદેશના નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતાં.

## ચોમાસાની શરૂઆત થતા જ પાણી જન્ય રોગચાળો વકર્યો

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

ચોમાસાની શરૂઆત થતા જ પાણી જન્ય રોગચાળો વકરતો હોય છે. ત્યારે વડોદરા શહેરમાં કોલેરાએ દસ્તક દીધી છે. શહેરમાં ૧૯થી વધારે કોલેરાના શંકાસ્પદ કેસ નોંધાયા છે. જેના પગલે વિવિધ વિસ્તારોમાંથી પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે. શહેરમાં ૧૯થી વધારે કોલેરાના શંકાસ્પદ કેસ નોંધાયા છે. જેમાંથી ૫ દર્દીઓ હાલ સારવાર હેઠળ SSG હોસ્પિટલ અને જમનાબાઈ હોસ્પિટલમાં દાખલ કરાયેલા છે. બીજી તરફ જે દર્દીઓ જે વિસ્તારમાંથી મળ્યા છે તે તમામ વિસ્તારોમાં પાણીના સેમ્પલ લેવાની પ્રક્રિયા આરોગ્ય વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. શંકાસ્પદ જણાયેલા વિસ્તારોમાં ક્લોરિનેશનની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. એક તરફ પાલિકા દ્વારા પ્રિ મોન્સુની કામગીરીના નામે ફક્ત શહેરની કાંસોની સફાઈ કરવામાં આવી છે.

## પોરબંદરના માછીમારો પર ગુજરાત મેરીટાઇમ બોર્ડની મનમાની

। (એજન્સી) પોરબંદર, તા.૧૧ ।

પોરબંદરના માછીમારો પર ગુજરાત મેરીટાઈમ બોર્ડની મનમાની જોવા મળી છે. માછીમારોને ભાડે આપેલા ગોડાઉનને જર્જરિત હાલતમાં હોવાનો રિપોર્ટ સરકારને રિપોર્ટ આપી ગોડાઉન ખાલી કરવાની નોટિસ આપી છે. થોડા દિવસ પહેલા મેરીટાઈમ બોર્ડે માછીમારોને ભાડે આપેલા ગોડાઉન જર્જરિત હોવાનો સરકારને રિપોર્ટ આપી ગોડાઉન ખાલી કરવાની નોટીસ આપી છે. નોટીસ આપ્યાના તુરંત જ અધિકારીઓ રૂબરૂમાં ગોડાઉન ખાલી કરાવવા પહોંચતા માછીમારોમાં રોષે ભરાયા છે. ઉલ્લેખનીય છે કે મેરીટાઈમ બોર્ડ ગોડાઉન ખાલી કરવાની નોટીસ આપતા માછીમારોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે.

### હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ લેતા પહેલા ચેક કરજો

## એક મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ નીકળી બનાવટી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

દેશમાં મોંધવારી એટલી હદે વધી છે કે લોકો પૈસા કમાવવા માટે ઓછી મહેનતે વધુ કામવવાની લાલચે નવા શોર્ટ કટ શોધી લેતા હોય છે. જેને પરિણામે રોજ કોઈને કોઈ કૌભાંડ સામે આવે છે. નકલી શાળા, નકલી કોલેજ ,નકલી કચેરીઓ અને તેમાં નકલી વહીવટદારોતો જોવા મળ્યા છે. પરંતુ હવે આ નકલી બજાર અટેલી હદે વધ્યું છે કે બજારમાં હવે નકલી ડૉક્ટરની સાથે તેમની નકલી હોસ્પિટલ પણ ઝડપાઈ છે. તાજેતરમાં અમદાવાદના બાવળા તાલુકાના નળ સરોવર રોડ પર આવેલા કેરળ ગામમાં અનન્યા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના નામથી નકલી હોસ્પિટલ ખોલીને પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરતો ડૉક્ટર ઝડપાઈ ગયો છે. અમદાવાદના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. શૈલેષ પરમારના જણાવ્યા અનુસાર અનન્યા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં થયેલા મૃત્યુને પગલે ત્યાં દરોડો પાડવામાં આવતા ત્યાં પ્રેક્ટિસ કરતો ડૉક્ટર પણ નકલી હોવાનું જાણવા મળ્યું હતું . તરતજ તંત્ર દ્વારા ત્યાં સીલ લગાવીને ડોકટરની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. વધુમાં અનન્યા હોસ્પિટલમાં બીજા અનેક વિભાગો જેવા કે સર્જરી, યુરોલોજી, ગાયનેકોલોજી, પેડિયાટ્રિક્સ, ઓર્થોપેડિક્સ, ઈએનટી, ત્વચા અને દાંતની સારવાર કરવા માટેના વિભાગો ચાલતા હોવાની જાણકારી પણ મળી છે જેની નોંધ લઈને કાર્યવાહી કરવામાં આવી હતી. આ બોગસ હોસ્પિટલ એક બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફલોર પર બે દુકાનની કોમર્શિયલ બિલ્ડિંગમાં ભાડાની જગ્યાએથી ચલાવવામાં આવતી હતી. કેરળ,એક નાનકડું ગામડું છે,પરંતુ એ ગુજરાત સરકારના સૂચિત ઔદ્યોગિક વિસ્તારોમાંનું એક, સમૃદ્ધ ઔદ્યોગિક કેન્દ્ર છે. જ્યાં મુખ્યત્વે મજૂર વર્ગ વધુ વસવાટ કરે છે.ત્યાં નજીકમાં સરકારી હોસ્પિટલ સિવાય અન્ય કોઈ હોસ્પિટલની સુવિધાન હોવાથી મજૂર વર્ગ આ અનન્યા હોસ્પિટલમાં જ સારવાર માટે આવતા હતા. નાની મોટી બીમારીમાં તો સાધારણ દવાઓથી કામ થઈ જતું હતું, પણ આ હોસ્પિટલમાં સર્જરી પણ કરવામાં આવતી હતી. તે કેવી રીતે થતી તે અંગે હવે શંકા વ્યકત કરવામાં આવી રહી છે. આ હોસ્પિટલમાં જ્યારે એક સગીરનું મૃત્યુ થયું અને તેનો વિડીયો વાઈરલ થયો ત્યારબાદ તંત્ર જાગૃત બન્યું અને તપાસ કરતાં જાણવા મળ્યું કે ત્યાંના કહેવાતા ડોકટર મેહુલ ચાવડા પાસેની સ્મ્મ્જી ડિગ્રી પણ નકલી છે. હોસ્પિટલમાં દાખલ સગીરાના સગાએ ડૉક્ટરને વારંવાર વિનંતી કરવા છતાં દર્દીને દાખલ કર્યા બાદ રિપોર્ટ આપ્યો ન હતો. વળી બનાવટી હોસ્પિટલે દર્દી પાસેથી ૧.૫ લાખ.રૂ. ખંખેરી લીધા બાદ તેને સરકારી હોસ્પિટલમાં ખસેડવાની પરિવારના સભ્યોને સલાહ પણ આપવામાં આવી હતી.

### અમદાવાદમાં પથ્થરમારાનો કેસ

## કોર્ટે કોંગ્રેસના પાંચ કાર્યકરોની જામીન અરજી ફગાવી દીધી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સંસદમાં હિન્દુઓ અંગે આપેલા નિવેદન બાદ અમદાવાદમાં કોંગ્રેસના કાર્યાલય પર પથ્થરમારાની ઘટના બની હતી. જેમાં ભાજપ, કોંગ્રેસ અને બજરંગદળના કાર્યકરોએ સામ સામે પથ્થરમારો કર્યો હતો. આ ઘટના બાદ ભાજપ અને કોંગ્રેસે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કોંગ્રેસના પાંચ કાર્યકરોની ધરપકડ કરી હતી. આ પાંચેય કાર્યકરોએ સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમાં કોર્ટે પાંચેય આરોપીની જામીન અરજી ફગાવી દીધી છે. જામીન અરજીની સુનાવણી વખતે કોર્ટે કહ્યું હતું કે, જાહેરમાં પથ્થરમારો કરવો એ અપરાધ છે. જાહેરમાં કાયદો હાથમાં લેવો યોગ્ય નથી. આમ પાંચેય આરોપીઓ એવા સંજય બ્રહ્મભટ્ટ, મનીષ ઠાકોર, મુકેશ દંતાણી અને વિમલ કંસારાની પણ ધરપકડ કરવામાં આવી છે હવે તેમણે જેલમાં રહેવું પડશે.૧ જુલાઈની મોડી રાતના ચાર વાગ્યે કોંગ્રેસ કાર્યાલય પર મોટી સંખ્યામાં બજરંગદળ અને VHPના કાર્યકરો પહોંચ્યા હતા. કાર્યકરોએ કોંગ્રેસ ઓફિસ ખાતે રાહુલ ગાંધીનાં પોસ્ટર ફાડી દીધાં હતાં. કેટલાંક પોસ્ટર પર કાળો સ્પ્રે માર્યો હતો. કોંગ્રેસના કાર્યાલયની દીવાલ કૂદીને અંદર ઘૂસ્યા હતા. આ અંગેના ફોટો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયા હતા. ભાજપના કાર્યકરો પાલડી ચાર રસ્તા ઓળંગી કોંગ્રેસ કાર્યાલયે તરફ આવી રહ્યા હતા, ત્યારે કોંગ્રેસના કાર્યકરો ઉશ્કેરાઈને સૂત્રોચ્ચાર સાથે પથ્થરમારો અને હાથમાં રહેલી લાકડીઓ ભાજપના કાર્યકરો પર છૂટી ફેંકી હતી, જેથી ભાજપના કાર્યકરો પણ નીચે પડેલા પથ્થર છૂટા ફેંકવા લાગ્યા હતા. આ દરમિયાન વચ્ચે ઊભેલા પોલીસ પર પણ પથ્થર પાડવા લાગ્યા હતા.

## ક્વૉલિટી ઓફ લાઇફ ત્યારે જ શક્ય છે જ્યારે લો એન્ડ ઓર્ડરમાં ક્વૉલિટી હોય : હર્ષ સંઘવી

### મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ અને પંચાયત તથા ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધાર રહ્યા ઉપસ્થિત

। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ક્વૉલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડીયા દ્વારા આયોજિત 'ગુજરાત ગુણવતા સંકલ્પ' કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. આ તકે અલગ અલગ વિષયો પર સત્ર યોજાયા હતા જેમાં વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંતો દ્વારા ચર્ચા કરાઈ હતી.

જે અંતર્ગત 'ક્વૉલિટી રોડમેપ' વિષય પર આયોજિત સત્રમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે આ વિષય પર સંવાદ કર્યો હતો. સાથે મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ અને પંચાયત તથા ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધાર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ આયોજન બદલ 'ક્વૉલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા' ને અભિનંદન આપ્યા હતા. મંત્રીશ્રીએ ઊંચે ને છેવાડાના લોકો સુધી પહોંચી ક્વૉલિટી બાબતે કરેલ કાર્યને બિરદાવ્યા હતા. વધુમાં તેમણે વિવિધ ક્ષેત્રો અને સરકારના વિવિધ વિષયો પર QCI ના યોગદાન વિશે વાત કરી હતી. શ્રી હર્ષ સંઘવીએ લૉ એન્ડ ઓર્ડર વિશે મહત્વપૂર્ણ વાત કરતાં કહ્યું હતું કે, ક્વૉલિટી ઓફ લાઈફ ત્યારે જ શક્ય છે જ્યારે લૉ એન્ડ ઓર્ડરમાં ક્વૉલિટી હોય.



શાંતિ, સુરક્ષા અને સલામતિની બાબતમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રાજ્ય છે. તેમણે મહિલાઓની સલામતિ અંગે વાત કરતા કહ્યું કે, રાજ્યમાં છેલ્લા ૮ દિવસમાં પોક્સો રેપ જેવા કેસના આરોપીઓ વિરૂદ્ધ પાંચ થી આઠ દિવસમાં ચાર્જશીટ દાખલ કરી પીડિતોને ન્યાય અપાવ્યો છે. ડ્રગ્સના દૂષણને ડામવા રાજ્ય સરકારે અસરકારક પગલાં લીધાં છે. આ મામલે વાત કરતાં તેમણે કહ્યું કે, સમગ્ર દેશમાં ડ્રગ્સ પકડવા મામલે ગુજરાત મોખરે છે.

ઓલિમ્પિક વિશે તેમણે ગૌરવભેર જણાવ્યું કે, ૨૦૩૬માં યોજાનાર ઓલિમ્પિકમાં ભારત કંડકટ કરશે. વધુમાં તેમણે જણાવ્યું કે, ગુજરાત દેશમાં સૌથી વિકસિત રાજ્ય છે.

રાજ્ય સરકારના કાર્ય વિશે વાત કરતાં તેમણે જણાવ્યું કે, વિજ્ઞાન અને પ્રકૃતિના સંગમ પર રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે.

### છ વિદ્યાર્થીઓની ટીમે તૈયાર કર્યો પ્રોટોટાઈપ રોબોટ

## પોલિટેકનિક કોલેજના વિદ્યાર્થીઓએ પ્રોટોટાઈપ રોબોટ તૈયાર કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

આપણે ત્યાં બાળક રમત-રમતા બોરવેલમાં પડી જવાના ઘણા કિસ્સાઓ સામે આવતા રહે છે. તાજેતરમાં પણ ગયા મહિને અમરેલીમાંથી આવો જ એક કિસ્સો સામે આવ્યો હતો, જેમાં દોઢ વર્ષની બાળકી રમતા રમતા બોરવેલમાં પડી ગઈ. આ બાળકીને બચાવવા માટે, બોરવેલમાંથી બહાર કાઢવા માટે કેટલાય પ્રયાસો કરવામાં આવ્યા, છતાં બાળકીને બચાવી શકાઈ નહીં. આ તો એક કિસ્સો થયો, આવા તો કેટલાય કિસ્સાઓ ભૂતકાળમાં સામે આવ્યા છે, જેમાં બોરવેલમાં પડીને બાળકોના મોત થયા છે. બોરવેલમાં પડીને ગુજરાતમાં વર્ષ ૨૦૧૮માં ૧૫ બાળકોના મોત, વર્ષ ૨૦૧૯માં ૧૦ બાળકોના મોત, ૨૦૨૦માં ૫ બાળકોના મોત, ૨૦૨૩માં ૧નું મોત થયું હોવાનું સામે આવ્યું છે. ત્યારે આવી આવી દુર્ઘટનાને ધ્યાનમાં લઈને અમદાવાદની સરકારી પોલિટેકનિક કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પ્રોટોટાઈપ રોબોટ તૈયાર કર્યો છે. અમદાવાદની સરકારી પોલિટેકનિકના વિદ્યાર્થીઓએ બોરવેલમાં પડેલા બાળકોને બચાવવા માટે રોબોટનો પ્રોટોટાઈપ તૈયાર કર્યો છે. કેમેરાથી સજ્જ આ રોબોટ સાંકડા બોરવેલમાં ફસાયેલા બાળકને શોધવા અને બચાવવામાં મદદ કરવા માટે માર્ગ મોકળો કરી શકે છે. તેમને આ પ્રોટોટાઈપ તૈયાર કરવાની પ્રેરણા બોરવેલમાં પડીને જીવ ગુમાવનારા બાળકો સાથે સંબંધિત મીડિયા રિપોર્ટ્સમાંથી મળી હતી. અમદાવાદની ગવર્મેન્ટ પોલિટેકનિકના આઈસી એન્જિનિયરિંગ વિભાગના વિદ્યાર્થીઓએ બોરવેલમાં ઉતારી શકાય તેવો એક રોબોટ તૈયાર કર્યો છે. આ રોબોટની આગળ લાગેલા કેમેરાની મદદથી બોરવેલમાં પડી ગયેલા બાળકની વિગતો જાણી શકાય છે. આ કમાલના રોબોટમાં લાગેલા સેન્સર બેડ કેમેરાની મદદથી સેકન્ડોમાં જ બાળક કેટલે ઊંડે સુધી ફસાયું છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨